RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

Date:- 18-07-2026 I VOL : 12 I Issue : 123 I Page : 8 I Price : 1.00/-

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

સપનાઓ જોવાની હિંમત રાખો, તેને પૂરાં કરવાની મહેનત પણ રાખો. ”

3




હેડિંગ: મોરબી ભાજપમાં મોટું ગાબડું: 500થી વધુ કાર્યકર્તાઓ સાથે વરિષ્ઠ આગેવાનો...

4



અનશન એ ફેશન નથી, સત્તાના સિંહાસનો હચમચાવતું પરમ...

6



અર્જુન કપૂરને પ્રપોઝ કરીને શરમાઈ ગઈ પેમેલા સેરેના

7



ઇંગ્લેન્ડે ભારતને 4 વિકેટથી હરાવ્યું: જો રૂટ 99 રન

## એક નજર...

### પ્રજ્ઞા જયસ્વાલે શોર્ટ્સમાં કેમેરા સામે આપ્યા કિલ્લર પોઝ



બોલીવુડ અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં પોતાની પ્રતિભા દર્શાવનારી અભિનેત્રી પ્રજ્ઞા જયસ્વાલ સોશિયલ મીડિયા પર પણ ખૂબ જ સક્રિય છે. અભિનેત્રી ઘણીવાર ઈન્સ્ટાગ્રામ પર ફોટા શેર કરીને ચાહકોને પ્રભાવિત કરે છે. તાજેતરમાં, પ્રજ્ઞાએ પોતાની ગ્લેમરસ તસવીરો પોસ્ટ કરી છે. પ્રજ્ઞાના આ ફોટા ચાહકોને ખૂબ જ પસંદ આવી રહ્યા છે.

## NEWS TRACK

### અમેરિકાના અનેક ફાઈટર જેટ્સ તોડી પાડ્યા! ઈરાનના દાવાથી સમગ્ર વિશ્વ ચોંક્યું

અમેરિકા-ઈરાનનું યુદ્ધ ભયાનક તબક્કે પહોંચી ગયું છે. બંને દેશો એકબીજા પર ભારે હુમલાઓ કરી રહ્યા છે. તાજેતરમાં અમેરિકાએ ઈરાનની રાજધાની તહેરાનમાં અનેક ઠેકાણાઓ પર હુમલાઓ કર્યા હતા. ત્યારે ઈરાને વળતો જવાબ આપીને જોર્ડનમાં તહેનાત અમેરિકન ફાઈટર જેટ પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કરીને તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો છે. આ હુમલામાં ઓછામાં ઓછા 8 લોકોના મોત થયા છે. ઈરાની સેનાએ દાવો કર્યો છે કે, તેણે અમેરિકાના ફાઈટર જેટ્સમાં ફ્યૂલ ભરનારા અનેક વિમાનો અને ફાઈટર જેટ્સને ધ્વસ્ત કરી દીધા છે. આ હુમલામાં અનેક લોકોને ગંભીર નુકસાન પહોંચ્યું હોવાનો પણ દાવો કર્યો છે. ઈરાને જોર્ડનની પ્રજાને વિનંતી કરી છે કે, તેઓ તેમના દેશમાં ઈસ્લામ વિરોધી અમેરિકન હિતોનો વિરોધ કરે. ઈરાની મીડિયા રિપોર્ટ મુજબ, ઈરાની સેનાએ કહ્યું કે, તેઓએ ઈરાનમાં ઈરાની સૈનિકોની હત્યાનો બદલો લેવા માટે સીરિયાના અલ-તનફમાં એક અમેરિકન કમાન્ડ સેન્ટર પર પણ હુમલો કર્યો હતો. જોકે આ દાવા પર હજુ સુધી પુષ્ટી થઈ નથી.

### કેનેડામાં હવે માતા-પિતાને નહીં મળે PR, PGP સ્પોન્સરશીપ બંધ; હવે 'સુપર વિઝા' એકમાત્ર વિકલ્પ

કેનેડામાં સ્થાયી થયેલા ભારતીયો સહિત લાખો પરમેનન્ટ રેસિડન્ટ્સ(PR ધારકો) અને નાગરિકો માટે ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. કેનેડા સરકારે ફેમિલી સ્પોન્સરશિપ હેઠળ ચાલતા લોકપ્રિય ‘પેરેન્ટ્સ ઍન્ડ ગ્રાન્ડપેરેન્ટ્સ પ્રોગ્રામ’(PGP)માં નવા અરજી ફોર્મ લેવાની પ્રક્રિયા પર હાલપૂરતી રોક લગાવી દીધી છે. ઈમિગ્રેશન વિભાગ(IRCC)ના જણાવ્યા અનુસાર, હવે આગામી આદેશ સુધી નવા ‘ઈન્ટરેસ્ટ ટુ સ્પોન્સર’(Interest to Sponsor) ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. કેનેડાના આ ફેમિલી રીયુનિફિકેશન પ્રોગ્રામમાં હંમેશા ઉપલબ્ધ બેઠકો કરતાં અરજીઓની સંખ્યા ઘણી વધારે રહેતી હોય છે. વર્ષ 2020માં જ્યારે છેલ્લીવાર નવા ફોર્મ મંગાવાયા હતા, ત્યારે સરકારને રૅકોર્ડબ્રેક 2,03,213 અરજીઓ મળી હતી. ત્યારથી અત્યાર સુધી દર વર્ષે તે જૂની અરજીઓમાંથી જ રેન્ડમલી(લોટરી સિસ્ટમ દ્વારા) ઉમેદવારોની પસંદગી કરવામાં આવતી હતી. હાલમાં પણ આ પ્રોગ્રામ હેઠળ 50,900 જેટલી અરજીઓ પ્રોસેસિંગ માટે પેન્ડિંગ છે.

### ગુજરાતને ધ્રુજાવવાનું પાકિસ્તાની ષડયંત્ર નાકામ

# જૈશ-એ-મોહમ્મદના વધુ 5 આતંકવાદીઓ ઝડપાયા




ગાંધીનગર

ગુજરાતને શતની આગમાં ધકેલવાના પાકિસ્તાની આકાઓના નાપાક મનસૂબા પર ગુજરાત એન્ટી ટેરરિસ્ટ સ્ક્વોડ (ATS) અને ગુજરાત પોલીસે ફરી એકવાર પાણી ફેરવી દીધું છે. રાજ્ય સુરક્ષા એજન્સીઓએ એક સંયુક્ત ઓપરેશનમાં પ્રતિબંધિત આતંકી સંગઠન ‘જૈશ-એ-મોહમ્મદ’ (JeM) સાથે જોડાયેલા વધુ 5 ખતરનાક આતંકવાદીઓની ધરપકડ કરીને દેશભરમાં સનસનાટી મચાવી દીધી છે. ગુજરાતને ટાર્ગેટ કરવા માટે આ આતંકીઓ અંડરગ્રાઉન્ડ રહીને મોટું ષડયંત્ર રચી રહ્યા હોવાની વિગતો સામે આવી છે. મળતી વિગતો અનુસાર, થોડા સમય પહેલાં જ સેન્ટ્રલ એજન્સીઓ અને ગુજરાત ATS દ્વારા આ મોડ્યુલના 8 આતંકવાદીઓને દબોચી લેવામાં આવ્યા હતા. આ પકડાયેલા આતંકીઓની આકરી પૂછપરછમાં ચોંકાવનારી કડીઓ સામે આવી હતી. આજે ઝડપાયેલા આ વધુ 5 કટ્ટરપંથીઓ પેલા 8 આતંકીઓ સાથે સીધા સંપર્કમાં હતા. એટલું જ નહીં, આ તમામ નરાધમો ભેગા મળીને ગુજરાતના જ કોઈ અવાવરું અને ગુપ્ત લોકેશન પર મોટા પાયે વિસ્ફોટકો (Explosives)નું લાઈવ પરીક્ષણ એટલે કે ટેસ્ટિંગ કરી રહ્યા હોવાનો ભયાનક ખુલાસો થયો છે! સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાનમાં બેઠેલા જૈશ-એ-મોહમ્મદના હેન્ડલર્સ આ યુવકોને સોશિયલ મીડિયા અને એન્ક્રિપ્ટેડ એપ્સ દ્વારા ઓપરેટ કરતા હતા.

# 'વંદે માતરમ્' ગાતા અટકાવશો તો થશે 3 વર્ષની જેલ!

### ચોમાસું સત્રમાં મોદી સરકાર લાવવા જઈ રહી છે નવો કાયદો

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ્'ના સન્માનને લઈને મોટો નિર્ણય લેવાની તૈયારીમાં છે. સંસદના ચોમાસુ સત્રમાં સરકાર એક નવું બિલ રજૂ કરશે, જેમાં રાષ્ટ્રીય ગીત ગાતા અટકાવનાર વ્યક્તિને 3 વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ હશે. અત્યાર સુધી આ નિયમ માત્ર રાષ્ટ્રગાન 'જન-ગણ-મન' માટે જ લાગુ હતો, જે હવે રાષ્ટ્રીય ગીત માટે પણ અમલી બનશે. તાજેતરમાં જ કેન્દ્રીય કેબિનેટ દ્વારા આ બિલને મંજૂરી આપવામાં આવી છે. આ નવા ખરડા મુજબ, 'જો કોઈ વ્યક્તિ જાણીજોઈને રાષ્ટ્રગાન કે રાષ્ટ્રીય ગીત ગવાતું અટકાવશે, તેમાં અડચણ ઊભી કરશે અથવા આવી સભામાં હંગામો મચાવશે, તો તેને 3 વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.' કેન્દ્ર સરકાર આ બિલને રાજ્યસભામાં રજૂ કરશે. આ પહેલા મોદી સરકાર તમામ સરકારી કાર્યક્રમોમાં વંદે માતરમ્ ગાવું ફરજિયાત કરી ચૂકી છે.

# NEET-UG 2026નું પરિણામ જાહેર, 11.21 લાખ વિદ્યાર્થી પાસ

### 138 વિદ્યાર્થીઓને 690+ માર્ક્સ, પંજાબ-હરિયાણાના બે વિદ્યાર્થીઓએ ટોપ કર્યું

નવી દિલ્હી

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ ગુરુવારે NEET-UG 2026 નું પરિણામ જાહેર કર્યું છે. આ વર્ષે દેશ અને વિદેશના 551 શહેરોના 5,440 પરીક્ષા કેન્દ્રો પર લગભગ 20 લાખ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાંથી 11.21 લાખ વિદ્યાર્થીઓ મેડિકલ, ડેન્ટલ, આયુષ અને અન્ય સ્નાતક મેડિકલ કોર્સ માટે ક્વોલિફાય થયા છે. સફળ ઉમેદવારોમાં 58%થી વધુ વિદ્યાર્થિનીઓ છે. 8 રાજ્યોના 17 સ્ટેટ ટોપર્સે 700 કે તેથી વધુ ગુણ મેળવ્યા છે. જ્યારે, ઉત્તર પ્રદેશમાંથી સૌથી વધુ 1.7 લાખથી વધુ ઉમેદવારો સફળ થયા, જ્યારે લક્ષદ્વીપમાંથી સૌથી ઓછા 43 ઉમેદવારો ક્વોલિફાય થઈ શક્યા. આ વર્ષે 138 ઉમેદવારોએ 720માંથી 690થી વધુ ગુણ મેળવ્યા. તેમાંથી 93%થી વધુ ઉમેદવારો પ્રથમ વખત પરીક્ષા આપનારા હતા, જ્યારે 99% ટોચના રેન્કર્સની ઉંમર 17થી 19 વર્ષની વચ્ચે છે. NEET પરીક્ષા 13 ભાષાઓમાં આયોજિત કરવામાં આવી હતી અને દેશના તમામ 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના ઉમેદવારો તેમાં સામેલ થયા હતા. પેપર લીક થયા બાદ સરકારે NEET પરીક્ષામાં મોટો ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. 2027થી NEET-UG કમ્પ્યુટર બેઝ્ડ ટેસ્ટ (CBT) એટલે કે ઓનલાઈન મોડમાં યોજાશે. હાલમાં પરીક્ષા ઓફલાઈન (પેન-એન્ડ-પેપર) મોડમાં થાય છે. નવી વ્યવસ્થામાં વિદ્યાર્થીઓ કમ્પ્યુટર પર પ્રશ્નો હલ કરશે. જોકે, અભ્યાસક્રમ, પ્રશ્નોની સંખ્યા, વિષય અને માર્કિંગ સ્કીમમાં કોઈ ફેરફાર થશે નહીં. ઉમેદવારોને ઓનલાઈન પરીક્ષા માટે અગાઉથી મોક ટેસ્ટ અને ડેમોની સુવિધા પણ આપવામાં આવશે, જેથી તેઓ નવી સિસ્ટમ અનુસાર તૈયારી કરી શકે.

# હરિયાણામાં ભારતની પ્રથમ હાઇડ્રોજન ટ્રેન દોડી

### જીંદથી સોનીપત વચ્ચેનો 89kmનો રૂટ; PMએ કહ્યું- આ દુનિયાની સૌથી લાંબી અને શક્તિશાળી ટ્રેન

સોનીપત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનને લીલી ઝંડી આપીને રવાના કરી. આ ટ્રેન હરિયાણાના જીંદથી સોનીપત જશે. આ સાથે જ હાઈડ્રોજન ફ્યુઅલથી ચાલતી ટ્રેન શરૂ કરનાર ભારત વિશ્વનો પાંચમો દેશ બની ગયો છે. આ પહેલા જર્મની, ફ્રાન્સ, સ્વીડન અને ચીનમાં જ હાઈડ્રોજન ટ્રેનો ચાલી રહી છે. વડાપ્રધાન મોદીએ કહ્યું, જીંદ અને સોનીપત વચ્ચે દોડતી આ ટ્રેન દુનિયાની સૌથી લાંબી અને શક્તિશાળી હાઈડ્રોજન ટ્રેન છે. તેને ભારતીય એન્જિનિયરો દ્વારા ડિઝાઈન કરવામાં આવી છે અને ભારતીય કંપની દ્વારા બનાવવામાં આવી છે. પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યું-



હરિયાણા વિકાસના પાટા પર દોડી રહ્યું છે. આજે હરિયાણાનું નામ ઈતિહાસના પેજમાં લખાઈ ગયું. આજે હરિયાણામાં દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન દોડી છે.

વડાપ્રધાન સાથે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી નાયબ સૈની અને રાજ્યપાલ પ્રો. અસીમ ઘોષ પણ હાજર છે. આ રૂટ પર 89 કિમીનું અંતર 2 કલાકમાં કપાશે. 10 કોચવાળી આ ટ્રેન આ રૂટ પર 14 સ્ટેશનો વચ્ચે મહત્તમ 75 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે. ભાડું 5 થી 25 રૂપિયાની વચ્ચે હશે. પીએમ મોદીએ જીંદમાં એલિવેટેડ રેલવે ટ્રેક, બે મેડિકલ કોલેજો સહિત 9 પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું હતું.

# કરજણ ભાજપમાં સડો: હજારો યુવાનોની બેરોજગારીની ચિતા પર કરોડપતિ બનેલા જયદીપસિંહ ચૌહાણ સામે બામણ ગામ અને ખેડૂતોનો આરપારનો જંગ!

## ‘પોતાના જ ગામના દીકરાઓને રસ્તા પર લાવી નેતાજીએ આચર્યું કરોડોનું ભંગાર કૌભાંડ’ – એપીએમસી ચૂંટણીમાં દાવેદારી મુદ્દે ભાજપની ‘એક વ્યક્તિ, એક પદ’ની નીતિના લીરેલીરા ઉડ્યા, વિધાનસભામાં કમળ કાપવાની ખેડૂતોની ખુલ્લી ચીમકી

ખાસ પ્રતિનિધિ, કરજણ/વડોદરા:

વડોદરા જિલ્લા ભાજપ સંગઠન અને કરજણ તાલુકાના રાજકારણમાં અત્યારે ભારે વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ છે. નેતાઓની કથની અને કરણી વચ્ચેનો તફાવત જ્યારે પ્રજાની રોજીરોટી છીનવી લે છે, ત્યારે કેવો જનઆક્રોશ ફાટી નીકળે છે તેનો જીવતો-જાગતો પુરાવો કરજણના બામણ ગામમાં જોવા મળી રહ્યો છે. હાઈવે નંબર 48 પર પોર પાસે આવેલી પ્રતિષ્ઠિત મોર્ડન કંપની બંધ થવા પાછળના રહસ્યો અને તેમાં વડોદરા જિલ્લા ભાજપના મહામંત્રી તેમજ કરજણ એપીએમસીના ચેરમેન જયદીપસિંહ ચૌહાણની કથિત કાળા કારનામાની ભૂમિકા હવે ચોરે ને ચૌટે ચર્ચાનો વિષય બની છે.

### મોર્ડન કંપનીનું પતન: હજારો પરિવારો રોડ પર, નેતાજીના ઘરમાં લક્ષ્મીજીની કૃપા!

મળતી સનસનાટીપૂર્ણ વિગતો મુજબ, પોર પાસે આવેલી મોર્ડન કંપની જ્યારે ચાલુ હતી ત્યારે કરજણ તાલુકાના, અને ખાસ કરીને મૂળ વતની એવા બામણ ગામના સેંકડો સ્થાનિક યુવાનો માટે આજીવિકાનું એકમાત્ર સાધન હતી. જયદીપસિંહ ચૌહાણ આ કંપનીમાં H.R. (હ્યુમન રિસોર્સ) મેનેજર તરીકે ઉચ્ચ હોદ્દા પર કાર્યરત હતા. સ્થાનિકોનો ગંભીર આક્ષેપ છે કે, પોતાના જ ગામના યુવાનોના હિતોનું રક્ષણ કરવાને બદલે, સત્તા અને પદનો દુરુપયોગ કરીને કંપનીને પદ્ધતિસર બંધ કરાવવાની ગતિવિધિઓ થઈ.

કંપની બંધ થઈ તે ગાળા દરમિયાન અંદરખાને કરોડો રૂપિયાનું સ્ક્રેપ (કંપનીનો કિંમતી ભંગાર અને મશીનરી) ગેરકાયદેસર રીતે વેચી મારવાનું એક બહુ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. પરિણામે:

જનતાની સ્થિતિ: હજારો ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોના દીકરાઓ રાતોરાત બેરોજગાર થઈ ગયા, ચૂલા સળગવા મુશ્કેલ બન્યા.

નેતાજીની સ્થિતિ: કંપની ડૂબી ગઈ પરંતુ એચ.આર. મેનેજર તરીકે જયદીપસિંહ ચૌહાણ રાતોરાત કરોડોપતિઓની યાદીમાં સામેલ થઈ ગયા.

આ જ દગાબાજીના કારણે અગાઉ પણ બામણ ગામના આક્રોશિત યુવાનો અને ગ્રામજનોએ નેતાજીના ઘરની બહાર અને જાહેર રસ્તાઓ પર ઉગ્ર હોબાળો મચાવ્યો હતો અને જયદીપસિંહ ચૌહાણ વિરુદ્ધ જોરદાર સૂત્રોચ્ચાર કરીને પોતાનો રોષ ઠાલવ્યો હતો.

### ભાજપનું ‘વોશિંગ મશીન’ અને બેવડા હોદ્દાનું રહસ્ય

કરજણ તાલુકાની જનતા અને જાગૃત નાગરિકો હવે સીધા ભાજપના પ્રદેશ નેતૃત્વ સામે સવાલોના તીર છોડી રહ્યા છે. ભાજપ સ્ટેજ પરથી મોટે-મોટેથી બૂમો પાડીને ‘એક વ્યક્તિ, એક પદ’ ના શિસ્તના પાઠ ભણાવે છે, તો પછી જયદીપસિંહ ચૌહાણના કિસ્સામાં આ નિયમો ક્યાં ગાયબ થઈ જાય છે?

1. હોદ્દો ૧: વડોદરા જિલ્લા ભાજપ સંગઠનના મહામંત્રી.

2. હોદ્દો ૨: કરજણ એપીએમસી (APMC) ના વર્તમાન ચેરમેન.

એક જ વ્યક્તિ પાસે બબ્બે સત્તાવાર પાવર કઈ રીતે હોઈ શકે? પ્રજા પૂછી રહી છે કે, શું ભાજપમાં કોઈ કૌભાંડી જોડાય એટલે ભાજપની ‘વોશિંગ મશીન’ નીતિ હેઠળ તેના બધા જ પાપ અને કૌભાંડો ધોવાઈ જાય છે? શું વડોદરા ભાજપ પાસે કોઈ સ્વચ્છ, પ્રમાણિક અને લોકપ્રિય ઉમેદવાર જ નથી બચ્યો કે વારંવાર પ્રજાના રોષનો ભોગ બનેલા અને વિવાદાસ્પદ નેતાઓને જ મહત્વની ટિકિટો અને હોદ્દાઓ પધરાવવામાં આવે છે?

### ખેડૂતોની લાલ આંખ: ‘બેદાગ ઉમેદવાર લાવો, નહીંતર કમળ ગાયબ!’

હાલમાં કરજણ એપીએમસી (APMC) ની ચૂંટણીનો માહોલ ગરમ છે. કરોડોના કૌભાંડના આક્ષેપો છતાં જયદીપસિંહ ચૌહાણે ફરી એકવાર ચેરમેન પદ માટે પોતાની દાવેદારી નોંધાવતા જ ખેડૂતોનો પિત્તો ગયો છે. ખેડૂતોની સંસ્થા ગણાતી એપીએમસીમાં કોઈ વેપારી માનસિકતાવાળા કે કંપનીના ભંગાર ચોરની દાવેદારી ખેડૂતો સહન કરવા તૈયાર નથી.

કરજણ તાલુકાના તમામ નાના-મોટા ખેડૂતોએ એકસૂરે ભેગા મળીને ભાજપ હાઈકમાન્ડને અલ્ટીમેટમ આપ્યું છે કે, એપીએમસીની ચૂંટણીમાં માત્ર અને માત્ર કોઈ સાચા, ધરતીપુત્ર અને બેદાગ છબી ધરાવતા ખેડૂતને જ ટિકિટ મળવી જોઈએ. જો ભાજપે સત્તાના નશામાં અંધ બનીને જનતા અને ખેડૂતોની આ માંગણી નકારી અને ફરીથી દલબદલુ કે કૌભાંડી નેતા પર પસંદગીનો કળશ ઢોળ્યો, તો આગામી દિવસોમાં આવનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીમાં કરજણ-સિનોર બેઠક પર ભાજપનો સદંતર અને ઉગ્ર બહિષ્કાર કરવામાં આવશે.

### પાક્કો ગુજરાતનો આખરી સૂર

પ્રજા હવે ગાડરિયો પ્રવાહ નથી રહી. સત્તાના જોરે હજારોના પેટ પર લાત મારનારા અને પોતાના જ ગામના યુવાનો સાથે દગો કરનારા નેતાઓને ઘરભેગા કરવા માટે કરજણની જનતાએ મનોમન રણશિંગું ફૂંકી દીધું છે. હવે જોવાનું એ રહેશે કે ભાજપ સંગઠન જાગે છે કે પછી પોતાના જ કૌભાંડી નેતાના મોહમાં ડૂબીને મોટું રાજકીય નુકસાન વહોરે છે!

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

## સુરતના નાસીરનગર ડિમોલિશન પાછળ 'વોટ્સએપ ચેટ'નું રહસ્ય, મ્યુનિ. કમિશનરે આપ્યા હતા આદેશ!

સુરત

સુરતના ચકચારી નાસીરનગર ડિમોલિશન એટલે કે 'ઘોસ્ટ ડિમોલિશન' મામલે એક સનસનાટીપૂર્ણ ખુલાસો સામે આવ્યો છે. સોશિયલ મીડિયા અને વહીવટી ગલિયારાઓમાં વાયરલ થયેલી એક વોટ્સએપ ચેટના લીધે સુરત મહાનગરપાલિકા (SMC) ના ઉચ્ચ અધિકારીઓ શંકાના દાયરામાં આવી ગયા છે. આ એક્સક્લૂસિવ ખુલાસાએ સાબિત કરી દીધું છે કે, નાસીરનગરમાં થયેલા ડિમોલિશન પાછળ કોઈ સામાન્ય ભૂલ નહીં, પરંતુ સીધા મ્યુનિસિપલ કમિશનર સ્તરથી આદેશ છૂટ્યા હતા! મળતી વિગતો મુજબ, સુરત મ્યુનિસિપલ કમિશનરની એક કથિત વોટ્સએપ ચેટ સામે આવી છે, જેમાં તેમણે નાસીરનગરના ડિમોલિશન માટે સ્પષ્ટ સૂચના આપી હતી. ચેટના સ્ક્રીનશોટમાં કમિશનરે સખત શબ્દોમાં આદેશ આપતા લખ્યું છે કે, 'આ કામ વહેલી તકે કરો'. આ મેસેજ વાયરલ થતા જ પાલિકાના તંત્રમાં દોડધામ મચી ગઈ છે અને અત્યાર સુધી પડદા પાછળ રહીને રમત રમી રહેલા અધિકારીઓના ચહેરા બેનકાબ થઈ રહ્યા છે. આ આખા કૌભાંડમાં સૌથી મોટો અને રહસ્યમય સવાલ એ ઊભો થયો છે કે, તત્કાલીન ડેપ્યુટી કમિશનર નાગરાજનને આ મેસેજ કોણે ફોરવર્ડ કર્યો હતો?

## સાવધાન ગુજરાત! રેડ બુલ અને સ્ટિંગ જેવા એનર્જી ડ્રિંક્સના નામે યુવાધનને પીરસાઈ રહ્યું છે 'ધીમું ઝેર'?

અમદાવાદ

સ્ટાઈલ, સ્ટેટસ અને ઈન્સ્ટન્ટ એનર્જીના નામે આજકાલના યુવાનો અને નાના બાળકો જે એનર્જી ડ્રિંક્સ ગટગટાવી રહ્યા છે, તે ખરેખર એનર્જી આપે છે કે પછી સીધા મોતના મુખ તરફ ધકેલે છે? આ એક એવો સળગતો સવાલ છે જેણે દેશભરમાં ખળભળાટ મચાવી દીધો છે. રાજસ્થાન સરકારે મોટો નિર્ણય લઈને રેડ બુલ (Red Bull) અને સ્ટિંગ (Sting) સહિત ૮ જેટલા પ્રખ્યાત એનર્જી ડ્રિંક્સ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દીધો છે, જ્યારે મહારાષ્ટ્ર સરકારે શાળાઓની આસપાસ તેના વેચાણ પર કડક રોક લગાવી દીધી છે. ત્યારે હવે સૌથી મોટો સવાલ એ ઉઠે છે કે, શું વાઈબ્રન્ટ ગુજરાત પણ પોતાના યુવાનોના સ્વાસ્થ્યની રક્ષા માટે આ બ્રાન્ડ્સ પર પ્રતિબંધ મુકશે? હેલ્થ એક્સપર્ટો અને હૃદયરોગના નિષ્ણાતોએ આ બાબતે અત્યંત ભયાનક ખુલાસા કર્યા છે. આ એનર્જી ડ્રિંક્સમાં કેફીન (Caffeine) અને ખાંડની માત્રા સામાન્ય લિમિટ કરતાં અનેક ગણી વધારે હોય છે. જ્યારે કોઈ બાળક કે યુવાન આ ડ્રિંક્સ સતત પીવે છે, ત્યારે તેના હૃદયના ધબકારા અસાધારણ રીતે વધી જાય છે, બ્લડ પ્રેશર હાઈ થઈ જાય છે અને ઊંઘ ન આવવાની ગંભીર બીમારીઓ ઘર કરી જાય છે. આજકાલ યુવાનોમાં જે રીતે નાની ઉંમરે હાર્ટ એટેકના કેસો વધી રહ્યા છે, તેની પાછળ ક્યાંક ને ક્યાંક આવા કેમિકલયુક્ત ડ્રિંક્સ જવાબદાર હોવાનું નિષ્ણાતો સ્પષ્ટ માની રહ્યા છે. દુકાનો અને સુપરમાર્કેટમાં તંબાકુ અને દારૂ પર તો નિયમો છે, પણ એનર્જી ડ્રિંક્સના નામે આ ઝેર ૧૦-૧૨ વર્ષના બાળકો પણ ૧૦ કે ૨૦ રૂપિયામાં આસાનીથી ખરીદી રહ્યા છે. સોશિયલ મીડિયાની જાહેરાતો જોઈને અંજાઈ ગયેલી આજની પેઢીને ખબર જ નથી કે તેઓ એનર્જી નહીં, પણ હાર્ટ ફેલિયર અને ઓબેસિટી (મોટાપો)નું લાઈસન્સ ખરીદી રહ્યા છે.

## ભગવાનના ઘરે પણ છેતરપિંડી? દ્વારકામાં VIP દર્શન માટે અશોક સ્તંભવાળું 'બોગસ ID' વાપરનારો ઝડપાયો, પોલીસે કાયદાનું ભાન કરાવ્યું!

દ્વારકા

જ્યાં કણ-કણમાં દ્વારકાધીશ વસે છે અને જ્યાં લાખો ભક્તો કલાકો સુધી લાઈનમાં ઊભા રહીને કાળિયા ઠાકોરની એક ઝલક મેળવવા તરસતા હોય છે, ત્યાં જ સત્તાનો ખોટો રૌફ જમાવીને શોર્ટકટ અપનાવનારા એક લેભાગુ તત્વનો પર્દાફાશ થયો છે. જગત મંદિર દ્વારકામાં VIP દર્શનનો લાભ ખાટવા માટે ભારત સરકારના પ્રતીક એવા 'અશોક સ્તંભ' વાળું નકલી ઓળખપત્ર (Bogus ID) વાપરનાર શખ્સ સામે પોલીસે સકંજો કસ્યો છે. દ્વારકા પોલીસે આ મામલે ગુનો નોંધીને કાયદાના એવા સપાટા બોલાવ્યા છે કે નકલી બાબુ બનીને ફરનારાઓના ટાંટિયા ધ્રૂજી ગયા છે. મળતી વિગતો અનુસાર, પવિત્ર યાત્રાધામ દ્વારકામાં સુરક્ષા વ્યવસ્થા અને પ્રોટોકોલ ખૂબ જ કડક હોય છે. તેવામાં એક શખ્સે સામાન્ય લાઈનમાં ઊભા રહેવાના બદલે સીધી VIP એન્ટ્રી મેળવવા માટે વહીવટી તંત્ર અને સુરક્ષાકર્મીઓ સામે લાલ આંખ કરવાનો પ્રયાસ કર્યો હતો. આ શખ્સે પોતાની જાતને કોઈ મોટા સરકારી અધિકારી તરીકે ખપાવવા માટે 'અશોક સ્તંભ'ની છાપવાળું એક હાઈ-પ્રોફાઈલ ઓળખપત્ર રજૂ કર્યું હતું. પરંતુ ડ્યૂટી પર તૈનાત સતર્ક કર્મચારીઓને આ આઈડી કાર્ડ જોઈને શંકા ગઈ હતી.

## વડોદરામાં કૌટુંબિક કંકાસનો કરુણ અંજામ: પત્નીના ઝઘડાથી કંટાળી યુવકે આપઘાતનો કર્યો પ્રયાસ

વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાંથી એક કાળજું કંપાવી દે તેવી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. ઘરકંકાસ અને પત્ની સાથેના રોજબરોજના ઝઘડાથી કંટાળી ગયેલા એક પરિણીત યુવકે કાયરતાપૂર્ણ પગલું ભરીને પોતાની જ જિંદગી ટૂંકાવવાનો ભયાનક પ્રયાસ કર્યો છે. યુવકે કોઈ અગમ્ય કારણોસર લાવેલા હથિયારથી સીધું પોતાના માથાના ભાગે ફાયરિંગ કરી દેતાં સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હાલ લોહીલુહાણ હાલતમાં યુવકને હોસ્પિટલ ખસેડાયો છે, જ્યાં તે જિંદગી અને મરણ વચ્ચે જોલા ખાઈ રહ્યો છે. વડોદરાના સ્થાનિક વિસ્તારમાં રહેતા આ યુવકનું છેલ્લા કેટલાક સમયથી તેની પત્ની સાથે કોઈને કોઈ બાબતે ઘર્ષણ ચાલી રહ્યું હતું. આ કૌટુંબિક વિવાદ એટલી હદે વણસ્યો કે યુવક ગંભીર માનસિક તણાવમાં સરી પડ્યો હતો. ગત રાત્રે ફરી એકવાર બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને આવેશમાં આવીને યુવકે ઘરમાં જ બંદૂક કાઢી પોતાના પર ગોળી ચલાવી દીધી હતી. ગોળીનો અવાજ સાંભળતા જ આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને લોહીના ખાબોચિયામાં પડેલા યુવકને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં એડમિટ કરવામાં આવ્યો છે.

### ગંધારા શુગરથી લઈ બરોડા ડેરી સુધી ભ્રષ્ટાચારનો અજગર!

# કોટન ખરીદીમાં ખેડૂતોની લૂંટ અને કરોડોના કૌભાંડોના બેતાજ બાદશાહ સતીશ પટેલની કાળી કુંડળી

## 'ખેડૂતોના ટ્રેક્ટર પાછા કાઢી મડતિયા વેપારીઓ સાથે સરકારી સેટિંગનો ખેલ' – રેતી-માટી ખનનથી અબજોની મિલકતો વસાવનાર નેતાના પક્ષપલટા અને કરોડોના ફંડિંગના ખેલથી સંગઠનમાં ભડકો

વડોદરા, ખાસ પ્રતિનિધિ

વડોદરા જિલ્લાના સહકારી અને રાજકીય ગલિયારાઓમાં અત્યારે ભ્રષ્ટાચારની એક એવી લહેર ઉઠી છે જેણે ગરીબ ખેડૂતો અને પશુપાલકોની કમર તોડી નાખી છે. કોટન પૂર્વ વિભાગના ચેરમેન સતીશ પટેલની ગતિવિધિઓ અને તેમના કથિત કરોડો રૂપિયાના કૌભાંડોના કારનામા હવે સોશિયલ મીડિયાથી લઈને સામાન્ય જનતા વચ્ચે ભારે આક્રોશનો વિષય બન્યા છે. દિવસ-રાત એક કરીને લોહી-પરસેવો વહાવતા ધરતીપુત્રોની કમાણી પર આવા નેતાઓ કઈ રીતે આખું સામ્રાજ્ય ઊભું કરી રહ્યા છે, તેનો પર્દાફાશ થયો છે.

### કપાસની ખરીદીમાં મોટું સેટિંગ: ખેડૂત ગરીબ અને વેપારી ન્યાલ!

કોટન પૂર્વ વિભાગમાં સતીશ પટેલની સત્તા હેઠળ ખેડૂતો સાથે બહુ મોટી છેતરપિંડી થઈ રહી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે. જ્યારે ગરીબ ખેડૂતો પોતાની કપાસની ઉપજ વેચવા માટે ખરીદ કેન્દ્રો પર આવે છે, ત્યારે સતીશ પટેલના ઈશારે તેમના માલમાં ખોટી ખામીઓ અને નુકસાની કાઢીને ટ્રેક્ટરો પાછા મોકલી દેવામાં આવે છે. લાચાર ખેડૂત ભાડાના અને માલ બગડવાના ડરથી અંતે તે કપાસ સ્થાનિક વેપારીઓને એકદમ સસ્તા ભાવે વેચવા મજબૂર બને છે. ત્યારબાદ અસલી ખેલ શરૂ થાય છે! સતીશ પટેલના મડતિયા વેપારીઓ એ જ સસ્તો કપાસ ખરીદીને સતીશ પટેલ સાથે અંદરખાને મોટું સેટિંગ કરે છે અને તે જ માલ ઊંચા સરકારી ભાવે સરકારમાં જમા કરાવીને કરોડો રૂપિયાનો નફો રળી લે છે.

### ગંધારા શુગર મિલથી બરોડા ડેરી સુધી કૌભાંડોની વણઝાર

સતીશ પટેલનો ભ્રષ્ટાચાર માત્ર કોટન પૂરતો સીમિત નથી. ગંધારા શુગર મિલના ૨૫ કરોડ રૂપિયા ઓહિયા કરી ગયા પછી પણ આ નેતાની ભૂખ સંતોષાઈ નથી.



સતીશ પટેલ

બરોડા ડેરીમાં પણ મોટા પાયે કૌભાંડો આચરીને ડેરીને ઘરની પેઢી બનાવી દીધી હોવાના આક્ષેપો છે. ડેરીના નિયમોને નેવે મૂકીને પોતાના સગા-સંબંધીઓ, પરિચિતો અને મડતિયાઓને વગના જોરે નોકરી પર રાખી લેવામાં આવ્યા છે, જેના કારણે લાયક યુવાનો વંચિત રહી ગયા છે. ધરતીપુત્રોના હિતોનું રક્ષણ કરવાને બદલે સતત ખેડૂત વિરોધી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

### કરોડોનું ફંડિંગ, ટિકિટ ન મળી તો પક્ષપલટો અને કરોડોનું ખનન કૌભાંડ

સૂત્રો દ્વારા મળતી અત્યંત વિસ્ફોટક માહિતી મુજબ, અગાઉ વડોદરા જિલ્લાના સંગઠનમાં અને બરોડા ડેરીના મલાઈદાર પદ પર ટકી રહેવા માટે ભાજપના એક મોટા નેતાને કરોડો રૂપિયાનું આંધળું ફંડિંગ આપવામાં આવ્યું હતું. જોકે, આટલા ફંડિંગ પછી પણ જ્યારે ભાજપમાંથી વિધાનસભાની ટિકિટ ન મળી, ત્યારે સતીશ પટેલ તાત્કાલિક કોંગ્રેસના શરણે પહોંચી ગયા હતા. આજે પણ તેઓ પડદા પાછળ રહીને ભાજપ વિરુદ્ધ પ્રચાર કરી રહ્યા હોવાની ચર્ચા છે. એટલું જ નહીં, ધારાસભ્ય પદ પર હતા ત્યારે પણ પોતાના વિસ્તારમાં ગેરકાયદેસર રેતી ખનન અને માટી ખનન કરાવીને કરોડો રૂપિયાની કાળી કમાણી કરી હોવાના અને અબજો રૂપિયાની બેનામી મિલકતો વસાવી હોવાના ગંભીર આક્ષેપો છે.

### પાક્કો ગુજરાતનો આકરો સવાલ: ભાજપ સરકાર જનતાને શું મેસેજ આપવા માંગે છે?

જે નેતા ગરીબ ખેડૂતોના મોંમાંથી કોળિયો છીનવી લેતો હોય, સહકારી સંસ્થાઓને લૂંટતો હોય અને સત્તા માટે ગમે ત્યારે રંગ બદલતો હોય, તેવા ભ્રષ્ટાચારના આકા જેવા નેતાને જિલ્લાના પ્રમુખ પદો કે સહકારી હોદ્દાઓ પર ચાલુ રાખીને ભાજપ સરકાર જનતામાં શું સંદેશ આપવા માંગે છે? શું ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સની વાતો માત્ર કાગળ પર જ છે? વડોદરા જિલ્લાના ખેડૂતો હવે આરપારના મૂડમાં છે અને જો આવા નેતાઓ સામે તાત્કાલિક કડક કાયદાકીય તપાસ નહીં થાય, તો આગામી સમયમાં જનતા જ તેનો કરારો જવાબ આપશે.

### આંકલાવ તાલુકાના અંબાલી ગામના માર્ગે

# CM ભુપેન્દ્ર પટેલે તેમની ગાડી થોભાવી બાળકો અને ગ્રામજનો સાથે કરી મુલાકાત

## નિખાલસ સ્મિત, આત્મીય સંવાદ અને વડીલ જેવી વહાલપ CMએ કર્યો આણંદના અંબાલીના ગ્રામ્યજનો સાથે હૃદયસ્પર્શી વાર્તાલાપ....!

આકલાવ, અરવિંદસિંહ પઢિયાર

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વડોદરા ખાતેના કાર્યક્રમ બાદ ગાંધીનગર પરત જઈ રહ્યા હતા. તે સમયે મુખ્યમંત્રી જ્યારે આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના અંબાલી ગામ પાસેથી પસાર થઈ રહ્યાં હતાં, ત્યારે એક હૃદયસ્પર્શી દ્રશ્ય સર્જાયું હતું. શાળા છૂટ્યા બાદ યુનિફોર્મ પહેરીને ઊભેલા માસૂમ બાળકો અને સ્થાનિક ગ્રામજનો મુખ્યમંત્રીની એક ઝલક મેળવવા આતુરતાથી માર્ગની બાજુમાં ઊભા હતા. તે સમયે મુખ્યમંત્રીની નજર આ બાળકો અને ગ્રામજનો પર પડી, તેમણે ક્ષણનોય વિલંબ કર્યા વિના તેમની ગાડી તાત્કાલિક ઉભી રખાવી હતી. મુખ્યમંત્રીએ પ્રોટોકોલની તમામ મર્યાદાઓ બાજુ પર મૂકીને



પોતાની ગાડીમાંથી નીચે ઉતર્યા અને સીધા જ બાળકો તરફ આગળ વધ્યા. ગામડાના ધૂળિયા માર્ગ પર ગુજરાતના શાસકને પોતાની વચ્ચે જોઈને બાળકોના ચહેરા આશ્ચર્ય અને ખુશીથી ખીલી ઉઠ્યા હતા. મુખ્યમંત્રીએ કોઈ પણ ઔપચારિકતા વિના બાળકો સાથે બાલ સહજ ભાષામાં સંવાદ કરીને 'કઈ સ્કૂલમાં ભણો છો?', 'શું અભ્યાસ કરો છો?' જેવા વહાલભર્યા પ્રશ્નો પૂછીને તેમણે બાળકોની પીઠ થાબડી હતી અને તેમને ભણીને જીવનમાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કર્યા હતા. આ મુલાકાત માત્ર ઔપચારિક નહોતી, પરંતુ એક વડીલના પોતાના સંતાનો પ્રત્યેના સ્નેહની અનુભૂતિ કરાવતી હતી. બાળકો બાદ મુખ્યમંત્રીએ ત્યાં ઉપસ્થિત ગ્રામજનો સાથે પણ ખૂબ જ આત્મીયતાપૂર્વક સંવાદ કર્યો હતો. 'ગામમાં કોઈ તકલીફ તો નથી ને?' તેવી પૃચ્છા કરીને તેમણે વહીવટીતંત્ર પ્રત્યે પ્રજાના વિશ્વાસને વધુ મજબૂત કર્યો હતો.

આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીની નજર નજીકના ઘરમાં કાર્યરત ગોબરગેસ પ્લાન્ટ પર પડી હતી. તેમણે તુરંત જ પ્લાન્ટના માલિક વિઠ્ઠલભાઈ પરમાર પાસે જઈને તેમની સાથે ગોબરગેસ પ્લાન્ટના વપરાશ, તેનાથી થતા ફાયદા અને આ પ્લાન્ટ કેટલા સમયથી કાર્યરત છે તે અંગે ઊંડાણપૂર્વક ચર્ચા કરી માહિતી મેળવી હતી.

## વડતાલનો લિસ્ટેડ બુટલેગર 'ગીધડો' પોલીસને હાથતાળી આપી ફરાર : ક્રાઈમ બ્રાન્ચે પાયલોટિંગ કરતા પિતાને દારૂના મોટા જથ્થા સાથે દબોચ્યો

ઇકો ગાડીમાંથી 4.21 લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂ ઝડપાયો, બુટલેગર શૈલેષ પરમારને પકડવા ચક્રો ગતિમાન

નડિયાદ

ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચે પ્રોહિબિશનના ગુનામાં મોટી સફળતા મેળવી છે, પરંતુ વડતાલ પોલીસ સ્ટેશનનો લિસ્ટેડ બુટલેગર શૈલેષ ઉર્ફે ગીધડો પોલીસના હાથમાંથી છટકવામાં સફળ રહ્યો છે. જોકે, પોલીસે તેની ઈકો ગાડીનું પાયલોટિંગ કરી રહેલા તેના પિતાને લાખો રૂપિયાના વિદેશી દારૂના જથ્થા સાથે રંગેહાથ ઝડપી પાડ્યો છે. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વડતાલ પોલીસ સ્ટેશનના લિસ્ટેડ બુટલેગર શૈલેષ ઉર્ફે ગીધડો જગદિશભાઈ પરમારે વિદેશી દારૂનો મોટો જથ્થો મંગાવ્યો હતો. આ દારૂ ઈકો ગાડી નંબર GJ 23 CE 1693 માં ભરીને વડતાલથી સોનારકુઈ વાળા રસ્તા થઈને કિશોરપુરા ખાતે આવેલા તેના ઘર તરફ લઈ જવામાં આવી રહ્યો હતો. આ અંગેની ચોક્કસ બાતમી ખેડા-નડિયાદ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોચ ગોઠવીને ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને ઈકો ગાડીમાં સવાર મુખ્ય બુટલેગર શૈલેષ ઉર્ફે ગીધડો પરમાર અંધારાનો લાભ લઈને પોલીસના હાથમાંથી ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જોકે, ક્રાઈમ બ્રાન્ચે આ સમગ્ર દારૂના જથ્થાની ગાડીનું પાયલોટિંગ કરી રહેલા તેના પિતા જગદિશ આશાભાઈ પરમારને કોર્ડન કરીને ઝડપી લીધા હતા. પોલીસે ઈકો ગાડીની તલાશી લેતા તેમાંથી રૂપિયા ૪,૨૧,૬૦૦ ની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

### ગુજરાતના યુવાનો માટે GPSCની મોટી ભેટ

# અસફળ રહેલા તેજસ્વી ઉમેદવારોને નોકરી આપવા લોન્ચ કર્યું 'અવસર' મોડ્યૂલ

## 'સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ ન થનારા યુવાનો નિરાશ ન થાય' - ખાનગી ક્ષેત્ર અને તેજસ્વી ઉમેદવારો વચ્ચે સેતુ બનશે ગુજરાત જાહેર સેવા આયોગ

ગાંધીનગર

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા રાજ્યના લાખો શિક્ષિત બેરોજગાર અને તેજસ્વી યુવાનો માટે એક ક્રાંતિકારી અને ખૂબ જ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જીપીએસસી દ્વારા એક ખાસ 'અવસર' (Avsar) મોડ્યૂલ વિકસાવવામાં આવ્યું છે. આ મોડ્યૂલ અંતર્ગત રાજ્યમાં લેવાતી વિવિધ સરકારી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ખૂબ જ નજીકના માર્ક્સથી અસફળ રહેલા અથવા તો ઈન્ટરવ્યુ સુધી પહોંચીને પણ સરકારી નોકરી મેળવવાથી વંચિત રહી ગયેલા તેજસ્વી ઉમેદવારો માટે હવે ખાનગી ક્ષેત્રમાં રોજગારીના નવા દ્વાર ખુલશે.

ઘણીવાર એવું બને છે કે ઉમેદવારો જીપીએસસીની પ્રિલિમ્સ અને મેઈન્સ પરીક્ષા પાસ કરીને ઈન્ટરવ્યુ સુધી પહોંચે છે, પરંતુ આખરી મેરિટમાં ખૂબ જ ઓછા માર્ક્સ માટે રહી જાય છે. આવા ઉમેદવારો અત્યંત પ્રતિભાશાળી અને લાયક હોવા છતાં તેમને સરકારી નોકરી મળતી નથી. આ બાબતને ધ્યાનમાં રાખીને GPSC હવે આવા તેજસ્વી યુવાનો અને રોજગારી આપતી ખાનગી કંપનીઓ, કોર્પોરેટ સેક્ટર અને અર્ધ-સરકારી સંસ્થાઓ વચ્ચે એક મજબૂત સેતુનું કામ કરશે.

ડેટા શેરિંગ: આ મોડ્યૂલ હેઠળ, જે ઉમેદવારો જીપીએસસીની પરીક્ષાના અંતિમ તબક્કા સુધી પહોંચ્યા હશે અને તેમની સંમતિ હશે, તેવા ઉમેદવારોનો ડેટા (માર્ક્સ અને પ્રોફાઈલ) આ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાશે.

ખાનગી ક્ષેત્રને ફાયદો: મલ્ટીનેશનલ કંપનીઓ, બેંકો અને ટોચના કોર્પોરેટ હાઉસ કે જેમને કુશળ અને બુદ્ધિશાળી કર્મચારીઓની જરૂર હોય છે, તેઓ સીધો આ ડેટાનો ઉપયોગ કરી શકશે. સીધી રોજગારી: ખાનગી ક્ષેત્રના નોકરીદાતાઓ કોઈ પણ લાંબી ભરતી પ્રક્રિયા વગર, જીપીએસસી દ્વારા ફિલ્ટર થયેલા આ તેજસ્વી ઉમેદવારોને તેમની લાયકાત મુજબ સીધી જ આકર્ષક નોકરીની ઓફર આપી શકશે.

GPSCના આ ઐતિહાસિક પગલાથી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા લાખો યુવાનોમાં એક નવી આશા જાગી છે.

### દાણીના સોગંદનામાથી અમેરિકામાં ભૂકંપ

# 10 અબજ ડોલરની 'ઓફર' આપીને કેસ રફાદફા કરવાનો ખેલ? FBIના દરોડા છતાં છુપાવ્યું સત્ય..!

અમદાવાદ

અબજોપતિ ઉદ્યોગપતિ ગૌતમ અદાણી પર અમેરિકામાં ચાલી રહેલા લાંચખોરીના ગંભીર કેસમાં એક એવો સનસનાટીભર્યો વળાંક આવ્યો છે, જેણે આંતરરાષ્ટ્રીય રાજકારણ અને કોર્પોરેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. અમેરિકી અદાલતમાં દાખલ કરેલા પોતાના જ સત્તાવાર સોગંદનામામાં (Affidavit) ગૌતમ અદાણીએ પહેલીવાર સ્વીકાર્યું છે કે તેમના વકીલોએ અમેરિકી ન્યાય વિભાગ (DoJ) સાથે ડીલ કરવા માટે અમેરિકામાં ૧૦ અબજ ડોલર (અંદાજે ૮૩,૦૦૦ કરોડ રૂપિયા) ના તોતિંગ રોકાણની ઓફર મૂકી હતી! અદાલતમાં રજૂ થયેલા આ દસ્તાવેજો બાદ હવે સવાલો ઉઠી રહ્યા છે કે - શું આ સીધેસીધો કેસ દબાવવાનો (Quid Pro Quo) ખેલ



હતો? ૧૦ અબજ ડોલરની લાલચ આપી કેસ સમેટવાનો પ્રયાસ, અમેરિકી એજન્સીએ ફગાવ્યો! અદાણીએ પોતાના સોગંદનામામાં સ્પષ્ટ લખ્યું છે કે: 'આ સમજૂતી વાર્તાલાપ દરમિયાન મને જાણવા મળ્યું કે મારા વકીલોએ સૂચન કર્યું હતું કે અમેરિકામાં ૧૦ અબજ ડોલરનું રોકાણ કરવાની મારી જાહેરમાં જાહેર કરાયેલી ઈચ્છાને આ મામલાના ઉકેલનો ભાગ બનાવી શકાય છે, જો DoJ અથવા SEC (સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન) તેમ ઈચ્છતા હોય.' જોકે, અમેરિકી ન્યાય વિભાગના વલણે અદાણીના આ પ્લાન પર પાણી ફેરવી દીધું હતું. હોબાળો મચતા જ DoJ ના વકીલોએ સ્પષ્ટ કરી દીધું હતું કે તેઓ કોઈ ગુનાહિત કેસને ખારીજ કરવા માટે આવા રોકાણ કે નાણાકીય લેવડદેવડના પ્રસ્તાવ પર વિચાર સુધ્ધાં નહીં કરે અને આ પ્રસ્તાવને ઓફિશિયલી ફગાવી દેવાયો હતો.

પાક્કો ગુજરાત

શનિવાર | 18 જુલાઈ 2026 | અમદાવાદ

# મોરબી ભાજપમાં મોટું ગાબડું: 500થી વધુ કાર્યકર્તાઓ સાથે આગેવાનો કોંગ્રેસમાં જોડાયા

**■ અમિત ચાવડાના પ્રહાર – 2027માં ગુજરાતની જનતા ભાજપના સત્તાના અહંકારને ચૂર-ચૂર કરીને નવો ઈતિહાસ રચશે**

અમદાવાદ



ગુજરાત ભાજપમાં રાજકીય ભૂકંપ સર્જાયો છે. મોરબી જિલ્લાના ભારતીય જનતા પક્ષના વરિષ્ઠ આગેવાનો, સહકારી અને સામાજિક હોદ્દેદારો તેમજ ૫૦૦થી વધારે કાર્યકર્તાઓ આજે વિધિવત રીતે કોંગ્રેસ પક્ષમાં જોડાયા છે. અમદાવાદ સ્થિત ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય મથક રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિતભાઈ ચાવડાએ તમામ આગેવાનોને કોંગ્રેસનો ખેસ પહેરાવીને પક્ષમાં હાર્દિક આવકાર આપ્યો હતો.

કોંગ્રેસમાં જોડાનારા મુખ્ય આગેવાનોમાં ટંકારાના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ અને ભાજપના પૂર્વ તાલુકા પ્રમુખ નથુભાઈ કડીવાર, ટંકારા તાલુકા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ લાલજીભાઈ દેત્રોજા, ટંકારા ભાજપના કોષાધ્યક્ષ ઉમેશભાઈ ગોહિલ તેમજ પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય રાજુભાઈ કોટડીયાનો સમાવેશ થાય છે. આ આગેવાનો સહકારી ક્ષેત્રમાં પણ મોટું વર્ચસ્વ ધરાવે છે.


નવા જોડાયેલા સાથીઓને આવકારતા પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ તમામ સાથીઓ કોઈ હોદ્દા કે સત્તાની લાલચ માટે નહીં પરંતુ પ્રજા પર થઈ રહેલા અન્યાય, અત્યાચાર અને ભેદભાવ સામે લડવા માટે કોંગ્રેસમાં આવ્યા છે. ભાજપમાં આજે સાચો માણસ સાચી વાત કહી શકતો નથી અને જનતાની લડાઈ લડવા માટે ત્યાં કોઈ સમર્થન મળતું નથી. સત્તા પર બેઠેલા લોકો પોતાના સ્વાર્થ માટે સામાન્ય જનતાને અન્યાય કરી રહ્યા છે અને ચૂંટણીમાં ટિકિટ વહેંચણીમાં પણ ભારે ભેદભાવ રાખવામાં આવે છે, જેના કારણે સમગ્ર ગુજરાતમાં ભારે અસંતોષ વ્યાપેલો છે.

અમિત ચાવડાએ ખેડૂતોના પ્રશ્ને સરકારને ઘેરતા કહ્યું કે, આજે સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતમાં ખેડૂતો પર પારાવાર અત્યાચાર થઈ રહ્યો છે. ખેડૂતોના ખેતરોમાં જબરદસ્તીથી વીજળીના ટ્રાન્સમિશન ટાવર ઊભા કરવામાં આવે છે. જો ખેડૂતો કે બહેન-દીકરીઓ તેની સામે અવાજ ઉઠાવે તો પોલીસ દ્વારા લાઠીચાર્જ કરીને તેમને જેલમાં પૂરી દેવાય છે. ખેડૂતોનો પક્ષ લેવાને બદલે આ સરકાર મોટા ઉદ્યોગપતિઓની દલાલી કરવામાં વ્યસ્ત છે. વર્ષોથી જમીન માપણીના પ્રશ્નો ઉકેલાયા નથી, ખાતર-બિયારણ માટે ખેડૂતોને લાઈનોમાં ઊભા રહેવું પડે છે અને કુદરતી આફતો વખતે કોઈ કાયમી પાક વીમા યોજના કે આર્થિક રક્ષણ મળતું નથી. સરકારી ખરીદીમાં ભાજપના એજન્ટોનો ખરાબ માલ પાસ થઈ જાય છે અને સાચા ખેડૂતનો વારો આવે ત્યારે ખરીદી બંધ કરી દેવાય છે. સહકારી માળખા અંગે ચિંતા વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું કે, પૂજ્ય સરદાર સાહેબે જે ભવ્ય સહકારી વ્યવસ્થા ઊભી કરી હતી, તેને ભાજપના નેતાઓએ રાજકારણનો અડ્ડો બનાવી દીધી છે. અમૂલ, ડિસ્ટ્રિક્ટ બેંકો અને નાની મંડળીઓમાં ભારે ભ્રષ્ટાચાર અને ભેદભાવ વ્યાપી ગયો છે અને આ માળખું હવે મુઠ્ઠીભર લોકોના હાથમાં ભ્રષ્ટાચારનું સાધન બની ગયું છે.

## GNLUના સેક્શન ઓફિસરનો ચમત્કારી બચાવ

# PDPU નજીક ટ્રકના ટાયર ફરી વળતા એક્ટિવાનો કચ્ચરઘાણ

ગાંધીનગર



ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલો સૌ પ્રથમ આઈકોનિક રોડ હવે વાહન ચાલકો માટે જોખમી સાબિત થઈ રહ્યો છે. આ રસ્તા પર ટ્રાફિક વ્યવસ્થાના અભાવે અને બેફામ ગતિએ દોડતા ભારે વાહનોને કારણે અકસ્માતોની હારમાળા સર્જાઈ રહી છે. આજે 17 જુલાઈએ સવારે વધુ એક ભયાનક અકસ્માતની ઘટનામાં ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના સેક્શન ઓફિસરનો ચમત્કારીક બચાવ થયો હતો. પૂરપાટ ઝડપે ધસી આવેલી એક ટ્રકે એક્ટિવાને અડફેટે લઈને કચડી નાખી હતી. પરંતુ સમયસૂચકતા વાપરીને અધિકારી કૂદી જતાં તેમનો જીવ બચી ગયો હતો. પ્રાપ્ત થતી વિગતો મુજબ, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીમાં સેક્શન ઓફિસર તરીકે ફરજ બજાવતા માલવ બુચ આજે સવારે પોતાના નિત્યક્રમ અનુસાર એક્ટિવા લઈને યુનિવર્સિટીમાં નોકરી પર જવા માટે નીકળ્યા હતા. તેઓ જ્યારે પીડીપીયુ મેટ્રો સ્ટેશન નજીક આવેલા જોખમી વળાંક પાસેથી પસાર થઈને જીએનએલયુ તરફ આગળ વધી રહ્યા હતા. તેજ સમયે પાછળથી માતેલા સાંઢની જેમ યમરાજ બનીને દોડતી એક ટ્રકે વળાંક પર બેફામ ગતિએ એક્ટિવાને જોરદાર ટક્કર મારી દીધી હતી.

આ અકસ્માતના સર્જાતા એક્ટિવા પરથી માલવ બુચે સંતુલન ગુમાવ્યું હતું. પરંતુ સેકન્ડોના અરસામાં સમયસૂચકતા વાપરી તેઓ એક્ટિવા પરથી બાજુ પર કૂદી પડ્યા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે માલવભાઈ રોડની બાજુમાં પટકાયાની એક ઘડીએ કાળમુખી ટ્રકના પાછળના તોતિંગ ટાયરો એક્ટિવા પર ફરી વળ્યા હતા. જેના કારણે એક્ટિવાનો કચ્ચરઘાણ વળી ગયો હતો. આ દ્રશ્ય જોઈને આસપાસથી પસાર થતા અન્ય વાહન ચાલકો પણ થથરી ગયા હતા.

## 7,500થી લઈ 1 લાખ સુધીની રોકડ સહાય અને 30 લાખ સુધીની લોનની જાહેરાત

# સુરતના પૂરગ્રસ્ત વેપારીઓ માટે રાજ્ય સરકારનું મોટું રાહત પેકેજ

સુરત

ભારે વરસાદ અને પૂરે સુરતના વેપારીઓ અને નાના ધંધાર્થીઓની કમર તોડી નાખી છે ત્યારે રાજ્ય સરકારે સુરતના પૂરપીડિત વેપારીઓ માટે એક બહુ જ મોટું અને રાહત આપનારું આર્થિક પેકેજ જાહેર કર્યું છે. સુરતના પ્રભારી અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આ પેકેજની જાહેરાત કરતા જણાવ્યું છે કે પૂરના કારણે જે વેપારીઓને મોટું નુકસાન થયું છે, તેમને ફરી બેઠા કરવા માટે સરકાર રોકડ સહાયથી લઈને સસ્તી લોન અને વ્યાજ સહાય પૂરી પાડશે. આ માટે આગામી બે દિવસમાં જ ફોર્મ સ્વીકારવાની કામગીરી પણ યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવશે.

સરકારે જાહેર કરેલા રાહત પેકેજ અંતર્ગત નુકસાનીના પ્રમાણના આધારે અલગ-અલગ કેટેગરીમાં સીધી રોકડ સહાય ચૂકવવામાં આવશે: નાના લારી-ગલ્લા ધારકો: પૂરના પાણી ભરાવાને કારણે જે લારી-ગલ્લાવાળાની આજીવિકાને અસર થઈ છે તેમને ૭,૫૦૦ની આર્થિક સહાય અપાશે. નાની કેબિન અને નાની દુકાનો: ૨૦,૦૦૦ સુધીની રોકડ સહાય આપવામાં આવશે. મોટી દુકાનો અને પાકા શેડ: જે વેપારીઓની દુકાનો મોટી છે અને માલ-સામાન પલળી ગયો છે, તેમને ૫૦,૦૦૦ સુધીની સહાય મળશે. મોટા શોરૂમ અને ગોડાઉન: જ્યાં લાખો રૂપિયાના માલસામાનનું નુકસાન થયું છે, તેવા કિસ્સામાં સરકાર દ્વારા વધુમાં વધુ ૧,૦૦૦,૦૦૦ (એક લાખ રૂપિયા) સુધીની સીધી આર્થિક કેશ ડોલ (રોકડ સહાય) જાહેર કરવામાં આવી છે.

ધંધો બેઠો કરવા ૩૦ લાખ સુધીની લોન અને વ્યાજ સહાય

રોકડ સહાય ઉપરાંત વેપારીઓ પોતાનો વેપાર-ધંધો ફરીથી ધમધમતો કરી શકે તે માટે સરકારે સસ્તા વ્યાજે લોનની પણ સ્કીમ જાહેર કરી છે. વેપારીઓ બેંકોમાંથી ૩૦ લાખ સુધીની લોન મેળવી શકશે, જેમાં વ્યાજનો મોટો ભાગ સરકાર સબસિડી એટલે કે વ્યાજ સહાય તરીકે પોતે ભોગવશે. જેથી વેપારીઓ પર વ્યાજનું ભારણ ન વધે અને તેઓ સરળતાથી નવો માલ ખરીદી શકે.

## ગિફ્ટ સિટીમાં HCL ટેકનું ગ્લોબલ ટેકનોલોજી સેન્ટર શરૂ

# ગુજરાતના યુવાનોને ઘરઆંગણે મળશે વૈશ્વિક IT કારકિર્દીની તક



ગાંધીનગર

ગુજરાતને વૈશ્વિક ટેકનોલોજી અને આઈટી હબ બનાવવાની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન સર થયું છે. ગાંધીનગરના ગિફ્ટ સિટી (GIFT City) ખાતે દેશની અગ્રણી આઈટી કંપની HCL ટેકના નવનિર્મિત 'ગ્લોબલ ટેકનોલોજી સેન્ટર'નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગિફ્ટ સિટી અને રાજ્યના આઈટી ક્ષેત્રના વિકાસ માટે આ સેન્ટરને અત્યંત મહત્વનું ગણાવતા મહાનુભાવોએ આશા વ્યક્ત કરી કે, આ પહેલ ગુજરાતને ગ્લોબલ આઈટી મેપ પર વધુ મજબૂત સ્થાન અપાવશે. સામાન્ય રીતે મોટી આઈટી કંપનીઓ પ્રોજેક્ટ્સ માટે અન્ય રાજ્યોમાંથી મેનપાવર લાવતી હોય છે પરંતુ, HCL ટેક અહીં સ્થાનિક યુવાનોને રોજગારી આપવાની અને સ્થાનિક ભાગીદારોને પ્રોત્સાહન આપવાની વિશેષ નીતિ પર કામ કરી રહી છે, જે ગુજરાતના યુવાધનને આત્મનિર્ભર બનાવશે. આ કાર્યક્રમ દરમિયાન કંપનીની 'કમ બેક હોમ' પહેલની ખાસ સરાહના કરવામાં આવી હતી. આ અનોખી પહેલ અંતર્ગત બેંગલુરુ, પુણે, હૈદરાબાદ તેમજ અમેરિકા જેવા વૈશ્વિક આઈટી હબ્સમાં કાર્યરત ગુજરાતના પ્રતિભાશાળી યુવાનોને પોતાના વતનમાં પરત લાવી રોજગારીની ઉત્કૃષ્ટ તકો અપાશે. આના કારણે હવે ગુજરાતી યુવાનો પોતાના પરિવાર સાથે રહીને ગિફ્ટ સિટીમાંથી જ આંતરરાષ્ટ્રીય સ્તરની કારકિર્દી બનાવી શકશે.

# દેશભરમાં 2.86 કરોડની સાયબર ઠગાઈનો પર્દાફાશ

**અમદાવાદના માસ્ટરમાઈન્ડ સહિત 3ની ધરપકડ, આરોપીઓ 45 ગુનામાં સંડોવાયેલા; 22 બેંક ખાતા, બે બોગસ કંપનીમાં થતી કરોડોની હેરાફેરી**

ગાંધીનગર




ગાંધીનગર સ્થિત સાયબર સેન્ટર ઓફ એક્સલન્સે 'ઓપરેશન મ્યુલ હંટ 2.0' હેઠળ દેશવ્યાપી સાયબર છેતરપિંડીના મોટા નેટવર્કનો પર્દાફાશ કરી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓ દેશના 18 રાજ્યમાં નોંધાયેલા કુલ 45 સાયબર ગુનામાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે. જેમાં અંદાજે 2.86 કરોડથી વધુની છેતરપિંડી આચરવામાં આવી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

તપાસ દરમિયાન ઝડપાયેલા આરોપીઓએ વિવિધ બેંકોમાં 22 બેંક એકાઉન્ટ ખોલાવીને છેતરપિંડીથી મેળવેલી રકમને અલગ-અલગ ખાતાઓમાં ટ્રાન્સફર કરીને નાણાના સ્ત્રોતને છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. આ માટે અમદાવાદના સરનામા પર બે બોગસ કંપનીઓ ઉભી કરી તેમના નામે બેંક ખાતાઓ ખોલાવવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ TRAVELFLUX PRIVATE LIMITED અને TRAVOCREST PRIVATE LIMITED નામની પેઢીઓના નામે ખાતાઓ ખોલાવીને તેમાં દેશભરમાંથી મળતી ઠગાઈની રકમ જમા કરાવતા હતા. ત્યારબાદ આ રકમ વિવિધ માધ્યમો દ્વારા અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરીને ઉપાડી લેવામાં આવતી હતી.

ઝડપાયેલા આરોપીઓમાં અમદાવાદના નિકુંજ પટેલને સમગ્ર કૌભાંડનો મુખ્ય માસ્ટરમાઈન્ડ માનવામાં આવી રહ્યો છે. તેની સાથે હિતેશ પટેલ અને સ્મૃતિ સોનીની પણ ધરપકડ કરવામાં આવી છે.

# દહેગામમાં પૂર્ણિમા હાઈસ્કૂલ પાસે ગંદા પાણી ભરાઈ રહેતાં તેમાં બેસીને કોંગી સદસ્યનો વિરોધ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના દહેગામ શહેરમાં છેલ્લા ઘણા સમયથી નગરપાલિકાની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગ ગણાતા પૂર્ણિમા હાઈસ્કૂલના ઢાળ પાસે લાંબા સમયથી ગટરના દૂષિત પાણી ભરાઈ રહેતા હોવાથી સ્થાનિક રહીશો અને શાળાએ જતા બાળકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.


પાલિકાતંત્રની ઘોર બેદરકારી સામે આજે વોર્ડ નંબર-2ના કોંગ્રેસના સદસ્ય બિમલ મુખી અને સ્થાનિક લોકોએ ગંદા પાણીમાં બેસીને અનોખો વિરોધ પ્રદર્શન કર્યું હતું. પૂર્ણિમા હાઈસ્કૂલના પ્રવેશદ્વાર પાસે જ ગટરનું એક મોટું ગરનાળું લાંબા સમયથી ખુલ્લું હોવાથી વિદ્યાર્થીઓ માટે તે અકસ્માતનું કારણ બની શકે તેમ છે. આ મુખ્ય માર્ગ હોવાથી હજારો લોકોની અવરજવર રહે છે, તેમ છતાં પાલિકાતંત્રના પેટનું પાણી હલતું ન હોવાના આક્ષેપો સ્થાનિકો દ્વારા કરવામાં આવ્યા છે. વિરોધ પ્રદર્શન દરમિયાન સદસ્ય બિમલ મુખીએ ચીમકી ઉચ્ચારી હતી કે, જો તાત્કાલિક અસરથી આ સમસ્યાનો કાયમી ઉકેલ નહીં આવે, તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

આ મામલે દહેગામ નગરપાલિકાના ચીફ ઓફિસર ઉમાબેન રામીણાએ જણાવ્યું હતું કે, ગરનાળામાં સમારકામ કરવું જોખમી હોવાથી હાલ તે કામ અટક્યું હતું, પરંતુ હાલ ગટરમાંથી કચરો કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

## ખાખીની દાદાગીરી સામે હાઈકોર્ટ લાલ આંખ કરશે?

# પ્રમોટેડ IPS વિરુદ્ધ ચીફ જસ્ટિસને ફરિયાદ, DGPના આદેશના લીરેલીરા ઉડાડતા મચ્યો ભૂકંપ!

સુરત / અમદાવાદ




ગુજરાત પોલીસમાં કસ્ટોડિયલ હિંસા નાબૂદ કરવાના મોટા-મોટા દાવાઓ વચ્ચે સુરત પોલીસના એક ઉચ્ચ અધિકારીના કારનામાએ ન્યાયતંત્ર અને માનવ અધિકારોના ધજાગરા ઉડાડી દીધા છે. તાજેતરમાં જ જીપીએસ (GPS) માંથી આઈપીએસ (IPS) કેડરમાં પ્રમોશન મેળવનારા સુરત શહેર એસઓજી (SOG) ના ડીસીપી રાજદીપસિંહ નકુમ વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસને સત્તાવાર પત્ર લખી ન્યાયિક તપાસની ઉગ્ર માંગ કરવામાં આવી છે. આરોપીઓનું જાહેરમાં સરઘસ કાઢી, કાયદો હાથમાં લઈને બેરહેમપણે કાયદાના રક્ષકો જ લાકડીઓ વીંઝતા હોવાનો મામલો હવે હાઈકોર્ટના ઉંબરે પહોંચ્યો છે.

વીડિયો વાયરલ: DCP પોતે જ ન્યાયાધીશ બન્યા? વાળ પકડીને લાકડીના ૨૫થી વધુ ફટકા માર્યા!

આ આખોય વિવાદ સુરતના સલાબતપુરા વિસ્તારનો છે, જ્યાં હત્યાના પ્રયાસના ગુનામાં પકડાયેલા ૫ આરોપીઓનું પોલીસે જાહેરમાં સરઘસ કાઢ્યું હતું. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા કાળજું કંપાવતા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે ડીસીપી રાજદીપસિંહ નકુમ પોતે કાયદો હાથમાં લઈને આરોપીઓના વાળ પકડી-પકડીને લાકડીના ૨૫થી વધુ ફટકા મારી રહ્યા છે. પોલીસના આ અમાનવીય અને નિર્દયી મારના કારણે આરોપીઓ રસ્તા પર સરખી રીતે ચાલી પણ શકતા ન હતા, તેઓ દયાની ભીખ માંગતા કરગરી રહ્યા હતા. સવાલ એ ઊભો થાય છે કે જો સજા આપવાનું કામ ન્યાયતંત્રનું છે, તો શું ઉચ્ચ હોદ્દા પર બેઠેલા અધિકારીઓ માટે દેશનું બંધારણ કે કાયદાના નિયમો લાગુ પડતા જ નથી?

ગુજરાત પોલીસની છબી સુધારવા માટે તત્કાલીન ઈન્ચાર્જ ડીજીપી ડૉ. કે.એલ.એન. રાવ દ્વારા એક અત્યંત મહત્ત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ સત્તાવાર આદેશમાં સ્પષ્ટ લખાયું હતું કે: પોલીસ કોઈપણ ગુનેગારનું જાહેરમાં સરઘસ કાઢી શકશે નહીં.

ગુનેગારો પાસે રસ્તા પર ઉઠક-બેઠક કરાવી શકાશે નહીં કે ઘૂંટણિયે ચલાવી શકાશે નહીં.

## દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે પર વડોદરા LCBનો સપાટો

# બુટલેગરોએ અપનાવ્યો સુપરફાસ્ટ રૂટ, પણ પોલીસે સેકન્ડોમાં પ્લાન કરી નાખ્યો ફ્લોપ!

વડોદરા



સુપરફાસ્ટ ચાલ સામે વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે આખરે બાજ નજર રાખીને એવો સપાટો બોલાવ્યો છે કે ગુનેગારોના

ગુજરાતમાં દારૂબંધીનો કડક અમલ કરાવવા માટે પોલીસ રાત-દિવસ એક કરી રહી છે, ત્યારે બુટલેગરો પણ હવે સ્માર્ટ બનવાની કોશિશ કરી રહ્યા છે. દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે શરૂ થતાં જ વાહનવ્યવહાર તો સુપરફાસ્ટ બન્યો, પણ સાથે જ નશાના કાળા કારોબારીઓએ આ હાઈવેને દારૂ ઘુસાડવાનો નવો સેફ રૂટ માની લીધો હતો. જોકે, બુટલેગરોની આ હોશ ઊડી ગયા છે! મળતી વિગતો અનુસાર, વડોદરા એલ.સી.બી.ની ટીમને બાતમી મળી હતી કે એક્સપ્રેસ-વેના ચકચકાટ માર્ગોનો સહારો લઈને વિદેશી દારૂનો મોટો જથ્થો ગુજરાતની સીમામાં ઘુસાડવામાં આવી રહ્યો છે. બાતમી મળતાં જ એલ.સી.બી.ના જાંબાઝ જવાનોએ હાઈવે પર અભેદ કિલ્લેબંધી કરી દીધી હતી. હાઈ સ્પીડમાં પસાર થતી શંકાસ્પદ ગાડીઓને આંતરીને જ્યારે પોલીસે સર્ચ ઓપરેશન હાથ ધર્યું, ત્યારે લાખો રૂપિયાના વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપાઈ ગયો હતો. નશાના સોદાગરોને એમ હતું કે એક્સપ્રેસ-વેની સ્પીડ વચ્ચે તેઓ પોલીસની નજરમાંથી બચીને નીકળી જશે. પરંતુ વડોદરા લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના મજબૂત નેટવર્ક આગળ બુટલેગરોનો આખોય સુપરફાસ્ટ પ્લાન સેકન્ડોમાં ચોપટ થઈ ગયો.

# સુરેન્દ્રનગરના ચુડામાં ગંભીર બેદરકારી: KGB વિદ્યાલયની 150 દીકરીઓને વાસી ખીર ખાધા બાદ ફૂડ પોઇઝનિંગ

**■ હોસ્ટેલના ભોજન સામે ઉઠ્યા સવાલો: એકસાથે 150 બાળાઓની તબિયત લથડતા દોડધામ, વાલીઓમાં ભારે રોષ, તંત્ર દ્વારા તપાસના આદેશ**

ચુડા (સુરેન્દ્રનગર)

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા તાલુકા મથકે આવેલી કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV) માં હોસ્ટેલ પ્રશાસનની ઘોર બેદરકારી સામે આવી છે. વિદ્યાલયની હોસ્ટેલમાં રહેતી આશરે ૧૫૦ જેટલી વિદ્યાર્થીનીઓને ભોજનમાં પીરસવામાં આવેલી વાસી ખીર ખાધા બાદ ઝેરી અસર (ફૂડ પોઈઝનિંગ) થતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે ચકચાર મચી ગઈ છે. ઘટનાને પગલે વહીવટી અને આરોગ્ય તંત્ર તાબડતોબ એક્શન મોડમાં આવ્યું છે. મળતી વિગતો મુજબ, હોસ્ટેલમાં દીકરીઓને ભોજન સાથે ખીર પીરસવામાં આવી હતી. આ ખીર ખાધાના થોડા જ સમયમાં દીકરીઓની તબિયત એકાએક બગડવા લાગી હતી. એક પછી એક એમ આશરે ૧૫૦ જેટલી બાળાઓને અચાનક ઉલટી, ઉબકા, ચક્કર અને પેટમાં અસહ્ય દુખાવાની ફરિયાદ ઉપડતાં હોસ્ટેલ કેમ્પસમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની ગંભીરતા જોઈ હોસ્ટેલ સંચાલકો દ્વારા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ અને ખાનગી વાહનો મારફતે તમામ બાળાઓને નજીકની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

એકસાથે આટલી મોટી સંખ્યામાં માસૂમ દીકરીઓ ફૂડ પોઈઝનિંગનો ભોગ બની હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા જ વાલીઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. હોસ્પિટલ બહાર વાલીઓ અને સ્થાનિક લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને ડોક્ટરોની વિશેષ ટીમે તાત્કાલિક હોસ્પિટલ પહોંચીને દીકરીઓની યુદ્ધના ધોરણે સારવાર શરૂ કરી હતી.

## તંત્રી લેખ...

# સત્તાની ગુલામીમાં અંધ બનેલી જનતા સાંભળે: આંદોલનકારીઓને 'દેશવિરોધી' કહેનારાઓ, જ્યારે તમારા હક માટે અવાજ ઉઠાવનાર કોઈ નહીં બચે ત્યારે શું કરશો?

લોકશાહીનો સીધો અને સાદો નિયમ છે - જનતા સત્તાધારી પક્ષને સવાલ પૂછે અને વિપક્ષ જનતાના અવાજને મજબૂતી આપીને રસ્તા પર ઉતરે. લોકશાહી દેશમાં આંદોલન થવા એ કોઈ નવી કે અજૂગતી વાત નથી. પરંતુ આજકાલ દેશમાં એક નવું અને ખતરનાક તૂત શરૂ થયું છે. જનતાના વાસ્તવિક પ્રશ્નો, મોંઘવારી, બેરોજગારી કે પેપર લીક જેવા મુદ્દે જ્યારે પણ કોઈ સંગઠન કે આંદોલનકારી અવાજ ઉઠાવે, એટલે સત્તાના દલાલો અને સોશિયલ મીડિયાની ટ્રોલ આર્મી સક્રિય થઈ જાય છે. પળભરમાં એ આંદોલનને 'દેશવિરોધી', 'ટુકડે-ટુકડે ગેંગ' કે 'પાકિસ્તાની' ચિતરી દેવાનો ગંદો ખેલ ખેલાય છે.

પરંતુ, સત્તાની ચાટુકારિતામાં ડૂબેલી જનતા એ ભૂલી રહી છે કે વિરોધ કરવાનો અધિકાર જ આ દેશને જીવંત રાખે છે.

## વિપક્ષનું કામ જ રસ્તા પર ઉતરવાનું છે, ભાજપ આ ઇતિહાસ ભૂલી ગયું?

કોઈ પણ આંદોલન થાય ત્યારે વિપક્ષ તેમાં સાથ આપે, તે બહુ સ્વાભાવિક પ્રક્રિયા છે. ક્યારેક સત્તા સામે મલાઈ લૂંટવા તો ક્યારેક જનમત જીતવા વિપક્ષ ઊભું જ હોય છે. ઈતિહાસ ગવાહ છે કે, ભૂતકાળમાં જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી,



ત્યારે આજના સત્તાધારીઓ એટલે કે ભાજપ પોતે વિપક્ષમાં હતું. એ સમયે જનતાના પ્રશ્નો બાબતે આયોજનબદ્ધ અને તાકતવર રીતે રસ્તા પર ઉતરી જવામાં જે માહિરતા ભાજપે બતાવી હતી, તેવી હોશિયારી કદાચ દુનિયાની કોઈ પાર્ટીમાં નહીં હોય! એલપીજી સિલિન્ડર માથે ઉપાડીને વિરોધ પ્રદર્શન કરવાથી લઈને સંસદ ઘેરવા સુધીના આંદોલનોમાં ભાજપ અગ્રેસર હતું. તો શું એ સમયે ભાજપના આંદોલનો પણ દેશવિરોધી હતા? જો એ સાચું હતું, તો આજે જનતા કે વિપક્ષ અવાજ ઉઠાવે ત્યારે તે ગુનો કેમ બની જાય છે?

## પોતાની શેરીની ગટર સાફ કરાવવાની તાકાત નથી, અને આંદોલનકારીઓને જ્ઞાન વહેંચે છે!

સૌથી મોટો કટાક્ષ તો એ લોકો પર છે જેઓ એરકન્ડિશન્ડ રૂમમાં બેસીને આંદોલનકારીઓને ખોટા ચિતરે છે. જે નાગરિકોમાં ખુદના મહોલ્લા કે શેરીમાં ગટર ઉભરાઈ હોય તો મ્યુનિસિપલ કોર્પોરેશનને ફોન કરીને સાફ કરાવવાની તેવડ નથી, જેઓ પોતાની નાગરિક તરીકેની પ્રાથમિક ફરજ સમજી શકતા નથી, તેવા ડરપોક અને લાચાર લોકો આજે દેશના ભવિષ્ય માટે રસ્તા પર લાઠીઓ ખાતા આંદોલનકારીઓ પર આંગળી ચીંધી રહ્યા છે! સત્તાની જીહજૂરી કરનારા આવા લોકોએ બીજાને નૈતિકતાના પાઠ ભણાવવાનું બંધ કરી દેવું જોઈએ.

## હે ચાટુકારો...! ક્યારેય કલ્પના કરી છે કે કાલે તમારા બાળકોનું શું થશે?

આજે જે લોકો સત્તાના નશામાં અંધ બનીને દરેક સાચા અવાજને દબાવવામાં ભાગીદાર બની રહ્યા છે, તેમણે એક ગંભીર સવાલનો જવાબ આપવો પડશે. આજે તમે જે આંદોલનકારીઓને બદનામ કરી રહ્યા છો, કાલે સવારે જો એ બધા જ બેસી જશે, વિપક્ષ ખતમ થઈ જશે અને દેશમાં કોઈ અવાજ ઉઠાવવા વાળું નહીં બચે - ત્યારે તમારા પરિવાર અને તમારા બાળકોનું શું થશે?

જ્યારે પેપર લીક થવાને કારણે તમારા બાળકની આખી જિંદગી બરબાદ થઈ જશે, જ્યારે મોંઘવારી તમારા ઘરનું બજેટ તોડી નાખશે, જ્યારે અન્યાય સીધો તમારા ઘરના ઉંબરા સુધી આવી જશે, ત્યારે તમારા વતી લડવા માટે રસ્તા પર કોઈ નહીં હોય! સત્તા તો સરમુખત્યાર બનીને બેસી જશે, પણ તમારી ભયાનક લાચારી સામે ન્યાય અપાવનાર કોઈ નહીં વધે.

તેથી, હે સત્તાના ગુલામો અને ચાટુકારો! પોતાના અંગત સ્વાર્થ કે પક્ષભક્તિ માટે દેશના લોકતાંત્રિક અધિકારોની બલી ચડાવવાનું બંધ કરો. આંદોલન એ દેશદ્રોહ નથી, પણ સત્તાને જગાડવાનો એકમાત્ર જીવતો જાગતો રસ્તો છે. જો આ રસ્તો બંધ થઈ ગયો, તો દેશ ફરી એકવાર ભયંકર ગુલામીના અંધકારમાં ધકેલાઈ જશે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# અનશન એ ફેશન નથી, સત્તાના સિંહાસનો હચમચાવતું પરમ શસ્ત્ર છે!

## 'ભૂખ હડતાલ'ની મજાક ઉડાવતા અંધભક્તો ઇતિહાસના પાના ફાડીને વાંચી લે!





જ્યારે પણ દેશમાં જનતાના હક માટે કોઈ રસ્તા પર ઉતરે છે અથવા અનશન પર બેસે છે, ત્યારે સોશિયલ મીડિયાની ટ્રોલ આર્મી તેને 'ફેશન' કે 'સ્ટન્ટ' કહીને તેની મજાક ઉડાવવા દોડી આવે છે. સોનમ વાંગચુકના ૨૦ દિવસ લાંબા અનશનને પણ કેટલાક લોકો ૨૦૧૪ પછીની નવી ફેશન ગણાવી રહ્યા છે. પરંતુ, સત્તાના નશામાં ચૂર થઈને અનશન જેવા પવિત્ર હથિયારને નાટક ગણાવનારા અંધભક્તો કદાચ ભૂલી ગયા છે કે આ ભારત ભૂમિ છે! અહીં અહિંસા અને આમરણાંત ઉપવાસનો ઈતિહાસ બ્રિટિશરોના સમયથી લઈને આઝાદ ભારતની તમામ સરકારોની શાન ઠેકાણે લાવતો રહ્યો છે.

ઈન્દિરા ગાંધીથી લઈને મનમોહન સરકાર સુધી... જ્યારે જ્યારે જનતા જાગી છે, સત્તા ધ્રૂજી છે!

જે લોકોને એમ ભ્રમ છે કે આ બધું ૨૦૧૪ પછી શરૂ થયું છે, તેઓ આંકડા અને ઈતિહાસ નોંધી લે:

૧૯૮૪ (ઈન્દિરા ગાંધી સરકાર): લદ્દાખના આદિવાસીઓને અનુસૂચિત જનજાતિ (ST) નો દરજ્જો અપાવવા માટે ખુદ સોનમ વાંગચુકના પિતાએ તત્કાલીન ઈન્દિરા સરકાર સામે મોરચો માંડ્યો હતો અને હક લીધો હતો.

૨૦૧૧ (મનમોહન સિંઘ સરકાર): દિલ્હીના જંતર-મંતર પર ભ્રષ્ટાચાર સામે અને લોકપાલ બિલના મુદ્દે અન્ના હજારેએ આખા દેશને જગાડ્યો હતો, જેના કારણે કોંગ્રેસ શાસનના પાયા હલી ગયા હતા.

૨૦૧૮ (મોદી સરકાર): આ જ ભાજપ સરકાર સામે ગંગા મૈયાની પવિત્રતા અને અસ્તિત્વ બચાવવા માટે પ્રોફેસર જી. ડી. અગ્રવાલે (સ્વામી જ્ઞાનસ્વરૂપ સાનંદ) સતત ૧૧૧ દિવસ સુધી અન્નનો ત્યાગ કરીને પોતાનો જીવ આપી દીધો હતો, પણ નમતું નહોતું જોખ્યું!

ગાંધીના 'સત્યાગ્રહ'ની તાકાત: ગ્લોબલ બ્રાન્ડ છે આ આમરણાંત ઉપવાસ!

અનશનને સામાન્ય ભૂખ હડતાલ સમજીને નિવેદનો આપનારાઓ એ સમજી લે કે આ મહાત્મા ગાંધીનો ચિંધેલો માર્ગ છે. આ એ જ હથિયાર છે જેણે માત્ર ભારતને આઝાદી નથી અપાવી, પણ દુનિયાભરમાં ક્રાંતિના મશાલ સળગાવ્યા છે:

અમેરિકામાં કાળા-ગોરાના ભેદભાવ સામે નાગરિક અધિકારો (Civil Rights) ની લડાઈ લડનારા માર્ટીન લ્યુથર કિંગ જુનિયર હોય,

સાઉથ આફ્રિકામાં રંગભેદ સામે લડનારા નેલ્સન મંડેલા હોય,

કે પછી બ્રિટનમાં મહિલાઓને વોટ આપવાનો અધિકાર (Right to Vote) અપાવવાની લડાઈ હોય!

ઈરાન, તિબેટ અને આયર્લેન્ડ જેવા દેશોના ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે કાયદો આંધળો બને છે, ત્યારે ઉપવાસ જ સત્તાધીશોની આંખ ઉઘાડે છે.

### સોનમ વાંગચુકની લડાઈ દેશહિતમાં છે, ટ્રોલિંગ બંધ કરો!

સોનમ વાંગચુક આજે પોતાના વ્યક્તિગત સ્વાર્થ માટે નહીં, પણ લદ્દાખના પર્યાવરણ, ત્યાંની સંસ્કૃતિ અને દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય (નીટ પેપર લીક મુદ્દે) માટે જંતર-મંતર પર ભૂખ્યા-તરસ્યા બેઠા છે. દેશના નાગરિક તરીકે તેમના સમર્થનમાં ઊભા રહેવાને બદલે જેઓ સત્તાની ગુલામીમાં અંધ બનીને આંદોલનની મજાક ઉડાવે છે, તેમણે સમજી લેવું જોઈએ કે લોકશાહીમાં જનતા જ જનાર્દન છે. જો આજે જનતાના શાંતિપૂર્ણ અવાજને દબાવવાનો કે બદનામ કરવાનો પ્રયાસ કરશો, તો ઈતિહાસ તમને ક્યારેય માફ નહીં કરે!

# પૂ.મોરારિબાપુ સત્ય સનાતનનું પાવર હાઉસ

સનાતન ધર્મ એ ભારતીય ધર્મ જગતનો પાયો છે.કારણ કે આ એક એવું થડ છે કે જ્યાં તમને તેના મૂળિયા શોધવાની જરૂર જ ના પડે ! પણ સમયની સાથે જે રીતે બધું બદલાતું ગયું તથા ધર્મ- ધર્મ વચ્ચેની ભેદરેખાઓ અને પછી ધર્મમાંથી પ્રગટતા અને પથરાતા,પહોળા થતા સંપ્રદાયો,તેનું જે રીતે વામન રૂપ લેતા ગયા અને શાખાઓ જાણે કે થડને જ ઢાંકી દેવા મથામણ કરતી હોય એ સ્થિતિના ત્રિભેટે આપણે આવીને ઊભા છીએ.તેથી પૂ.મોરારિબાપુ જેવા સમર્થ, જ્ઞાન સમૃદ્ધ,શક્તિ સમૃદ્ધ,વિવેક સમૃદ્ધ મહાપુરુષ જે વાત કરે તે વાત અગમની એંધાણી તરીકે સૌ ગણવી રહી.

કાળના ચક્રમાં બાપુએ હંમેશા ડંકાની ચોટ ઉપર સનાતન ધર્મની આલબેલ વગાડતા સંકોચ અનુભવ્યો નથી.હા, ક્યાંક સ્થિતિ એવી આવીને ઊભી રહી છે કે જ્યારે બાપુએ પણ કહેવું પડ્યું હોય કે હું હંમેશા એકલપંથી બનીને એ પંથ તરફ આગળ વધતો રહ્યો છું કે જ્યાં આસપાસમાં સૌ હોવા છતાં પોતાની જાતને અળગો અને છતાં પરમશક્તિના સાથે વળગો રહ્યો છું.



બાપુની અદમ્ય ઈચ્છા રહી કે સનાતન ધર્મની સંહિતા,આચાર,સનાતન ધર્મના દેવો,તે વ્યવસ્થાઓ,સનાતન ધર્મના દેવાલયો અને સમગ્ર સનાતન ધર્મ માટે બોલતા રહેવું અને કંઈક કરતા રહેવું. કોઈના વિરોધ માટે કદી નહીં પરંતુ બોધ માટે પણ આ પ્રક્રિયામાંથી પસાર થવાનું બાપુને હંમેશા અગમના ઈશારેથી ઉચિત સમજ્યું હશે!!તેવો સતત અનુભવ થયા કરે છે, થયા કરતો રહ્યો છે.તેથી જ કદાચ દિલ્હીમાં બાપુએ 17 જાન્યુઆરી 2026 થી 24 જાન્યુઆરી 2026 દરમિયાન'માનસ સનાતન ધર્મ 'રામ કથા ગાવાનો મનસુબો જાહેર કર્યો હશે.બાપુ કહે છે તેમ પંચમ યોગે આ કથાના પાયામાં એક જૈન ધર્મના સાધુ ભગવંત કે જે ખરા અર્થમાં જૈન આચાર સંહિતાઓને લચીલાપણાથી સ્વીકારીને પોતાની એક અલગ આભા ઊભી કરી છે, તેનું નામ હવે સમગ્ર દેશમાં જાણીતું બન્યું છે,પોતે જૈન મુનિ હોવા છતાં કથા દરમિયાન તેમણે સનાતની પૂ.લોકેશ મુનિજી મહારાજ તરીકે પોતાની જાતને ઘોષિત કરી છે. સનાતન ધર્મના એ પંચદેવો શિવ, વિષ્ણુ,ભવાની, સૂર્ય અને ગણેશજીના દિવ્ય તેજથી આપણે સૌ કુતકૃત્ય છીએ અને રહીશું.સનાતન ધર્મ એક જીવન શૈલી છે,એક પરંપરા છે,એક વિચાર છે અને એક આધાર છે. માટે જ ભગવદ્ ગીતાના વિભૂતિયોગમાં પરમ તત્વ યોગેશ્વર કહે છે કે વૃક્ષોમાં પીપળો હું છું, મૃગોનો રાજા સિંહ હું છું. કામધેનું,વાસુકી વગેરે સહિત જીવમાત્રમા પોતાનો અંશ છે તેમ ભગવાન દર્શાવે છે.એટલે કે સનાતન ધર્મ અથથી ઈતિ સુધી વ્યાપ્ત છે. ગીતાજીના અગિયારમાં અધ્યાયમાં ભગવાન કૃષ્ણે પોતાનું વિશ્વરૂપ બતાવ્યું છે, રૂપ તો બતાવે છે પરંતુ તેને તેનું દર્શન કરવાની દિવ્ય દ્રષ્ટિ પણ તે આપે છે,આ કરુણા અને વિરાટનો વૈભવ અહીં જ મળી શકે.વાત મહત્વની છે કે જે રીતે વિધર્મનું આક્રમણ સનાતન ધર્મ પર ભૂતકાળમાં હતું તેનાથી પણ વધુ આક્રોશ કે પછી સાંપ્રદાયિકતાની વિધ્વંસક પ્રવૃત્તિઓ સનાતન ધર્મથી પોતાનો વાડો કે પંથ વિશેષ છે તે પ્રતિપાદિત કરવાની કોશિશ સનાતન ધર્મ માટે સૌ કોઈને યત્કીંચિંત ધાર્મિક સેવા માટે લાલાયિત કરે છે.બાપુની કરુણા હંમેશા એક વાત ઈંગિત કરે છે કે અહીં સનાતનમા કોઈનો વિરોધ નથી પણ તે સતત બોધ આપે છે.એટલે કે બાપુની રામકથા સનાતનનુ બોધિવૃક્ષ છે જ્યાં બેસીને સનાતની શાતા તમે મેળવી અને અનુભવી શકો. આવો,આપણે સૌ પાયાને પ્રાથમિકતા આપીએ અને મૂળના મમત્વને ક્યારેય નહીં છોડીએ.

**- તખુભાઈ સાંડસુર**

### પવન માકનના શબ્દોમાં છુપાયેલું સનાતન સત્ય

# સંબંધોમાં છળ કરનારાઓ યાદ રાખે, સમયનો ન્યાય ક્યારેય ચૂકતો નથી

આજના આધુનિક અને સ્વાર્થી યુગમાં માણસ પોતાના ટૂંકા ગાળાના સ્વાર્થ અને અંગત ફાયદા માટે બીજાના ભરોસાનો ખૂન કરતાં સહેજ પણ ખચકાતો નથી. પરંતુ પ્રખ્યાત વિચારક પવન માકનની આ લાઈન 'ધોકા કભી મરતા નહીં, આજ આપ દોગે કલ આપકો મિલેગા' એ માત્ર થોડા શબ્દો નથી, પણ કુદરતનો એ અફર નિયમ છે જેને આપણે 'કર્મનો સિદ્ધાંત' કહીએ છીએ.

ઈતિહાસ સાક્ષી છે કે તમે કુદરતને જે આપો છો, એ જ તમને વ્યાજ સાથે પાછું મળે છે. આજે કદાચ કોઈ વ્યક્તિ પોતાની ચતુરાઈ કે સત્તાના જોરે કોઈ નિર્દોષને છેતરીને હસી શકે છે, પણ એ ભૂલી જાય છે કે સમય હંમેશાં એકસરખો નથી રહેતો. સંબંધોમાં કે વ્યવહારમાં આપેલો ધોકો (વિશ્વાસઘાત) એક એવો પડઘો છે, જે તમે ગમે તેટલા દૂર નીકળી જાઓ તો પણ એક દિવસ તમારી સામે આવીને જ ઊભો રહે છે.

સંબંધોમાં વધતી જતી આસુરી વૃત્તિ

આજે વેપાર હોય, રાજકારણ હોય કે અંગત સામાજિક સંબંધો, લોકો ડગલે ને પગલે એકબીજાની પીઠમાં છરો ભોંકવા તૈયાર બેઠા છે. કોઈનો સાચો પ્રેમ, કોઈની નિઃસ્વાર્થ મિત્રતા કે કોઈનો પવિત્ર ભરોસો જીતીને તેને અધવચ્ચે છોડી દેવો અથવા તેની સાથે દગો કરવો એ આજકાલ ફેશન બની ગઈ છે. દગો આપનારી વ્યક્તિ વિચારે છે કે તે બહુ સ્માર્ટ છે અને તેણે સામેવાળાને મૂર્ખ બનાવ્યો. પણ વાસ્તવમાં, તે સામેવાળાને નહીં પરંતુ પોતાના જ ભાગ્યને અંધકારમાં ધકેલી રહી હોય છે.

કર્મનો હિસાબ પાકો છે

પવન માકન ખૂબ જ સચોટ રીતે સમજાવે છે કે ધોકો ક્યારેય મરતો નથી. એ જીવતો રહે છે- એક ગુપ્ત હિસાબ બનીને. તમે આજે કોઈની મજબૂરીનો ફાયદો ઉઠાવીને તેને રડાવ્યો છે, તો કુદરત તમારી ડાયરીમાં એ નોંધ લખી લે છે. સમય ચક્ર ફરશે અને જ્યારે તમને કોઈની સૌથી વધુ જરૂર હશે, ત્યારે તમને પણ એ જ દર્દ અને એ જ એકલતા ભોગવવી પડશે જે તમે બીજાને આપી હતી. તેને જ કદાચ 'ઈન્સ્ટન્ટ કર્મા' અથવા કુદરતની લાકડી કહેવાય છે, જેમાં અવાજ નથી હોતો પણ ફટકો બહુ કાળી અસહ્ય વેદના આપે છે.

પાક્કો ગુજરાતનો સંદેશ

ભરોસો કમાવવામાં આખી જિંદગી નીકળી જાય છે, જ્યારે તેને તોડવામાં માત્ર એક ક્ષણ લાગે છે. જો તમે કોઈનું સારું ન કરી શકો તો કશો વાંધો નહીં, પણ કોઈના નિઃસ્વાર્થ ભરોસાનો વેપાર કરીને તેને ધોકો તો ન જ આપો. કારણ કે ભલે કોઈ માણસ તમારી ચાલાકી પકડી ન શકે, પણ એ ઉપરવાળાની અદાલતમાં બધો જ હિસાબ લાઈવ રેકોર્ડ થઈ રહ્યો છે. આજે તમે કોઈને દગો આપશો, તો આવતીકાલે તમારી પોતાની જ કોઈ વહાલી વ્યક્તિ કે પરિસ્થિતિ દ્વારા તમને એ ભોગવવો જ પડશે.

માટે જ, જાગો અને માણસાઈને જીવતી રાખો. છેતરપિંડીના પાયા પર ચણાયેલા મહેલો એક દિવસ પત્તાના મહેલની જેમ તૂટી પડે છે, જ્યારે પ્રામાણિકતા અને વફાદારીનો એક નાનો છોડ પણ સદીઓ સુધી સુખની છાંયડો આપે છે.

### એક લાચાર પિતાની હૃદયદ્રાવક આજીજી

# "મેડમ, મારી દીકરીને મારતા નહીં, એની માં નથી... એ રડશે તો એને છાની કોણ રાખશે?" સોશિયલ મીડિયા પર પિતૃત્વના અનોખા રૂપને સલામ!

કહેવાય છે કે માતા એ પ્રેમ અને મમતાની મૂરત છે, પણ જ્યારે કુદરત કોઈ બાળકના માથા પરથી માતાનો સાયડો છીનવી લે છે ત્યારે એક પિતા પહાડ જેવી ધીરજ રાખીને માતા અને પિતા બંનેની બેવડી ભૂમિકા ભજવવા મેદાનમાં આવે છે. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક એવી હૃદયસ્પર્શી અને લાગણીસભર ઘટના સામે આવી છે, જેણે પથ્થર દિલના માણસને પણ રડાવી દીધો છે. એક સરકારી શાળાના ક્લાસરૂમમાંથી સામે આવેલી આ વિગતો માત્ર એક સામાન્ય સમાચાર નથી, પરંતુ પિતૃત્વના અપાર પ્રેમ અને વેદનાની પરાકાષ્ઠા છે.

ક્લાસરૂમમાં છવાયો સન્નાટો: પિતાના ધ્રુજતા શબ્દોએ સૌને ભાવુક કર્યા

મળતી માહિતી અનુસાર, એક સરકારી શાળામાં એક પિતા પોતાની નાની માસૂમ દીકરીને આંગળી પકડીને શિક્ષક પાસે લઈ જાય છે. એક મધ્યમવર્ગીય અને લાચાર દેખાતા આ પિતા શાળાની બેન્ચ પર પોતાની દીકરી સાથે બેસે છે. તેમના ચહેરા પર દીકરીના ભવિષ્યની ચિંતા અને આંખોમાં અસીમ પ્રેમ સ્પષ્ટ દેખાતો હતો. તેઓ અત્યંત નમ્રતાથી અને ધ્રુજતા અવાજે ક્લાસના મહિલા શિક્ષકને આજીજી કરતા કહે છે કે, 'મેડમ, મારી દીકરીને ક્યારેય મારતા નહીં કે વઢતા નહીં... એની માતા હવે આ દુનિયામાં હયાત નથી. મેં એને ખૂબ વહાલથી ઉછેરી છે, જો શાળામાં કોઈ એને વઢશે અને તે રડવા લાગશે, તો ઘેર જઈને એને છાની રાખવા વાળું કોઈ નથી!' એક પિતાના મુખેથી નીકળેલા આ કરુણ અને વેદનાસભર શબ્દો સાંભળતા જ આખા ક્લાસરૂમમાં એક ક્ષણ માટે ઘેરો સન્નાટો છવાઈ ગયો હતો.સમય આવે ત્યારે પિતા જ દીકરીની સૌથી મોટી ઢાલ બને છે

આ ઘટનાની વિગતો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લાખો યુઝર્સ આ પિતાના નિસ્વાર્થ પ્રેમને નમન કરી રહ્યા છે. લોકો કહી રહ્યા છે કે સમાજ ભલે ગમે તે વિચારે, પણ જ્યારે પુરુષ પિતૃત્વના સાચા રોલમાં આવે છે ત્યારે તે માતા કરતાં પણ વધુ કોમળ બની શકે છે. પત્નીના અવસાન પછી દીકરી એકલી ન પડી જાય, તેને માતાની ખોટ ન સાલે તે માટે આ પિતા પોતે જ માં બનીને તેની કાળજી રાખી રહ્યા છે. શાળામાં મોકલતી વખતે પણ તેમને ચિંતા છે કે તેમની ગેરહાજરીમાં કોઈ તેમની લાડકવાઈને દુભવે નહીં.

સોશિયલ મીડિયા પર પ્રશંસાની સરવાણી: પિતૃત્વના આ રૂપને કોટિ-કોટિ પ્રણામ

આજકાલના આધુનિક યુગમાં જ્યાં સંબંધો તૂટતા વાર નથી લાગતી, ત્યાં આ સરકારી શાળાનો કિસ્સો સમાજ માટે એક બહુ મોટી લાકડી સમાન છે. યુઝર્સ કમેન્ટ્સ કરીને કહી રહ્યા છે કે, 'આ પિતાને સલામ છે, જેમણે સાબિત કર્યું કે દીકરી માટે પિતા જ તેનો પહેલો સુપરહીરો હોય છે.'

માતા વિનાની આ દીકરી માટે તેના પિતા જ તેનું સર્વસ્વ છે. પિતાની આ વેદના અને એક માસૂમ બાળકી પ્રત્યેની તેમની ફરજ એ વાતની સાબિતી છે કે દુનિયામાં ભલે ગમે તેટલા બદલાવ આવે, પણ સંતાન પ્રત્યેનો માવતરનો પ્રેમ ક્યારેય ઓછો થઈ શકતો નથી. પાક્કો ગુજરાત ન્યૂઝ આ જાંબાઝ અને પ્રેમાળ પિતાની ભક્તિ અને પિતૃત્વના આ અદભુત સ્વરૂપને હૃદયપૂર્વક બિરદાવે છે.

# યુગાન્ડામાં શૈક્ષણિક પ્રવાસે નીકળેલી સ્કૂલનો બસનો દર્દનાક અકસ્માત, 20 બાળકો સહિત 21ના મોત

યુગાન્ડાથી એક ખૂબ જ દર્દનાક સમાચાર સામે આવ્યા છે, જ્યાં શૈક્ષણિક પ્રવાસથી પરત ફરી રહેલા માસૂમ બાળકોથી ભરેલી એક સ્કૂલ બસ અકસ્માતનો ભોગ બની ગઈ. પૂર્વ યુગાન્ડાના કપચોરવા જિલ્લામાં પ્રખ્યાત સિપી ફોલ્સ ફરીને પરત ફરી રહેલા વિદ્યાર્થીઓની બસ રોડ પરથી નીચે ઉતરીને પલટી ગઈ, જેના કારણે ઓછામાં ઓછા 20 બાળકો અને એક પુખ્ત વયના વ્યક્તિનું મોત થયું છે. અન્ય ઘણા બાળકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત છે અને હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી દીધો છે. એક ખુશાખુશાલ શૈક્ષણિક પ્રવાસ થોડી જ ક્ષણોમાં શોકમાં ફેરવાઈ ગયો અને ઘણા પરિવારોએ પોતાના બાળકોને હંમેશા માટે ગુમાવી દીધા. શૈક્ષણિક પ્રવાસથી પરત ફરતી વખતે અકસ્માત પોલીસના જણાવ્યા મુજબ આ અકસ્માત ગુરુવારે રાત્રે પૂર્વ યુગાન્ડાના કપચોરવા જિલ્લામાં થયો હતો. રાજધાની કંપાલા સ્થિત કિંગ ડેવિડ જુનિયર સ્કૂલના વિદ્યાર્થીઓ અને શિક્ષકો શૈક્ષણિક પ્રવાસ અંતર્ગત પ્રખ્યાત પર્યટન સ્થળ સિપી ફોલ્સ ગયા હતા. પરત ફરતી વખતે અચાનક બસ અનિયંત્રિત થઈ ગઈ અને રોડ પરથી નીચે ઉતરીને એક ખડક સાથે અથડાયા બાદ પલટી ગઈ. અકસ્માત એટલો ભયાનક હતો કે બસનો ઉપરનો ભાગ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયો હતો. પોલીસે જણાવ્યું કે આ અકસ્માતમાં ઓછામાં ઓછા 20 બાળકો અને એક પુખ્ત વયના વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે. યુગાન્ડાના સ્થાનિક તંત્રના જણાવ્યા અનુસાર, મૃતક પુખ્ત વયના વ્યક્તિ સ્કૂલના સ્થાપક અને સંચાલક હોવાનું જણાય છે. અન્ય ઘણા બાળકોને ગંભીર ઈજાઓ થઈ છે, જેમાંથી ઓછામાં ઓછા નવ બાળકોની હાલત નાજુક હોવાનું કહેવાય છે. સ્થાનિક લોકોએ બચાવ કામગીરી કરી અકસ્માત બાદ તરત જ આસપાસના ગ્રામજનો સૌથી પહેલા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે ક્ષતિગ્રસ્ત બસમાંથી બાળકોને બહાર કાઢવામાં મદદ કરી અને ઈજાગ્રસ્તોને વિવિધ હોસ્પિટલોમાં પહોંચાડ્યા. સ્થાનિક લોકોની તત્પરતાને કારણે ઘણા બાળકોને સમયસર સારવાર મળી શકી. અકસ્માતના કારણોની તપાસ શરૂ પ્રારંભિક તપાસમાં આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે ચાલકે બસ પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. જોકે પોલીસે સ્પષ્ટ કર્યું છે કે અકસ્માતના વાસ્તવિક કારણોની તપાસ હજુ ચાલુ છે. અકસ્માત સમયે રોડની સ્થિતિ, વાહનની તકનીકી સ્થિતિ અને ચાલક સંબંધિત તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે.

જાહેરાત માટે
ટચુકડી જાહેરાત, શ્રદ્ધાંજલિ, પ્રેસનોટ અને સમાચાર
આપવા માટે સંપર્ક કરો
ટચુકડી જાહેરાત — વ્યવસાય, ઓફર, પ્રોડક્ટ, દુકાન, સર્વિસ જાહેરાત
શ્રદ્ધાંજલિ — જન્મજયંતિ, પુણ્યતિથિ, શ્રદ્ધાંજલિ નિમંત્રણ
PRESS NOTE
પ્રેસનોટ — સંસ્થાઓ, કાર્યક્રમો, અમંત્રણ, જાહેરાત યાદી
સમાચાર
સમાચાર — સ્થાનિક, સામાજિક, શૈક્ષણિક, વ્યાપારિક સમાચાર
કોન્ટેક્ટ નંબર 96388 77700
ઝડપી સેવા — તાત્કાલિક પ્રકાશન
વિશ્વસનીય માધ્યમ — વાંચકો સુધી ચોક્કસ પહોંચ
વ્યાપક પ્રસાર — સ્થાનિકથી વ્યાપક સ્તરે
આકર્ષક ડિઝાઇન — સુંદર અને પ્રોફેશનલ લુક

### સેલવાસમાં શિક્ષણધામ પાછળ નશા અને જુગારનું સામ્રાજ્ય

# SSR કોલેજની પાછળ રોજ કરોડોનો જુગાર, સિરાજ અને રાજુ બેટરીની ગુંડાગર્દી સામે સેલવાસ પોલીસ કેમ લાચાર?

**'કોલેજના યુવાનોનું ભવિષ્ય રોળતા જુગારધામ પર પોલીસના લાખોના હપ્તા!' – ગુજરાત અને મહારાષ્ટ્રથી આવતા ખેલૈયાઓ માટે દારૂ-ડ્રગ્સની મહેફિલ, શું એસપી સાહેબ આ ભ્રષ્ટાચારી અધિકારીઓ પર ગાજ પાડશે?**

સેલવાસ, ખાસ પ્રતિનિધિ


સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના પાટનગર સેલવાસમાંથી એક અત્યંત ચોંકાવનારો અને સનસનાટીપૂર્ણ ખુલાસો સામે આવ્યો છે. જ્યાં હજારો વિદ્યાર્થીઓ પોતાનું ભવિષ્ય બનાવવા આવે છે, તે પ્રખ્યાત એસએસઆર (SSR) કોલેજની બિલકુલ પાછળ જ સેલવાસના ઈતિહાસનું સૌથી મોટું અને કુખ્યાત જુગારધામ ધમધમી રહ્યું છે. શિક્ષણધામની પવિત્રતાને રોળતા આ કાળા કારોબારના કારણે કોલેજના નિર્દોષ વિદ્યાર્થીઓનું ભવિષ્ય પણ હવે ગંભીર જોખમમાં મુકાયું છે.

## સિરાજ અને રાજુ બેટરીનું પાપનું સામ્રાજ્ય

મળતી સનસનાટીપૂર્ણ વિગતો મુજબ, આ હાઈપ્રોફાઈલ જુગારનો અડ્ડો સિરાજ અને રાજુ બેટરી નામના બે માથાભારે તત્વો ચલાવી રહ્યા છે. અહીં ઘોડી ફટકી, રમી અને ત્રણ પત્તી જેવા જુગારના હાઈ-ટેક ખેલ રમાડવામાં આવે છે. આ અડ્ડાનું નેટવર્ક એટલું મોટું છે કે અહીં માત્ર સ્થાનિક નહીં, પરંતુ ગુજરાતના દમણ, વાપી, વલસાડ, સુરત અને છેક મહારાષ્ટ્રથી મોટા-મોટા ગજાના ખેલૈયાઓ રોજ ગાડીઓ ભરીને જુગાર રમવા આવે છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ અડ્ડા પર રોજનું કરોડો રૂપિયાનું ટર્નઓવર થાય છે.

## જુગાર સાથે દારૂ અને ડ્રગ્સની ગંદી રમત

આ માત્ર જુગારનો અડ્ડો નથી, પરંતુ ગુનાખોરીનું એક મોટું કેન્દ્ર બની ગયું છે. બહારથી આવતા ખેલૈયાઓને આકર્ષવા માટે અહીં ખુલ્લેઆમ દારૂ પીરસવામાં આવે છે.



વહીવટદાર સિરાજ

એટલું જ નહીં, અંદરના વર્તુળોમાંથી મળતી અત્યંત વિસ્ફોટક માહિતી મુજબ, આ અડ્ડા પર છાના ખૂણે પ્રતિબંધિત ડ્રગ્સ (નશીલા પદાર્થો) નું સેવન પણ કરવામાં આવે છે. કોલેજની પાછળ જ ચાલતા આ ગંદા ખેલના કારણે વિદ્યાર્થીઓ પણ નશા અને ગુનાખોરીના રસ્તે ચડી જાય તેવી પૂરેપૂરી ભીતિ સેવાઈ રહી છે.

## સેલવાસ પોલીસ અંધ છે કે હપ્તાના નશામાં મસ્ત?

સૌથી મોટો અને શરમજનક સવાલ સેલવાસ પોલીસ તંત્ર સામે ઊભો થયો છે. આટલી મોટી કોલેજની પાછળ આટલું મોટું કરોડોનું જુગારધામ ચાલે, રોજ સેંકડો લક્ઝુરિયસ ગાડીઓ આવે, તો પણ સેલવાસ પોલીસને કંઈ દેખાતું નથી! ચર્ચા તો એવી છે કે આ જુગારધામ લાંબો સમય ટકી રહે તે માટે સેલવાસ પોલીસ મથકના ભ્રષ્ટ અધિકારીઓથી લઈને છેક એસપી (SP) ઓફિસના વહીવટદારો સુધી દર મહિને લાખો રૂપિયાનું આંધળું ભરણ (હપ્તો) પહોંચાડવામાં આવે છે. કાયદાના રક્ષકો જ જ્યારે હપ્તા ખાવામાં મસ્ત બની જાય, ત્યારે જનતા કોના ભરોસે રહે?

## પાક્કો ગુજરાતનો આકરો સવાલ: ગાજ ક્યારે પડશે?

આ શિક્ષણધામની આજુબાજુ ફેલાયેલા કેન્સર સમાન જુગારધામને લીધે સમગ્ર સેલવાસની જનતામાં ભારે આક્રોશ વ્યાપેલો છે. જનતા પૂછી રહી છે કે, શું સેલવાસ પોલીસ અને ઉચ્ચ વહીવટી તંત્ર માત્ર હપ્તા ઉઘરાવવામાં જ રસ રાખે છે કે પછી આ દેશના ભવિષ્ય સમાન યુવાનોની કોઈ ચિંતા છે? આવા આંધળા અને લાંચિયા પોલીસ અધિકારીઓ પર એક્શન કોણ લેશે? ઉચ્ચ પ્રશાસન ક્યારે જાગશે અને આ સિરાજ તેમજ રાજુ બેટરીના સામ્રાજ્ય પર બુલડોઝર ક્યારે ફેરવશે, તે જોવું રહ્યું.

---

### પોશીના માર્ગ ઉપર દાંતીયા પાસે

# પેસેન્જર ભરેલી જીપ પલટી ખાઅઈ જતાં મહિલા સહિત બે લોકોનાં ઘટનાસ્થળે જ મોત

ઈડર, જાકીર મેમણ

અકસ્માતજીપ પલટી જતાં મહિલા સહિત બેનાં મોત પોશીનાના દેલવાડા પોશીના માર્ગ ઉપર દાંતીયા પાસે આવેલ ઘાંટા નજીક સાંજે 4 વાગ્યાના સુમારે પેસેન્જર ભરેલી જીપ પલટી ખાઅઈ જતાં મહિલા સહિત બે લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા હતા. જ્યારે અન્ય લોકોને ઈજા થતાં સારવાર અર્થે ખસેડાયા હતા.આ મામલે પોલીસે નાસી છૂટેલા ચાલક સામે ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોશીનાના ટેબડા ગામે રહેતાશારદાબેનસતરાભાઈ રાઠોડે પોશીના પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદ મુજબ, બુધવારે સાંજે 4 વાગ્યાના સુમારે ફરિયાદી સહિતના પેસેન્જર જીપ નંબર GJ 15 BB 0286માં સવાર થઈ દેલવાડાથી પોશીના તરફ આવી રહ્યા હતા.તે દરમિયાન દાંતીયા ગામ પાસે આવેલ જોખમી ઘાંટા નજીક જીપ ચાલકે ગફલતભરી રીતે જીપ હંકારતાજીપ પલટી ગઈ હતી. જેમાં અંદર સવાર થાવરીબેન માધાભાઈ ડાભી રહે. દંત્રાલ તા.પોશીના તથા વીરાભાઈ ફતાભાઈ અંગારી (રહે. જોગીવાડ,તા. કોટડા જિ.(ઉદયપુર) ને ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.



જ્યારે અન્ય ઈજાગ્રસ્તો પોશીના સીએચસી ખાતે ખસેડાયા હતા. જ્યારે અકસ્માત બાદ જીપચાલક નાસી છૂટ્યો હતો. આ મામલે પોશીના પોલીસે શારદાબેનની ફરિયાદના આધારે ચાલક સામે ગુનો નોંધ્યો હતો.ઘાંટાના જોખમી ઢાળને ઉતારી લોપોશીના દેલવાડા માર્ગ ઉપર આવેલ આ ઘાંટો વર્ષોથી જોખમી છે આ માર્ગ ઉપર અવારનવાર અકસ્માતો થાય છે. જ્યારે આ માર્ગ ઉપરથી ભારે વાહનો બિલકુલ પસાર થઈ શકતા નથી સાથે બસ ચાલકોને પણ આ માર્ગ ઉપર ભારે મુશ્કેલી પડે છે. તો સંલગ્ન તંત્ર દ્વારા ઘાંટાના જોખમી ઢાળને ઉતારવામાં આવે તેવી લોક માંગ ઉઠવા પામી છે.

---

# દેવગઢ બારિયા નગરપાલિકાની પેટા ચૂંટણી: 6 બેઠકો માટે 13 ઉમેદવારો વચ્ચે જંગ, 28 જુલાઈએ મતદાન

દેવગઢ બારિયા, જાબીર શુક્લા

દેવગઢ બારિયા નગરપાલિકાની છ ખાલી પડેલી બેઠકો માટે યોજાનારી પેટા ચૂંટણી હવે રસપ્રદ તબક્કામાં પહોંચી છે. આગામી 28 જુલાઈએ મતદાન યોજાશે, જેમાં કુલ 13 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં તેમાં ભારતીય જનતા પાર્ટીના 6, કોંગ્રેસના 3, આમ આદમી પાર્ટીના 3 અને 1 અપક્ષ ઉમેદવાર વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળશે.

આ પેટા ચૂંટણીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ગઠબંધન કરવામાં આવ્યું ગઠબંધન મુજબ ત્રણ બેઠકો પર કોંગ્રેસ અને ત્રણ બેઠકો પર આમ આદમી પાર્ટી પોતાના ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે. બીજી તરફ ભાજપે તમામ છ બેઠકો પર પોતાના ઉમેદવારો ઉભા રાખી સંપૂર્ણ તાકાત સાથે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો

ચૂંટણીને લઈને ત્રણેય રાજકીય પક્ષોએ પ્રચાર તેજ કર્યો ભાજપ તરફથી સાંસદ, ધારાસભ્ય, જિલ્લા પ્રમુખ સહિતના આગેવાનો દેવગઢ બારિયામાં ધામા નાખી પ્રચાર કરી રહ્યા કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ પણ મતદારો સુધી પહોંચવા માટે સઘન જનસંપર્ક અભિયાન ચલાવી રહ્યા છે.

---

### ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે કરુણ ઘટના

# મહિલાએ બે માસૂમ બાળકીઓ સાથે કુવામાં ઝંપલાવ્યું; ત્રણેયના મોતથી સમગ્ર પંથકમાં શોક

ઝાલોદ, પંકજ પંડિત

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના અનવરપુરા ગામે ગુરુવારે સાંજના સમયે હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. પ્રાથમિક માહિતી મુજબ 23 વર્ષીય સુનીતાબેન પપ્પુભાઈ કલારાએ પોતાની બે માસૂમ બાળકીઓ સાથે કુવામાં ઝંપલાવ્યું હતું. ઘટનામાં સુનીતાબેન તેમજ તેમની બંને પુત્રીઓના કરુણ મોત થયા છે.

મળતી માહિતી મુજબ સુનીતાબેનના પતિ લીમડી વિસ્તારમાં મજૂરી કામે ગયેલા હતા. અંદાજે સાંજે 6 વાગ્યાના સમયે આ ઘટના બની હોવાનું જાણવા મળે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ પરિવારના પપ્પુભાઈના ભાઈના દીકરાએ આ ઘટના જોઈ હોવાની ચર્ચા છે. ત્યારબાદ તેણે ઘરમાં પરિવારજનોને જાણ કરતાં હાહાકાર મચી ગયો હતો. જોકે, આ બાબત અંગે પોલીસ દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી.



જાણવા મળેલી માહિતી મુજબ પપ્પુભાઈ તેમના માતા-પિતા અને બે ભાઈઓ સાથે સંયુક્ત પરિવારમાં રહેતા હોવાનું પણ સામે આવ્યું છે.

મૃતક બાળકીઓમાં પ્રાચી (ઉંમર 3 વર્ષ) અને *વંશી (ઉંમર દોઢ વર્ષ)*નો સમાવેશ થાય છે. ઘટનાની જાણ થતાં ઝાલોદ પોલીસ તેમજ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ કુવામાંથી સુનીતાબેન અને બંને બાળકીઓના મૃતદેહ બહાર કાઢ્યા હતા.

ઘટના બાદ સમગ્ર અનવરપુરા ગામ સહિત ઝાલોદ પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. એક જ પરિવારના ત્રણ સભ્યોના અકાળે મોતથી ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. આ હૃદયદ્રાવક પગલું કયા કારણોસર ભરવામાં આવ્યું તે હજુ સુધી સ્પષ્ટ થઈ શક્યું નથી. ઘટનાનું સાચું કારણ પોલીસ તપાસ બાદ જ સામે આવશે.

---

# ચનવાડામાં ખેડૂતોનો રસ્તો રોકનાર 'બાહુબલી' કોણ? 300 વીઘા જમીન બંધક બનતા ખેડૂતો રણચંડી બન્યા!

ડભોઇ

એક તરફ જગતનો તાત કાળી મજૂરી કરીને દેશનું પેટ ભરે છે, અને બીજી તરફ આવા જ સરકારી કે ખાનગી અડિયલ તત્વો ખેડૂતોના પેટ પર લાત મારવા તૈયાર બેઠા છે! ડભોઇ તાલુકાના ચનવાડા ગામે એક સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં અંદાજે ૩૦૦ વીઘા જેટલી સોના જેવી કિંમતી ખેતીની જમીનનો મુખ્ય રસ્તો રાતોરાત બંધ કરી દેવાયો છે. ૭૦ થી ૮૦ જેટલા પરિવારો જેમના ઘર આ ખેતી પર ચાલે છે, તેઓ આજે પોતાના જ ખેતરે જવા માટે લાચાર બન્યા છે.

મળતી વિગતો અનુસાર, ચનવાડા ગામના જ એક ખેડૂત રમણભાઈ સોમાભાઈ બારીયાએ ગઈકાલે અચાનક જ ખેતરો તરફ જતો જાહેર રસ્તો રોકી દીધો હતો. આ કોઈ સામાન્ય ગલી નથી, પણ અંદાજે ૮૦ જેટલા ખેડૂતોના ટ્રેક્ટર, હળ અને ખેતીના સાધનો લઈ જવાનો એકમાત્ર જીવાદોરી સમાન રસ્તો છે. જ્યારે રોષે ભરાયેલા ગ્રામજનોએ રમણભાઈને પૂછ્યું કે 'આ રસ્તો કેમ બંધ કર્યો?', ત્યારે સાહેબે કોઈ પણ સંતોષકારક જવાબ આપવાની તસ્દી સુદ્ધાં ન લીધી! આવી અડિયલ નીતિ સામે આખરે શાંત બેઠેલો ખેડૂત રોષે ભરાયો છે.




ચોમાસાની સીઝન બરાબર જામી છે, વાવણી અને ખેતીના કામો પૂરજોશમાં ચાલી રહ્યા છે, ત્યારે જ રસ્તો બંધ થતાં ખેડૂતોનું આખું વર્ષ બરબાદ થવાની અણી પર છે. આ અન્યાય સામે આજે ચનવાડા ગામના આક્રોશિત ખેડૂતોનું ટોળું સીધું ડભોઇ સેવાસદન ખાતે ત્રાટક્યું હતું. મામલતદારને આવેદનપત્ર આપીને ખેડૂતોએ એક જ સૂરે માગ કરી છે: 'અમારો રસ્તો તાત્કાલિક ખુલ્લો કરો, નહિતર આ આંદોલન વહીવટી તંત્રને ભારે પડશે!'

અત્યારે તો ખેડૂતોએ શાંતિપૂર્વક આવેદનપત્ર આપીને વહીવટી તંત્રને ઢંઢોળવાનો પ્રયત્ન કર્યો છે, પણ સાથે જ ઉગ્ર ચીમકી આપી છે કે જો વહેલી તકે રસ્તો ખુલ્લો નહીં થાય તો આગામી દિવસોમાં આ લડાઈ વધુ ઘાતક અને ઉગ્ર બનશે. હવે જોવાનું એ રહે છે કે ડભોઇના મામલતદાર અને સ્થાનિક તંત્ર આ જોહુકમી સામે ક્યારે લાલ આંખ કરે છે અને ચનવાડાના ૮૦ પરિવારોને ન્યાય અપાવે છે!

---

### દહેજGIDC માં ફરી પ્રદૂષણનો મુદ્દો ગરમાયો

# SRF કંપનીમાંથી કાળા રંગના શંકાસ્પદ પાણીના નિકાલના આક્ષેપ : GPCB દ્વારા સ્થળ ઉપરથી સેમ્પલ લેવામાં આવ્યા

ભરૂચ, રંગુની જાકીર

દહેજ GIDC વિસ્તારમાં આવેલી SRF કંપની ફરી એકવાર પ્રદૂષણના મુદ્દે ચર્ચાના કેન્દ્રમાં આવી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ કંપનીની હદમાંથી પસાર થતા નાળા અને ડ્રેનેજ વિસ્તારમાં કાળા રંગનું શંકાસ્પદ પાણી બહાર છોડવામાં આવી રહ્યું હતું. ઘટનાની માહિતી મળતા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના અધિકારીઓ તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા અને સ્થળનું નિરીક્ષણ કરીને પાણીના સેમ્પલ એકત્રિત કર્યા હતા.

સ્થળ પર જોવા મળેલા દ્રશ્યો ચોંકાવનારા હતા. નાળામાં વહેતું પાણી સામાન્ય પાણી કરતાં સંપૂર્ણપણે અલગ અને કાળા રંગનું દેખાઈ રહ્યું હતું. આ ઘટનાના ફોટા અને વિડિઓ સ્થાનિકોમાં ચર્ચાનો વિષય બન્યા છે.

ઘટનાને લઈને આસપાસના સ્થાનિકલોકો અને પર્યાવરણપ્રેમીઓમાં ભારે ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે આ પાણીમાં કેમિકલ અથવા અન્ય પ્રદૂષક તત્ત્વો હશે તો તેની સીધી અસર જમીન, ભૂગર્ભ જળ, ખેતી, પશુધન તેમજ માનવ આરોગ્ય પર પડી શકે છે. દહેજ વિસ્તાર પહેલેથી જ ઔદ્યોગિક વિસ્તાર હોવાથી લોકો લાંબા સમયથી પ્રદૂષણ સંબંધિત પ્રશ્નો ઉઠાવતા રહ્યા છે.

સ્થાનિક લોકોએ સવાલ ઉઠાવ્યો છે કે કંપની પાસે ઈફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (ETP) અને પર્યાવરણ સંબંધી જરૂરી સુવિધાઓ કાર્યરત છે, તો પછી આ પ્રકારનું કાળા રંગનું પાણી બહાર કેવી રીતે જોવા મળી રહ્યું છે? શું પાણીને યોગ્ય રીતે શુદ્ધ કર્યા વિના બહાર છોડવામાં આવી રહ્યું છે? તેમજ અગાઉ પણ આવી પ્રકારની ઘટનાઓ બની છે તેની પણ નિષ્પક્ષ તપાસ થવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે.સ્થાનિક લોકોનું કહેવું છે કે વિકાસના નામે લોકોના આરોગ્ય અને પર્યાવરણ સાથે ચેડો સ્વીકાર્ય નથી. ઉદ્યોગો વિકાસ માટે જરૂરી છે, પરંતુ પર્યાવરણના નિયમોનું પાલન કરવું પણ એટલું જ જરૂરી છે. સ્થાનિક લોકોની માંગણીઓ છેકે સમગ્ર ઘટનાની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. પાણીના સેમ્પલનો લેબોરેટરી રિપોર્ટ જાહેર કરવામાં આવે. આસપાસના પાણી, જમીન અને પર્યાવરણની ગુણવત્તાની તપાસ કરવામાં આવે. જો કંપની દોષિત સાબિત થાય તો કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ફરી ન બને તે માટે સતત મોનિટરિંગ વ્યવસ્થા કરવામાં આવે.

---

# અંબાજી વેપારી પર હુમલો: સરપંચ પતિ સહિત 7 ઝડપાયા, પોલીસે 6 આરોપીઓનુ ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કર્યું

અંબાજી

અંબાજીમાં એક વેપારી પર જીવલેણ હુમલો અને લૂંટના મામલામાં પોલીસે કાર્યવાહી કરી છે. 15મી તારીખે વેપારી મુરારી અગ્રવાલ પર અંબાજીના સરપંચ પતિ હેમંત દવેએ હુમલો કરાવ્યો હતો.

આ ઘટનામાં પોલીસે સરપંચ પતિ સહિત 7 આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસ મુજબ, સરપંચ પતિ હેમંત દવેએ બહારથી ગુંડાઓને બોલાવી વેપારી મુરારી અગ્રવાલને જાનથી મારી નાખવાનો પ્લાન બનાવ્યો હતો.

હુમલાખોરોએ વેપારીને માર મારી તેમના ખિસ્સામાંથી રૂપિયા 10,000 રોકડા ઝૂંટવી લીધા હતા અને ત્યારબાદ વરના કારમાં નાસી છૂટ્યા હતા.આ ઘટના બાદ વેપારી મુરારી અગ્રવાલે અંબાજીના સરપંચ પતિ હેમંત દવે સહિત 7 અસામાજિક તત્વો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. બનાસકાંઠા પોલીસની સતર્કતાને કારણે ગણતરીના કલાકોમાં જ અંબાજી પોલીસે તમામ 7 આરોપીઓની ધરપકડ કરી લીધી હતી.

---

### જેઠ સાથે આડા સંબંધની શંકાએ લીધો યુવતીનો જીવ

# ટીમાચી ગામમાં પરિણીતાની ગળું દબાવી હત્યાનો આરોપ, પિતા દ્વારા પતિ સામે ચાકલિયા પોલીસમાં ફરિયાદ

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકાના ટીમાચી ગામમાં એક પરિણીત યુવતીનું શંકાસ્પદ સંજોગોમાં મોત થતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. મૃતકના પિતાએ પોતાની ફરિયાદમાં ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું છે કે, જેઠ સાથે આડા સંબંધ હોવાની શંકા રાખી પતિએ પત્નીને ખેતરમાં લઈ જઈ ગળું દબાવી હત્યા કરી હતી. આ બનાવ અંગે ચાકલિયા પોલીસ સ્ટેશનમાં હત્યાની ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસ ફરિયાદ મુજબ, ગોવિંદ ગુરુ લીમડી તાલુકાના રળીયાતી ભુરા માળ ફળિયામાં રહેતા ખેડૂત રમેશભાઈ રામસીંગભાઈ નિસરતાની પુત્રી અંજનાબેન આશરે ત્રણ મહિના અગાઉ ટીમાચી ગામના રીતેશભાઈ રાકેશભાઈ બારીયા સાથે પ્રેમ સંબંધને કારણે ઘરેથી જતી રહી હતી. ત્યારબાદ સમાજના પંચ દ્વારા બંને પક્ષો વચ્ચે સમાધાન કરવામાં આવ્યું હતું. જોકે અંજનાબેન અને તેના પિતા વચ્ચે ફોન પર નિયમિત વાતચીત થતી હતી. ફરિયાદ મુજબ, તા. 16 જુલાઈ, 2026ના રોજ બપોરે અંજનાબેને તેના પિતાને ફોન કરીને તેઓ ખેતરમાં હોવાની જાણકારી મેળવી હતી અને સાંજે ફરી ફોન કરવા જણાવ્યું હતું. ત્યારબાદ સાંજે લગભગ 7 વાગ્યે પિતાએ અંજનાબેન સાથે વાત કરતાં તેણીએ 'હું રોટલા બનાવું છું' તેમ કહ્યું હતું. આ પિતા-પુત્રી વચ્ચેની છેલ્લી વાતચીત સાબિત થઈ.

---

# ક્રિકેટ રમવા ગયેલા એન્જિનિયરને 2.65 લાખનો ફટકો : સ્કૂટરની ડેકીમાંથી કાર્ડ-મોબાઈલ ચોરી તસ્કરોએ ઓનલાઇન ટ્રાન્ઝેક્શન કર્યા

ગાંધીનગર

ગાંધીનગરમાં મિત્રો સાથે ક્રિકેટ રમવા ગયેલા એન્જિનિયરને પોતાના વાહનની ડેકીમાં કિંમતી સામાન મૂકવો ભારે પડી ગયો છે. તસ્કરોએ સ્કૂટરની ડેકીમાંથી પર્સ અને ફોનની ચોરી કરી ડિજિટલ લિંકનો દુરુપયોગ કરીને થોડા જ દિવસોમાં અઢી લાખ રૂપિયાથી વધુની રકમ સેરવી લીધી છે. આ અંગે અડાલજ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના ન્યુ રાણીપ વિસ્તારમાં આવેલી આકાશ રેસિડેન્સીમાં રહેતા અને અદાણી કંપનીમાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા દીપક રાકેશ શર્મા ગત 27 જૂનના રોજ રાત્રિના સમયે જમીયતપુરા ગામની સીમમાં આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે પોતાના મિત્રો સાથે નાઈટ ક્રિકેટ મેચ રમવા માટે પહોંચ્યા હતા. બાદમાં રાત્રિના સમયે મેચ પૂર્ણ કરીને દીપકભાઈ સ્કૂટર પાસે પરત ફર્યા હતા અને ડેકી ખોલીને તપાસ કરતા અંદર મૂકેલું પર્સ અને મોબાઈલ ફોન ગાયબ જોઈ ચોંકી ઉઠ્યા હતા.



### એક્શન સિક્વન્સ શુટ કરીને સેટ પર રહેલા દરેક વ્યક્તિને ચોંકાવ્યા

# 8 કલાકની શિફ્ટના વિવાદ વચ્ચે દીપિકાએ 'રાકા' ફિલ્મનું શૂટિંગ પૂર્ણ કરીને સૌને ચોંકાવ્યા

મુંબઈ

દીપિકા પાદુકોણ હાલમાં સારા દિવસો માણી રહી છે, પણ એક્ટ્રેસે કામ ચાલું રાખ્યું છે. સાત મહિનાની ગર્ભવતી એક્ટ્રેસ હાલમાં પોતાની નવી ફિલ્મ રાકામાં વ્યસ્ત છે. આ ફિલ્મમાં તે સાઉથના સુપરસ્ટાર અલ્લુ અર્જુન સાથે સ્ક્રિન શૅર કરશે. મેટરનીટી લીવ પર ઊતરતા પહેલા તેણે પોતાના ભાગનું તમામ શુટિંગ ખતમ કરવા સતત કામ કરી રહી છે. સગર્ભા અવસ્થામાં દીપિકાએ એક્શન સિક્વન્સ શુટ કરીને સેટ પર રહેલા દરેક વ્યક્તિને ચોંકાવી દીધા હતા. એટલું જ નહીં એક્ટ્રેસે નાઈટ શિફ્ટ કરીને પણ કામ પૂર્ણ કરી દીધુ હતું. જાણીતા ફિલ્મ ડાયરેક્ટર એટલી આ ફિલ્મ બનાવી રહ્યા છે. 'રાકા' ફિલ્મનું શુટિંગ જુદા-જુદા લોકેશન પર થયેલું છે. કેટલાક સીન પર સેટનો પૂરતો ઉપયોગ કરવામાં આવ્યો છે. 'રાકા' એક સાયન્સ ફિક્શન ફિલ્મ છે.ફિલ્મમાં જબરદસ્ત એક્શન સિક્વન્સ છે. આગામી વર્ષે થિયેટર્સમાં તે આવી શકે છે. 'રાકા' સિવાય દીપિકા શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ'માં પણ જોવા મળશે.'રાકા'ને ખૂબ મોટા બજેટની ફિલ્મ માનવામાં આવે છે. પહેલીવાર અલ્લુ અર્જુન અને દીપિકા સ્ક્રિન શૅર કરી રહ્યા છે. આ સિવાય આ ફિલ્મમાં રશ્મિકા મંદાના, જાહ્નવી કપૂર અને મૃણાલ ઠાકુર જોવા મવશે. દીપિકા પાદુકોણની આઠ કલાકની શિફ્ટવાળી માંગ એ સમયે સૌથી વધારે ચર્ચામાં એવા સમયે આવી જ્યારે દીપિકાને સંદીપ રેડ્ડી વાંગાએ પોતાની ટીમમાંથી બાહર કરી દીધી હતી.એ પછી વાવડ એવા મળ્યા હતા કે, દીપિકાનું નામ નાગ અશ્વિનની ફિલ્મ કલ્કિ-2માંથી પણ પડતું મૂકાયું હતું. મેકર્સ ખુશ કેમ ન હતા? દીપિકાની આઠ કલાકની શિફ્ટ ડ્યૂટીની ડીમાન્ડથી મેકર્સ ખુશ ન હતા. આ કારણે એક્ટ્રેસને બે ફિલ્મમાંથી, સાઈન કરેલા પ્રોજેક્ટમાંથી હાથ ધોવાનો વારો આવ્યો હતો.આ પછી બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં આઠ કલાકની શિફ્ટ પર બબાલ શરૂ થઈ ગઈ હતી. મુદ્દો એટલો ચર્ચામાં રહ્યો હતો કે, મેકર્સથી લઈને લાઈટમેન સુધીના લોકોએ પોતાનો મત વ્યક્ત કર્યો હતો.કેટલાક લોકોએ આઠ કલાકની શિફ્ટનું સમર્થન કર્યું તો કેટલાકે વિરોધ પણ કર્યો. એક ક્રૂ મેમ્બરે નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે, આવા સમયે દીપિકાને કામ કરતા જોવી એ ખરા અર્થમાં પ્રેરણા છે.

**દરેક વ્યક્તિનું કામ પ્રત્યે કમિટમેન્ટ હોય છે પણ દીપિકાનું કામ પ્રત્યેનું કમિટમેન્ટ અલગ લેવલનું છે.**

# ગોવિંદાનું નામ સાંભળતા જ ભડકી પત્ની સુનીતા

## તમે લોકો માત્ર મારા અને મારા દીકરા યશવર્ધનની ફિલ્મની વાત કરો, જે ટૂંક સમયમાં આવી રહી છે



મુંબઈ


બોલીવૂડના દિગ્ગજ અભિનેતા ગોવિંદા વર્ષો બાદ ફિલ્મ 'રૂપા'થી હિન્દી સિનેમામાં કમબેક કરવા જઈ રહ્યા છે. સોમવારે મુંબઈમાં યોજાયેલી એક પ્રેસ કોન્ફરન્સમાં તેમણે આ ફિલ્મની જાહેરાત કરી હતી, જેના દ્વારા તેઓ અભિનેત્રી રાની સ્વર્ણકારને લોન્ચ કરી રહ્યા છે. ચાહકો આ કમબેક પર ગોવિંદાની પત્ની સુનીતા અહૂજાના રિએક્શનની રાહ જોઈ રહ્યા હતા, પરંતુ સુનીતાના લેટેસ્ટ નિવેદને સોશિયલ મીડિયા પર બધાને ચોંકાવી દીધા છે. હાલમાં એક ખૂબ જ ચર્ચિત રિયાલિટી ટીવી શોમાંથી બહાર આવ્યા બાદ સુનીતા આહુજા શુક્રવારે મુંબઈમાં એક ઈવેન્ટમાં પહોંચી હતી. ત્યાં જ્યારે પેપરાજીએ તેમને ગોવિંદાની આગામી ફિલ્મ 'રૂપા' વિશે પૂછ્યું, ત્યારે તેમણે મોં બગાડતા કહ્યું હતું કે જુઓ, આ જગ્યા રૂપા-વૂપાની વાત કરવા માટેની નથી. સુનીતાએ આગળ એવું પણ ઉમેર્યું હતું કે હવે તમે લોકો માત્ર મારા અને મારા દીકરા યશવર્ધનની ફિલ્મની વાત કરો, જે ટૂંક સમયમાં આવી રહી છે. એકતા કપૂર અમારી પ્રોડ્યુસર છે અને તેમણે ઘણો ખર્ચ કર્યો છે. બધી જગ્યાએ બસ યશવર્ધન અને સુનીતા, યશવર્ધન અને સુનીતા જ કરો, મારે બાકી કોઈના વિશે વાત નથી કરવી. જ્યારે પત્રકારોએ સુનીતાને યાદ અપાવ્યું કે ગોવિંદાએ પોતે કહ્યું છે કે તેનો દીકરો તેના કરતાં પણ વધુ ટેલેન્ટેડ છે અને આગળ જશે, ત્યારે સુનીતાએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે મારો દીકરો ટેલેન્ટેડ અને સંસ્કારી છે, મેં તેને મોટો કર્યો છે અને તે સો ટકા આગળ જશે, બસ તમે લોકો તમારો પ્રેમ જાળવી રાખજો. અત્રે ઉલ્લેખનીય છે કે સુનીતા અહૂજાનું ગોવિંદાની ફિલ્મ પ્રત્યેનું આ વલણ જોઈને ફેન્સ હેરાન છે અને સુનીતાને ટ્રોલ કરી રહ્યા છે. સોશિયલ મીડિયા પર યુઝર્સ અલગ-અલગ કમેન્ટ્સ કરી રહ્યા છે.

# વાંગચુક પર આમિરે કહ્યું- 'તેમના માટે ચિંતિત છું'

## લગભગ ત્રણ અઠવાડિયાથી ચાલી રહેલા સોનમ વાંગચુકના અનસન ઉપવાસ વચ્ચે આમિર ખાને પહેલીવાર આ મુદ્દે મૌન તોડ્યું છે.

મુંબઈ

લગભગ ત્રણ અઠવાડિયાથી ચાલી રહેલા સોનમ વાંગચુકના અનસન ઉપવાસ વચ્ચે આમિર ખાને પહેલીવાર આ મુદ્દે મૌન તોડ્યું છે. લાંબા સમયથી સોશિયલ મીડિયા પર તેના મૌનને લઈને સવાલો ઉઠી રહ્યા હતા. હવે આમિરે કહ્યું છે કે તેને સોનમ વાંગચુકના સ્વાસ્થ્યની ચિંતા છે અને તે આશા રાખે છે કે તે જલ્દી પોતાનો ઉપવાસ સમાપ્ત કરશે. પરંતુ સાથે જ આમિરે કહ્યું છે કે ફિલ્મ 3 ઈડિયટ્સ સોનમ વાંગચુક પર બની નથી. ફિલ્મ બનાવતી વખતે તે તેને ઓળખતા પણ નહોતા. લંડન ઈન્ડિયન ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ લગાનના સ્ક્રીનિંગ દરમિયાન આમિર ખાનને સોનમ વાંગચુક વિશે એક મહિલાએ પૂછ્યું, 'જ્યારે અમે મોટા થઈ રહ્યા હતા, ત્યારે અમારા પર તમારી ઊંડી અસર હતી. તમે પણ સોનમ વાંગચુકથી પ્રેરિત થયા છો.' આના પર આમિરે અટકાવતા કહ્યું, 'ના, આ એક ખોટી ધારણા છે. જ્યારે ફિલ્મ બની રહી હતી, ત્યારે હું સોનમને ઓળખતો પણ નહોતો. મેં હમણાં ચતુર (3 ઈડિયટ્સ અભિનેતા ઓમી વૈદ)નો વીડિયો જોયો, પણ તે ખોટા છે. ન તો રાજકુમાર હિરાણી, ન અમારા લેખક અને ન હું સોનમ વિશે જાણતા હતા. જોકે સોનમ દરેક રીતે સાચું કામ કરી રહ્યા છે. આપણે તેમનું અને તેમના કામનું સન્માન કરવું જોઈએ. સોનમ પોતે પણ કહી ચૂક્યા છે કે 3 ઈડિયટ્સનું પાત્ર તેમના પર આધારિત નથી.' આગળ આમિરે સોનમ વાંગચુકના ઉપવાસ પર કહ્યું, 'દરેક જણ તેમના સ્વાસ્થ્ય અને જીવન માટે ચિંતિત છે. અમને આશા છે કે બધું સારાથી સમાપ્ત થશે. આપણે બધાને એ જ આશા છે કે તેઓ ઉપવાસ સમાપ્ત કરે અને પોતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખે. એન્જિનિયર, શિક્ષણ સુધારક અને પર્યાવરણ કાર્યકર્તા સોનમ વાંગચુક 28 જૂનથી કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનમાં જ અનિશ્ચિતકાળની ભૂખ હડતાળ પર છે. તેઓ કથિત પરીક્ષા અનિયમિતતાઓ અને શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલા મુદ્દાઓને લઈને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. સતત ઉપવાસના કારણે તેના સ્વાસ્થ્ય બગડવાના સમાચાર સામે આવી રહ્યા છે.







# છૂટાછેડાની પ્રક્રિયા વચ્ચે બાળકો માટે ભાવુક થઈ સેલિના જેટલી

## અભિનેત્રીએ કહ્યુ- આઘાતે બધું છીનવી લીધું

મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ સેલિના જેટલી હાલમાં છૂટાછેડા અને બાળકોની કસ્ટડીની કાનૂની લડાઈ લડી રહી છે. તેમણે દાવો કર્યો હતો કે પતિએ બાળકોને કોઈ ગુપ્ત જગ્યાએ છુપાવી દીધા છે, જેથી તેઓ તેમને મળી ન શકે. થોડા સમય પહેલા એક્ટ્રેસ દિવંગત પુત્રની કબર પર ધ્રુસકે ધ્રુસકે રડતી જોવા મળી હતી. હવે તેણે બાળકો સાથે એક જૂનો વીડિયો શેર કરીને લખ્યું છે કે ટ્રોમા તેમની પાસેથી બધું જ છીનવી લીધું છે. સેલિના જેટલીએ ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી બાળકો સાથે મસ્તી કરતો એક જૂનો વીડિયો શેર કરીને લખ્યું છે કે, 'લોકો મને મજબૂત કહે છે, પરંતુ સત્ય એ છે કે પીડા અને આઘાતે મને ક્યારેય મજબૂત બનાવ્યો નથી. તેમણે મને વારંવાર તોડી, એટલી વાર કે એક દિવસ મારી પાસે પોતાને જોડતા શીખવા સિવાય કોઈ રસ્તો જ ન બચ્યો. અને જ્યારે-જ્યારે મને લાગે છે કે હવે હું સંભાળી ગઈ છું, ત્યારે જ કોઈ જૂનો ઘા ફરીથી રીસવા લાગે છે.' આગળ તેમણે લખ્યું, 'વીતી ગયેલી પળો અચાનક પાછી આવે છે. હૃદય ફરી એ જ દર્દથી ભરાઈ જાય છે, જાણે તે ફરીથી તૂટવાનું હોય. ત્યારે હું અટકી જાઉં છું. ઘોંઘાટથી થોડી દૂર જતી રહું છું. મારા દર્દથી થોડા પળ માટે અંતર બનાવી લઉં છું, ભાગવા માટે નહીં, પરંતુ પોતાને બચાવી રાખવા માટે.' 'હું મારા વિખરાયેલા ટુકડાઓને ફરીથી ભેગા કરું છું, એક ઊંડો શ્વાસ લઉં છું, અને ફરી એકવાર પોતાને સાજા કરવાની કોશિશ શરૂ કરી દઉં છું. ઘણીવાર લોકો કહે છે, 'તારું દર્દ જ તારી તાકાત બની ગયું.' હું ફક્ત સ્મિત કરું છું, કારણ કે સત્ય આનાથી બિલકુલ અલગ છે. આઘાતે મને મજબૂત નથી બનાવ્યો. તેણે મને તોડ્યો, મારા પાસેથી મારું ઘણું બધું છીનવી લીધું. એવા ઘા આપ્યા જે કોઈને દેખાતા નથી. અને મારે મારા જ એવા રૂપોનો શોક મનાવવો પડ્યો, જે હવે ક્યારેય સંપૂર્ણપણે પાછા નહીં આવે.' ભાવુક પોસ્ટના અંતે સેલિનાએ લખ્યું છે કે, 'જો આજે લોકો મારી તાકાતની પ્રશંસા કરે છે, તો તે પીડાની દેન નથી. તે તાકાત મારી પોતાની છે. દરેક વખતે, દરેક તૂટ્યા પછી, પોતાને ફરીથી ઊભા કરવાનો નિર્ણય મારો હતો. દરેક તે અંધકાર સામે ઊભા રહેવાનો નિર્ણય મારો હતો, જે મને મિટાવી દેવા માંગતો હતો.'

# અર્જુન કપૂરને પ્રપોઝ કરીને શરમાઈ ગઈ પેમેલા સેરેના

## રિયાલિટી ટીવી શોમાં રોજબરોજ નવા વળાંકો અને ડ્રામા જોવા મળે છે, જેના કારણે દર્શકો આ શો સાથે સતત જોડાયેલા છે

મુંબઈ

બાલાજી મોશન પિક્ચર્સે તેની આગામી ડેટ નાઈટ હોરર એન્ટરટેનર ફિલ્મ રાગિની 3નું શૂટિંગ શરૂ કરી દીધું છે. તમન્ના ભાટિયા અભિનીત આ ફિલ્મનું શૂટિંગ લંડનમાં શરૂ થયું છે અને ફિલ્મ 2027માં સિનેમાઘરોમાં રિલીઝ થશે. શશાંક ઘોષના દિગ્દર્શનમાં બની રહેલી રાગિની 3 લોકપ્રિય ભારતીય હોરર ફ્રેન્ચાઈઝીને એક નવા અને રોમાંચક અધ્યાયમાં લઈ જશે. હોરર, રોમાન્સ અને અનેક અણધાર્યા વળાંકોનું અનોખું મિશ્રણ આ ફિલ્મને એક નવી ઓળખ આપશે, સાથે જ ફ્રેન્ચાઈઝીની ઓળખ બનેલો સસ્પેન્સ અને થ્રિલ પણ જાળવી રાખશે. તમન્ના ભાટિયાએ ફિલ્મના પહેલા શેડ્યૂલનું શૂટિંગ લંડનમાં શરૂ કર્યું છે. કમર્શિયલ ફિલ્મો અને મજબૂત પાત્રો વચ્ચે સરળતાથી સંતુલન જાળવવા માટે જાણીતી તમન્ના આ વખતે એક એવા પાત્રમાં જોવા મળશે, જે રહસ્યમય પણ છે અને સંપૂર્ણ રીતે અણધાર્યું પણ છે. તેથી જ રાગિની 3 તેમના સૌથી વધુ રાહ જોવાતા પ્રોજેક્ટ્સમાંની એક માનવામાં આવી રહી છે. ફિલ્મના નિર્માતાઓની પ્રથમ અને એકમાત્ર પસંદગી તમન્ના ભાટિયા જ હતા, કારણ કે તેમનું માનવું હતું કે હોરર, રોમાન્સ અને હાસ્યના આ અનોખા મિશ્રણને પડદા પર સૌથી સારી રીતે તેઓ જ રજૂ કરી શકે. એકતા કપૂરની બાલાજી મોશન પિક્ચર્સ, જે બાલાજી ટેલિફિલ્મ્સ લિમિટેડનો એક વિભાગ છે, તેના બેનર હેઠળ બની રહેલી રાગિની 3નું શૂટિંગ હાલમાં લંડનમાં ચાલી રહ્યું છે. ફિલ્મની બાકીની સ્ટારકાસ્ટ અને વાર્તા અંગેની વધુ માહિતી આગામી મહિનાઓમાં જાહેર કરવામાં આવશે.



## શ્રેયસ-વિરાટની ફિફ્ટી એળે ગઈ, ઈંગ્લેન્ડે 234 રનનો ટાર્ગેટ 44.1 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને ચેઝ કરી

# ઈંગ્લેન્ડે ભારતને 4 વિકેટથી હરાવ્યું: જો રૂટ 99 રન

લંડન

ઈંગ્લેન્ડે બીજી વન-ડેમાં ભારતને 4 વિકેટથી હરાવીને ત્રણ મેચની સિરીઝ 1-1થી બરાબર કરી દીધી છે. ટીમે 234 રનનો ટાર્ગેટ 44.1 ઓવરમાં 6 વિકેટ ગુમાવીને ચેઝ કરી લીધો. જો રૂટ 99 રન બનાવીને નોટઆઉટ પરત ફર્યો. ગસ એટકિન્સને 16 બોલમાં અણનમ 23 રન બનાવ્યા. ભારત તરફથી જસપ્રીત બુમરાહે બેન ડકેટ, પ્રસિદ્ધ ક્રિષ્નાએ જેકબ બેથેલ, ગુરનૂર બરારે હેરી બ્રુક અને વિલ જેક્સ, શિવમ દુબેએ સેમ કરન, જ્યારે અક્ષર પટેલે જોસ બટલરની વિકેટ લીધી હતી. શરૂઆતી ઝટકાઓ છતાં રૂટે ઈનિંગ્સ સંભાળતા ઈંગ્લેન્ડને જીત અપાવી. આ પહેલાં ટૉસ હારતા પહેલી બેટિંગ કરતા ભારત 44 ઓવરમાં 233 રન પર ઓલઆઉટ થઈ ગયું હતું. શ્રેયસ અય્યર (66) અને વિરાટ કોહલી (65)એ ફિફ્ટીની ઈનિંગ્સ રમી હતી અને ચોથી



વિકેટ માટે 67 રનની ભાગીદારી કરી હતી. અંતમાં જસપ્રીત બુમરાહે અણનમ 20 રન બનાવીને ટીમને 230 રનને પાર પહોંચાડી હતી. ઈંગ્લેન્ડ તરફથી જોફ્રા આર્ચર અને ગસ એટકિન્સને 3-3 વિકેટ લીધી હતી. જો રૂટ સદીથી માત્ર એક રન દૂર રહી ગયો, પરંતુ તેની અણનમ 99 રનની મેચ વિનિંગ ઈનિંગ્સની મદદથી ઈંગ્લેન્ડે 44.1 ઓવરમાં 235/6 રન બનાવીને 4 વિકેટથી જીત મેળવી લીધી. જીત માટે જરૂરી ચોગ્ગો ગસ એટકિન્સને પ્રસિદ્ધ ક્રિષ્નાના શોર્ટ બોલ પર પુલ શોટ રમીને ફટકાર્યો. આ જીત સાથે જ ઈંગ્લેન્ડે 3 મેચની વન-ડે સિરીઝ 1-1થી બરાબર કરી દીધી છે. જસપ્રીત બુમરાહના શોર્ટ બોલ પર એટકિન્સને પુલ શોટ રમવાનો પ્રયાસ કર્યો. ટોપ એડ્જ વાગ્યો, પરંતુ બોલ વિકેટકીપર કે ફિલ્ડરના હાથમાં જવાને બદલે ફાઈન લેગ બાઉન્ડરીની બહાર સિક્સર માટે ચાલ્યો ગયો. જ્યારે ઈંગ્લેન્ડ મેચ પર પકડ મજબૂત કરતું દેખાઈ રહ્યું હતું, ત્યારે જ ગુરનૂર બરારે ભારતને વિકેટ અપાવી.

શોર્ટ ઓફ લેન્થ બોલ પર વિલ જેક્સ લેગ સાઈડ હટીને ઓફ સાઈડમાં મોટો શોટ રમવા માંગતો હતો, પરંતુ બોલ સીધો વિરાટ કોહલીના હાથમાં ચાલ્યો ગયો. જેક્સ 44 બોલમાં 30 રન બનાવીને આઉટ થયો. તેણે જો રૂટ સાથે છઠ્ઠી વિકેટ માટે 72 રનની ભાગીદારી કરી હતી. ઈંગ્લેન્ડ ધીમે-ધીમે ટાર્ગેટ તરફ આગળ વધી રહ્યું છે, એવામાં જસપ્રીત બુમરાહને પાછા બોલિંગ પર લાવવો જરૂરી બની ગયું છે. 35 ઓવર પછી ઈંગ્લેન્ડનો સ્કોર 167/5 છે અને તેને જીતવા માટે 15 ઓવરમાં 67 રનની જરૂર છે. ભારતે મેચમાં કમબેક કરવું હશે તો ઝડપથી વિકેટો ઝડપવી પડશે.

## લોડ્ર્સમાં મોટી ઈનિંગ્સ રમી શકે છે રોહિત: બેટિંગ કોચનું નિવેદન

લંડન

રોહિત શર્માના નિવૃત્તિની અટકળો વચ્ચે ભારતીય કોચ સિતાંશુ કોટકે કહ્યું- રોહિત ન તો દબાણમાં છે અને ન તો સંઘર્ષ કરી રહ્યો છે. તે લોડ્ર્સમાં મોટી ઈનિંગ્સ રમી શકે છે. એક દિવસ પહેલા એક રિપોર્ટમાં દાવો કર્યો હતો કે લોડ્ર્સ વન-ડે રોહિત શર્માના કરિયરની છેલ્લો વન-ડે હશે. ત્યારબાદ તેની નિવૃત્તિની અટકળો પણ શરૂ થઈ ગઈ હતી. કોટકે મેચ પછી કહ્યું, 'આજે પણ એવું લાગી રહ્યું હતું કે રોહિત મોટી ઈનિંગ્સ રમશે, પરંતુ તેમ થઈ શક્યું નહીં. પીચ પર બોલ પર અસામાન્ય ઉછાળો હતો. રોહિત જે શોટ્સ સામાન્ય રીતે સરળતાથી રમે છે, તેમાં તેને સહજતા અનુભવાઈ નહીં. આવું ઘણા બેટર્સ સાથે થાય છે. તમે લોડ્ર્સમાં રોહિત શર્માની બિલકુલ અલગ ઈનિંગ્સ જોઈ શકો છો.' યશસ્વી જયસ્વાલ કે ઈશાન કિશનને વન-ડે ટીમમાં તક મળવાની સંભાવના અંગે પૂછવામાં આવેલા સવાલ પર કોટકે કહ્યું કે તેઓ રોહિત માટે 'સંઘર્ષ' શબ્દનો ઉપયોગ નહીં કરે. કોટકે શુભમન ગિલ અને વિરાટ કોહલીનું ઉદાહરણ આપતા કહ્યું- પ્રથમ વન-ડેમાં ગિલ અને બીજી વન-ડેમાં કોહલીને સારી શરૂઆત મળી, જેના કારણે તેઓ મોટી ઈનિંગ્સ રમી શક્યા. પરંતુ, રોહિતને તેવી શરૂઆત મળી શકી નહીં.

### 2027ના વર્લ્ડ કપ માટે યશસ્વી જયસ્વાલને તૈયાર કરવાની યોજના

## લોર્ડ્સ વનડે બાદ ટીમ ઇન્ડિયામાંથી રજા અપાશે તેવી અટકળોથી ખળભળાટ

મુંબઈ

ભારતીય ક્રિકેટ ટીમના દિગ્ગજ બેટ્સમેન રોહિત શર્માના વનડે કરિયરને લઈને એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. ઈંગ્લેન્ડ સામે લોર્ડ્સમાં રમાનારી ત્રીજી વનડે મેચ બાદ રોહિત શર્માના વન ડે કરિયરનો અંત આવી શકે છે. BCCIના અંતરંગ સૂત્રોના જણાવ્યા અનુસાર, અજીત અગરકરની આગેવાની હેઠળની રાષ્ટ્રીય પસંદગી સમિતિ (સિલેક્શન કમિટી) હવે રોહિત શર્માને 50 ઓવરના ફોર્મેટમાં ટીમમાં સામેલ કરવાના મૂડમાં નથી. 2027ના વર્લ્ડ કપ માટે



યશસ્વી જયસ્વાલ પર પસંદગીનો કળશ! મળતી માહિતી મુજબ, પસંદગીકારો સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને નામિબિયામાં યોજાનારા 2027ના પુરુષ વનડે વર્લ્ડ કપ માટે અત્યારથી જ યુવા ઓપનર યશસ્વી જયસ્વાલને વધુમાં વધુ તક આપીને તૈયાર કરવા માંગે છે. BCCIના એક ઉચ્ચ સૂત્રએ ગુરુવારે જણાવ્યું કે, 'સિલેક્ટર્સે નિર્ણય કરી લીધો છે કે તેઓ હવે રોહિત શર્માને વનડે ટીમમાં સ્થાન નહીં આપે. જો તેઓ સન્માનજનક રીતે નિવૃત્તિ લેવા માંગતા હોય કે તુરંત સંન્યાસ ન લેવો હોય, તો તે તેમનો અંગત નિર્ણય રહેશે. પરંતુ મેસેજ એકદમ ક્લિયર છે કે રવિવારે લોર્ડ્સમાં રમાનારી મેચ ભારતીય જર્સીમાં રોહિતની છેલ્લી વનડે મેચ હોઈ શકે છે.' આ મોટા નિર્ણય પાછળ રોહિત શર્માનું તાજેતરનું ફોર્મ જવાબદાર હોવાનું મનાય છે. સોફિયા ગાર્ડન્સ ખાતે ઈંગ્લેન્ડ સામેની બીજી વનડેમાં તેણે 26 રન માટે ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો.

## સિંધુ જાપાન ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઇનલમાં

### ઓકુહારાએ વોકઓવર આપ્યો; હવે ચીનની ચેન યુફેઇ સામે રમશે

ટોક્યો

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ જાપાન ઓપન સુપર-750 બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. તેને ક્વાર્ટર ફાઈનલમાં પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન નોઆમી ઓકુહારાએ વોકઓવર આપ્યો હતો. સિંધુ 3 વર્ષ પછી કોઈ સુપર-750 ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી છે. આ પહેલા તે 2023 ડેનમાર્ક ઓપનની ટૉપ-4માં પહોંચી હતી. આ 2026 સીઝનમાં સિંધુની ત્રીજી સેમિફાઈનલ પણ છે. વર્ષની શરૂઆત તેણે વર્લ્ડ રેન્કિંગમાં 18મા સ્થાનેથી કરી હતી, પરંતુ શાનદાર પ્રદર્શનના જોરે હવે તે નવમા સ્થાને પહોંચી



ગઈ છે. સેમિફાઈનલમાં ચેન યુફેઈ સામે મેચ સેમિફાઈનલમાં સિંધુનો સામનો ચીનની પૂર્વ ઓલિમ્પિક ચેમ્પિયન અને વિશ્વ નંબર-4 ચેન યુફેઈ સામે થશે. ચેને ક્વાર્ટર ફાઈનલમાં દક્ષિણ કોરિયાની સિમ યુ જિનને 21-10, 21-12 થી હરાવીને અંતિમ ચારમાં સ્થાન બનાવ્યું. સિંધુ અને ચેન વચ્ચે અત્યાર સુધીમાં 14 મુકાબલા થયા છે, જેમાં ચીની ખેલાડી 8-6 થી આગળ છે. ખાસ વાત એ છે કે સિંધુ છેલ્લી પાંચ મેચમાં સતત ચેન સામે હારી ચૂકી છે. આવી સ્થિતિમાં, તેની પાસે આ હારના સિલસિલાને તોડવા અને લગભગ ત્રણ વર્ષ પછી કોઈ સુપર-750 ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચવાની સુવર્ણ તક હશે. ચીનની હાન યુને 35 મિનિટમાં હરાવીને ટૉપ-8માં પહોંચી પીવી સિંધુ વર્લ્ડ નંબર-5 ચીનની હાન યુને હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી હતી. તેણે બીજા રાઉન્ડના મુકાબલાને માત્ર 35 મિનિટમાં 21-16, 21-14થી જીતી લીધો. આ જીત સાથે સિંધુએ હાન યુ સામે પોતાનો હેડ-ટુ-હેડ રેકોર્ડ 8-1 કરી લીધો. ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી પીવી સિંધુ જાપાન ઓપન સુપર-750 બેડમિન્ટન ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. તેને ક્વાર્ટર ફાઈનલમાં પૂર્વ વર્લ્ડ ચેમ્પિયન નોઆમી ઓકુહારાએ વોકઓવર આપ્યો હતો. સિંધુ 3 વર્ષ પછી કોઈ સુપર-750 ટુર્નામેન્ટની સેમિફાઈનલમાં પહોંચી છે. આ પહેલા તે 2023 ડેનમાર્ક ઓપનની ટૉપ-4માં પહોંચી હતી. આ 2026 સીઝનમાં સિંધુની ત્રીજી સેમિફાઈનલ પણ છે. વર્ષની શરૂઆત તેણે વર્લ્ડ રેન્કિંગમાં 18મા સ્થાનેથી કરી હતી, પરંતુ શાનદાર પ્રદર્શનના જોરે હવે તે નવમા સ્થાને પહોંચી ગઈ છે. સેમિફાઈનલમાં ચેન યુફેઈ સામે મેચ સેમિફાઈનલમાં સિંધુનો સામનો ચીનની પૂર્વ ઓલિમ્પિક ચેમ્પિયન અને વિશ્વ નંબર-4 ચેન યુફેઈ સામે થશે.




### વિદેશી રોકાણકારોની અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર વેચવાલી

## મ્યુ. ફંડોની ખરીદી જ્યારે FIIની વેચવાલી

મુંબઈ

દેશના શેરબજારોમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઈઆઈ) જૂનમાં ભલે નેટ વેચવાલ રહ્યા હોય પરંતુ મ્યુચ્યુઅલ ફન્ડસ દ્વારા નાણાંકીય, આઈટી, એફએમસીજી તથા આરોગ્યસંભાળ ક્ષેત્રના શેરોમાં પોતાના ઈન્વેસ્ટમેન્ટમાં વધારો કરાયો હોવાનું ડીપોઝિટરીના ડેટા પરથી જણાય છે. નાણાંકીય સેવા ક્ષેત્રમાં ઈન્વેસ્ટમેન્ટ ટ્રેન્ડસ વિરોધાભાષી જોવા મળી રહ્યો છે. આ ક્ષેત્રમાં એફઆઈઆઈએ ગયા મહિને રૂપિયા ૧૨૪૫૩ કરોડના શેરોની વેચવાલી કરી હોવાનું એનએસડીએલના ડેટા જણાવે છે. બીજી બાજુ મ્યુચ્યુઅલ ફન્ડોએ આ ક્ષેત્રમાં રૂપિયા ૯૨૯૬ કરોડની ખરીદી કરી હોવાનું એસોસિએશન




ઓફ મ્યુચ્યુઅલ ફન્ડસની ઈન્ડિયા (એમ્ફી)ના ડેટા જણાવે છે. નાણાંકીય સેવા ક્ષેત્રમાં ફન્ડોએ કોટક મહિન્દ્રા બેન્ક, ફેડરલ બેન્ક, બજાજ ફાઈનાન્સ જેવા શેરોમાં પોતાના હોલ્ડિંગમાં વધારો કર્યો છે. આવીજ સ્થિતિ આઈટી ક્ષેત્રમાં જોવા મળી રહી છે જેમાં એફઆઈઆઈએ રૂપિયા ૭૪૪૦ કરોડના શેરો વેચ્યા છે જ્યારે ફન્ડોની આ ક્ષેત્રમાં રૂપિયા ૧૭૦૦ કરોડની ખરીદી રહી છે. આઈટી ક્ષેત્રમાં એચસીએલ ટેક, ટાટા કેટનોલોજીસ તથા ટેક મહિન્દ્રા વગેરે ફન્ડો માટે પસંદગીના રહ્યા છે. જો કે તેમણે એલએન્ડટી, સિયેન્ટ, પરસિસ્ટન્ટ સિસ્ટમ્સમાં ઓફ્ફલોડિંગ કર્યું હોવાનું પણ પ્રાપ્ત ડેટા જણાવે છે. એફએમસીજીમાં પણ ફન્ડોની રૂપિયા ૩૫૪૫ કરોડની લેવાલી રહી છે જ્યારે એફઆઈઆઈની રૂપિયા ૫૬૦૦ કરોડની વેચવાલી આવી છે. આવી જ સ્થિતિ આરોગ્યસંભાળ ક્ષેત્રના શેરોમાં જોવા મળી છે. હેલ્થકેરમાં મ્યુચ્યુઅલ ફન્ડોની રૂપિયા ૫૧૪૦ કરોડની ખરીદી રહી છે, જ્યારે વિદેશી ફન્ડોની રૂપિયા ૪૯૭૫ કરોડની વેચવાલી આવી હોવાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે.

### સરકારે ₹1.90 ટ્રિલિયનની નાણાકીય સહાયની જાહેરાત કરી

## વૈશ્વિક આંચકાઓને ધ્યાનમાં રાખી આયાત નિર્ભરતા ઘટાડવા કવાયત

મુંબઈ

ડોલર સામે રૂપિયા પર આવી રહેલા દબાણને ધ્યાનમાં રાખી સરકાર દેશમાં આયાત નિર્ભરતા ઘટાડવા ઉદ્યોગોને પ્રોત્સાહન પૂરા પાડવાના માર્ગો શોધી રહી છે. વડા પ્રધના કચેરીએ કેટલાક મંત્રાલયોને એવા માલસામાનની યાદી તૈયાર કરવા સૂચના આપી છે જેની આયાત ઊંચી છે, એમ સરકારી સુત્રોએ જણાવ્યું હતું. આ આયાત ઘટાડી ઘરઆંગણે ઉત્પન્ન થતા સમાન પ્રકારના માલ ખરીદવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા વિચારાઈ રહ્યું છે. ભારતની અંદાજે ૭૭૫ અબજ ડોલરની આયાતમાંથી ૩૯૮ અબજ ડોલર જેટલી આયાત એવી છે જે સ્થાનિક ઉત્પાદકો પૂરી પાડી શકે એમ છે. આમાંથી ટેકસટાઈલથી સોલાર પેનલ્સના ઉત્પાદનમાં




મહત્વના કાચા માલ તરીકે જે આઈટમ્સ વપરાય છે તેનો આંક ૫૧ અબજ ડોલર થવા જાય છે જેને તાત્કાલિક ઉકેલ માટે હાથ ધરાશે. ઘરઆંગણે ઉત્પાદન વધારવા સરકાર સબ્સિડીસ તથા અન્ય પ્રોત્સાહનો વિચારી રહી છે. વાણિજ્ય મંત્રાલય ૧૦૦ કરતા વધુ માલસામાનની યાદી તૈયાર કરી રહ્યું છે જેની મોટી માત્રામાં દેશમાં આયાત થાય છે. ખાસ કરીને ઈલેકટ્રોનિકસ, કેમિકલ્સ, ખાતર, સેમીકન્ડકટર્સ વગેરેની ભારત મોટેપાયે આયાત કરે છે. આયાત પર નિયંત્રણ લાવવા સરકાર એન્ટી ડમ્પિંગ ડયૂટી જેવા પગલાં લેતી રહે છે, તેમ છતાં ચોક્કસ ક્ષેત્રોમાં હજુપણ વિદેશી માલસામાનનો વ્યાપક ઉપયોગ થઈ રહ્યો હોવાનું સુત્રોએ વધુમાં જણાવ્યું હતું. બુધવારે લીધેલા એક કેબિનેટ નિર્ણયમાં સરકારે ચીપ તથા સ્માર્ટફોનનું ઘરઆંગણે ઉત્પાદન વધારવા રૂપિયા ૧.૯૦ ટ્રિલિયનની વધુ નાણાંકીય સહાયની જાહેરાત કરી છે. આ ઉપરાંત ઘરઆંગણે ખાતરનું ઉત્પાદન વધારવા પણ સરકાર પ્રયત્નશીલ છે.

### પરિણામો જાહેર થાય તે પહેલા રિલાયન્સનો શેર 2.5% વધ્યો

## સેન્સેક્સ 964 અંક વધીને 78,151 પર બંધ, બેંકિંગ, IT-ઓટો શેરોમાં સૌથી વધુ ખરીદી

### રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ જેવા હેવીવેઇટ શેરોમાં જોરદાર ખરીદીને કારણે, સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં ટ્રેડિંગ સેશન દરમિયાન 1 ટકાથી વધુનો ઉછાળો નોંધાયો

મુંબઈ

આજ એટલે કે શુક્રવાર, 17 જુલાઈના રોજ સેન્સેક્સ 964 પોઈન્ટના ઉછાળા સાથે 78,151ના સ્તરે બંધ થયો. નિફ્ટીમાં પણ 261 પોઈન્ટનો ઉછાળો જોવા મળ્યો, તે 24,334 પર બંધ થયો. આજના કારોબારમાં IT, ઓટો અને બેન્કિંગ શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી.

પરિણામો જાહેર થાય તે પહેલા રિલાયન્સનો શેર 2.5% વધ્યો રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના જૂન ક્વાર્ટર (Q1 FY27)ના પરિણામો આજે બજાર બંધ થયા પછી જાહેર થવાના છે. આ પરિણામોની જાહેરાત પહેલા રિલાયન્સનો શેર 2.5%ના ઉછાળા સાથે 1,328ના સ્તરે બંધ થયો. છેલ્લા કેટલાક સમયથી મુકેશ અંબાણીની આ કંપનીનો સ્ટોક સતત દબાણમાં જોવા મળ્યો છે. આ શેર છેલ્લા 1 મહિનામાં 1%, 3 મહિનામાં 3.5%, 6 મહિનામાં 6% અને છેલ્લા 1



વર્ષમાં લગભગ 10% સુધી ઘટ્યો છે. શેરબજાર ગઈકાલે એટલે કે 16 જુલાઈએ ફ્લેટ બંધ થયું. સેન્સેક્સ 1 અંકના વધારા સાથે 77,186 ના સ્તરે બંધ થયો. જ્યારે નિફ્ટી 5 અંક ઘટીને 24,072 ના સ્તરે પહોંચ્યો. રિયલ્ટી શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી. ક્ષેત્રીય સૂચકાંકોની દ્રષ્ટિએ, નિફ્ટી આઈટી સૌથી વધુ વધ્યો હતો, જેમાં 1 ટકાથી વધુનો વધારો નોંધાયો હતો. નિફ્ટી બેંક પણ લગભગ 1 ટકા મજબૂત થયો હતો. જોકે, વ્યાપક બજારમાં સમાન સ્તરની મજબૂતાઈ જોવા મળી ન હતી; નિફ્ટી મિડકેપ 100 અને નિફ્ટી સ્મોલકેપ 100 સૂચકાંકોમાં અનુક્રમે 0.61 ટકા અને 0.86 ટકાનો ઘટાડો નોંધાયો હતો.

સેન્સેક્સના શેરોમાં, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (RIL) એ સૌથી વધુ વધારો નોંધાવ્યો, જે 2 ટકાથી વધુ વધ્યો. શુક્રવારે જાહેર થનારા કંપનીના પ્રથમ ત્રિમાસિક પરિણામો પહેલા રોકાણકારો શેર પર નજર રાખી રહ્યા છે. વધુમાં, TCS, કોટક મહિન્દ્રા બેંક, ટેક મહિન્દ્રા, હિન્દુસ્તાન યુનિલિવર, એક્સિસ બેંક, ઈન્ફોસિસ, HDFC બેંક, મહિન્દ્રા અને મહિન્દ્રા, HCL ટેક અને ICICI બેંકના શેરમાં પણ 1 ટકાથી વધુનો વધારો નોંધાયો. આ હેવીવેઇટ શેરોમાં ખરીદીની પ્રવૃત્તિએ બજારના ઉપરના વેગને પ્રોત્સાહન આપ્યું.

## ચાર મહિના સકારાત્મક રહ્યા પછી મેમાં ચોખ્ખો FDI પ્રવાહ નકારાત્મક


- **મે મહિનામાં ચોખ્ખો વિદેશી પોર્ટફોલિયો રોકાણ આઉટફ્લો વધીને 4.7 બિલિયન ડોલર થયો**

મુંબઈ

ચાર મહિના સુધી સકારાત્મક રહ્યા પછી, મે મહિનામાં ચોખ્ખો વિદેશી પ્રત્યક્ષ રોકાણ (એફડીઆઈ) પ્રવાહ ફરી નકારાત્મક બન્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા ડેટા મુજબ, મે મહિનામાં ચોખ્ખો એફડીઆઈ પ્રવાહ ૦.૧ બિલિયન ડોલર હતો, જે એક વર્ષ પહેલા ૦.૯ બિલિયન ડોલર નો ચોખ્ખો પ્રવાહ હતો. એપ્રિલમાં ચોખ્ખો એફડીઆઈ પ્રવાહ ૬.૬ બિલિયન ડોલરની લગભગ પાંચ વર્ષની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. એપ્રિલ-મે સમયગાળા માટે, ચોખ્ખો FDI પ્રવાહ હજુ પણ વાર્ષિક ધોરણે ૬.૫ બિલિયન ડોલર હતો. ગયા વર્ષે ઓગસ્ટથી ડિસેમ્બર સુધી સતત પાંચ મહિના સુધી ચોખ્ખો એફડીઆઈ પ્રવાહ નકારાત્મક રહ્યો હતો કારણ કે પ્રત્યાવર્તન અને બાહ્ય એફડીઆઈમાં વધારો થયો હતો. તાજેતરના મહિનાઓમાં કુલ એફડીઆઈ પ્રવાહ સ્થિતિસ્થાપક રહ્યો છે, પરંતુ ૨૦૨૫ ના બીજા ભાગમાં ચોખ્ખા એફડીઆઈ પ્રવાહમાં વધારો અર્થતંત્ર માટે ચિંતાજનક રહ્યો હતો. વિદેશી સીધા રોકાણમાં તીવ્ર ઘટાડો અને વિદેશી પોર્ટફોલિયો રોકાણના પ્રવાહમાં વધારો થવાથી ભારતના ચુકવણી સંતુલનને મે મહિનામાં ૪.૪ બિલિયન ડોલરની ખાધમાં ધકેલી દેવામાં આવ્યું, જે એક વર્ષ પહેલા ૪.૪ બિલિયન ડોલર સરપ્લસ હતું. એપ્રિલમાં દેશમાં ૬.૬ બિલિયન ડોલરની ચુકવણી સંતુલન ખાધ નોંધાઈ હતી.

# અમદાવાદમાં 2,720 કરોડના વિકાસ પ્રોજેક્ટ્સને મંજૂરી મળી

## 1690 કરોડનો શહેરની ગટર લાઈનના પુનર્વસન પાછળ ખર્ચ કરાશે




અમદાવાદ

રાજ્યના આર્થિક પાટનગર અને હૃદય સમાન અમદાવાદ શહેરમાં લાખો લોકોને પીવાનું શુદ્ધ પાણી, ડ્રેનેજ નેટવર્ક, ગ્રીન એનર્જી અને ટ્રાફિકની સમસ્યાને સુધારવા માટે અર્બન ચેલેન્જ ફંડ અંતર્ગત 6 મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ માટે કુલ 2,720 કરોડની મંજૂરી આપવામાં આવી છે. મેયર હિતેશ બારોટે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર દ્વારા અમદાવાદને દેશના અગ્રણી શહેરોમાં સ્થાન આપીને 2,720 કરોડના વિકાસ કાર્યોને મંજૂરી આપવામાં આવી છે, જે સમગ્ર શહેર માટે ગૌરવની બાબત છે. શહેરના વર્ષો જૂના ભૂગર્ભ ગટર નેટવર્કના પુનર્વસન માટે મળેલી મંજૂરીથી શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લાંબા ગાળે મોટો લાભ મળશે. આ યોજના હેઠળ કુલ ખર્ચના 50 ટકા હિસ્સાની જવાબદારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે, જ્યારે 25 ટકા સહાય ગુજરાત સરકાર અને 25 ટકા સહાય કેન્દ્ર સરકાર તરફથી મળશે, જે શહેરના વિકાસ માટે મહત્વપૂર્ણ સહયોગ સાબિત થશે.

### ₹680-680 કરોડ ગુજરાત સરકાર અને કેન્દ્ર સરકાર આપશે

મ્યુનિસિપલ કોર્પોરેશનના સિટી એન્જિનિયર (WRM) વિભાગના વિજય પટેલે પ્રોજેક્ટની વિગતો આપતાં જણાવ્યું હતું કે કુલ 2,720 કરોડના આ પ્રોજેક્ટમાં કોર્પોરેશનના હિસ્સાની 50 ટકા રકમ માટે બેંક ઓફ બરોડા તથા વર્લ્ડ બેંક પાસેથી લોન લેવામાં આવશે, જ્યારે અંદાજે 680 કરોડ ગુજરાત સરકાર અને 680 કરોડ કેન્દ્ર સરકાર તરફથી સહાયરૂપે પ્રાપ્ત થશે.

### 1,690 કરોડ ગટર લાઈનના પુનર્વસન પાછળ ખર્ચાશે

તેમણે જણાવ્યું હતું કે મંજૂર થયેલા પ્રોજેક્ટ્સમાં સૌથી મોટો હિસ્સો શહેરના જૂના ગટર નેટવર્કના પુનર્વસનનો છે. પશ્ચિમ વિસ્તારમાં 25 વર્ષથી વધુ જૂની થઈ ગયેલી અને વારંવાર બ્રેકડાઉન તથા સેટલમેન્ટની સમસ્યા ઊભી કરતી ગટર લાઈનોના પુનર્વસન માટે 850 કરોડ, પૂર્વ વિસ્તાર માટે 550 કરોડ તેમજ બ્રિટિશકાળથી કાર્યરત મધ્ય અને દક્ષિણ ઝોનની જૂની ગટર લાઈનોના પુનર્વસન માટે 290 કરોડની યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે.

### વોટર-ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો સહિતની સુવિધાઓ SCADA સાથે જોડાશે

આ ઉપરાંત શહેરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્માર્ટ વોટર મેનેજમેન્ટ સિસ્ટમ વિકસાવવામાં આવશે. આ અંતર્ગત અંડરપાસ, સ્ટોર્મ વોટર પમ્પિંગ સ્ટેશનો, ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ (STP), સ્ટોર્મ ડ્રેનેજ પમ્પિંગ સ્ટેશનો સહિતની તમામ સુવિધાઓને SCADA સિસ્ટમ સાથે જોડવામાં આવશે. જેના પરિણામે રિયલ-ટાઈમમાં કેટલા પમ્પ કાર્યરત છે, તેમની ક્ષમતા, કામગીરીની કાર્યક્ષમતા અને સમગ્ર સિસ્ટમનું સ્માર્ટ મોનિટરિંગ શક્ય બનશે.

### સ્લજમાંથી બાયોગેસ અને ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરાશે

પશ્ચિમ ઝોન માટે મંજૂર કરાયેલી 480 કરોડની ઈન્ટિગ્રેટેડ સ્લજ મેનેજમેન્ટ ફેસિલિટી હેઠળ ગટર શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થતા સ્લજનું વૈજ્ઞાનિક રીતે સંચાલન કરવામાં આવશે. બાયો-રેમેડિએશન પ્રક્રિયા દ્વારા સ્લજમાંથી બાયોગેસ અને ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરવામાં આવશે, જે પર્યાવરણ સંરક્ષણ સાથે સર્ક્યુલર ઈકોનોમીને પણ પ્રોત્સાહન આપશે.

# અમદાવાદમાં Uberની 'ઈન્ટરસિટી બાઈક' સર્વિસ સામે ભયંકર આક્રોશ

## ઓનલાઈન કંપનીઓની નવી ચાલ, રિક્ષા-ટેક્સી ચાલકો કંગાલ

અમદાવાદ

અમદાવાદના રિક્ષા અને ટેક્સી ચાલકોના પેટ પર લાત મારવા માટે ઓનલાઈન કેબ કંપનીઓએ હવે નવો કારસો રચ્યો છે. માર્કેટમાં ટકી રહેવા અને અંદરોઅંદરની સ્પર્ધામાં કમાણી કરવા માટે Uber કંપનીએ હવે અમદાવાદમાં ટુ-વ્હીલર (બાઈક) ઉપર 'ઈન્ટરસિટી' એટલે કે એક શહેરમાંથી બીજા શહેરમાં જવાની સર્વિસ સરેઆમ શરૂ કરી દીધી છે. આ આત્મઘાતી નિર્ણય સામે અમદાવાદના રિક્ષા ચાલકો અને ટેક્સી ડ્રાઈવરોમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે. આ અન્યાય સામે હવે ડ્રાઈવર આલમમાંથી જ એકતા ઊભી કરવા અને જાગ્રત થવા માટેની સિંહગર્જના થઈ રહી છે. સ્થાનિક ટેક્સી અને રિક્ષા ડ્રાઈવરોના જણાવ્યા અનુસાર, આ કંપનીઓ ડ્રાઈવરોને જગાડવા અને તેમનું શોષણ કરવા માટે રોજ નવા અખતરા કરે છે. એક તરફ પહેલેથી જ કમિશનના નામે લૂંટ ચલાવીને ડ્રાઈવરોને રેટ ઓછો આપવામાં આવી રહ્યો છે, ત્યાં વળી બાઈક ઈન્ટરસિટી શરૂ કરીને ટેક્સી ચાલકોનો હક છીનવવામાં આવી રહ્યો છે. ડ્રાઈવરો આક્રોશ સાથે ચેતવણી આપી રહ્યા છે કે, 'જો આજે આપણે એક થઈને Uberની આ મનમાનીનો વિરોધ નહીં કરીએ, તો કાલે ઓલા (Ola) ચાલુ કરી દેશે, પરમદિવસે ભારત ટેક્સી અને પછી રેપિડો (Rapido) પણ આ જ ધંધો શરૂ કરી દેશે! જો આવું થયું તો આપણો આખોય રોજીરોટીનો ધંધો સદંતર ચોપટ થઈ જશે.'



આ વિવાદ વચ્ચે ડ્રાઈવર એકતા મંચ અને અગ્રણી ચાલકો દ્વારા સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ કરીને પોતાની જ બિરાદરીને ઢંઢોળવામાં આવી રહી છે. વીડિયોમાં ડ્રાઈવરો આક્રોશપૂર્વક પૂછી રહ્યા છે કે, 'અમદાવાદની અંદર ટેક્સી ચાલકોમાં એકતા જ કેમ નથી? કેમ આપણો ડ્રાઈવર હજુ સુધી જાગતો નથી? જ્યારે આપણા પેટનો સવાલ છે, ત્યારે આપણે ક્યાં સુધી આ જોહુકમી સહન કરતા રહીશું?' આ વીડિયોને સોશિયલ મીડિયા પર એટલી ઝડપથી શેર કરવામાં આવી રહ્યો છે.

# ભગવાન કે માત્ર રમકડું?

## બજારમાં મળતી સિલિકોનની 'બાળકૃષ્ણ'ની પ્રતિકૃતિઓ સનાતન ધર્મ મુજબ કેટલી યોગ્ય?

અમદાવાદ

આજકાલ સોશિયલ મીડિયા અને બજારમાં સિલિકોન કે અન્ય હાઈ-ટેક મટીરીયલથી બનેલી શ્રીકૃષ્ણ-લાલાની એવી પ્રતિકૃતિઓ (ડોલ્સ) ધૂમ મચાવી રહી છે, જે આબેહૂબ જીવતા નવજાત બાળક જેવી દેખાય છે. લોકો તેને લડ્ડુ ગોપાલ સમજીને ઘરમાં લાવી રહ્યા છે, રીલ બનાવી રહ્યા છે અને હરખાઈ રહ્યા છે. પરંતુ, શું આ સનાતન ધર્મની પરંપરા છે ખરી? ભક્તિના નામે શરૂ થયેલો આ નવો ટ્રેન્ડ આપણી ધાર્મિક સંસ્કૃતિ અને મૂર્તિ વિજ્ઞાનના નિયમો સાથે કેટલો સુસંગત છે, તે હવે એક મોટો વિવાદ અને ચર્ચાનો વિષય બન્યો છે. જ્યારે આ બાબતે સનાતની પંથના પ્રખર ધર્માચાર્યો, વેદાંતિક વિદ્વાનો અને વૈષ્ણવ સંપ્રદાયના અગ્રણીઓ પાસેથી મંતવ્ય લેવામાં આવ્યા, ત્યારે એક ચોંકાવનારું અને આંખ ઉઘાડનારું સત્ય સામે આવ્યું છે. ધર્મગુરુઓના



જણાવ્યા અનુસાર, સનાતન ધર્મમાં મૂર્તિ પૂજા માટે ચોક્કસ ધાતુઓ (સોનું, ચાંદી, પિત્તળ, અષ્ટધાતુ) અથવા પથ્થર (શાલિગ્રામ) અને લાકડા (જગન્નાથજી) નો જ ઉલ્લેખ છે. સિલિકોન કે પ્લાસ્ટિક જેવા કૃત્રિમ મટીરીયલથી બનેલી પ્રતિકૃતિઓમાં શાસ્ત્રોક્ત વિધિથી પ્રાણપ્રતિષ્ઠા કે સેવાનો ભાવ જાગ્રત થઈ શકતો નથી.

આ માત્ર મનોરંજન અને પશ્ચિમી સંસ્કૃતિની 'રીબોર્ન ડોલ' નકલ છે, જે લાલાના ભક્તિભાવને ઠેસ પહોંચાડે છે! આજકાલ ઘણા લોકો આવી સિલિકોનની મૂર્તિઓને કપડાં પહેરાવી, ટ્રેન્ડિંગ ગીતો પર વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વ્યુઝ મેળવવાનું સાધન બનાવી રહ્યા છે. સનાતની વિદ્વાનો આક્રોશ સાથે પૂછી રહ્યા છે કે, જે પ્રભુ આખી સૃષ્ટિના પાલનહાર છે, તેમને એક પ્લાસ્ટિકની ઢીંગલીની જેમ રમાડવા અને કેમેરા સામે પ્રદર્શન કરવું તે ક્યાંનો ન્યાય છે? શ્રદ્ધા હૃદયનો વિષય છે, લાઈક્સ અને કમેન્ટ્સ મેળવવાનું હથિયાર નહીં!

# અમદાવાદના વેપારીએ જાતે 'ડિટેક્ટિવ' બની પત્નીનું જીમ ફ્રેન્ડ સાથેનું લફરું પકડ્યું

અમદાવાદ

અમદાવાદના પોશ વિસ્તારમાંથી એક એવો ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેણે પવિત્ર ગણાતા લગ્નજીવનના સંબંધો પર સવાલિયા ચિહ્નો ઊભા કરી દીધા છે. તંદુરસ્ત રહેવા માટે જીમમાં જતી આધેડ વયની પત્નીને ત્યાં જ એક 'જીમ ફ્રેન્ડ' સાથે આંખ મળી ગઈ હતી. આ અફેરની ગંધ આવતા જ પતિએ જાતે જ ગુપ્તચર (ડિટેક્ટિવ) બનીને પત્નીનો પીછો કર્યો અને જે સત્ય સામે આવ્યું તેનાથી વેપારી પતિના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. સમાજમાં થનારી ભયંકર બદનામીના ડરથી આ પ્રતિષ્ઠિત વેપારી હાલ ભારે ડિપ્રેશનમાં સરી પડ્યા છે. મળતી વિગતો અનુસાર, અમદાવાદના એક જાણીતા વેપારીની પત્ની છેલ્લા કેટલાક સમયથી જીમમાં જતી હતી. જીમમાં જ તેની મુલાકાત એક યુવક સાથે થઈ અને બંને વચ્ચે મિત્રતા પ્રેમમાં બદલાઈ ગઈ. પત્ની ઘરમાં કલાકો સુધી ગુપ્ત રીતે ફોન પર પ્રેમાલાપ કરતી હતી, જેના કારણે પતિને શંકા ગઈ હતી. આ શંકાના આધારે પતિએ પત્નીની હરકતો પર નજર રાખવાનું શરૂ કર્યું. એક દિવસ પત્ની પોતાના જીમ ફ્રેન્ડ સાથે કારમાં નીકળી પડી, અને વેપારી પતિ પણ ડિટેક્ટિવ બનીને પાછળ-પાછળ કડીઓ જોડતો ગયો. આ આખોય આશિકીનો ખેલ અમદાવાદથી છેક રાજસ્થાન બોર્ડર સુધી પહોંચ્યો હતો. પતિએ પીછો ચાલુ રાખ્યો અને રાજસ્થાન બોર્ડર નજીક એકાંત જગ્યાએ કારમાં પત્નીને તેના જીમ ફ્રેન્ડ સાથે રોમાન્સ કરતા રંગેહાથ ઝડપી પાડી હતી.

ખાખીનો માનવતાવાદી અને પ્રેરણાદાયી ચહેરો!

# રથયાત્રાના રૂટ પર IPS અધિકારીઓથી લઈને જવાનોએ હાથમાં ઝાડુ પકડ્યું!

અમદાવાદ

અમદાવાદની જગવિખ્યાત રથયાત્રા માત્ર ભક્તિ અને આસ્થાનો મહોત્સવ નથી, પરંતુ તે વ્યવસ્થા અને સમર્પણની પણ એક મોટી કસોટી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ લાખો શ્રદ્ધાળુઓ ભગવાન જગન્નાથના દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. પરંતુ આ વખતે રથયાત્રાના રૂટ પરથી એક એવી તસવીર સામે આવી છે જેણે સમગ્ર દેશનું દિલ જીતી લીધું છે. સુરક્ષાની ચુસ્ત જવાબદારી વચ્ચે અમદાવાદ પોલીસે રથયાત્રાના માર્ગો પર જાતે જ સફાઈ અભિયાન હાથ ધર્યું હતું.

સૌથી મોટી અને ગૌરવ લેવા જેવી બાબત એ હતી કે આ સફાઈ અભિયાનમાં માત્ર નીચલા સ્તરના કર્મચારીઓ જ નહીં, પરંતુ ઉચ્ચ હોદ્દો ધરાવતા IPS અધિકારીઓ પણ રસ્તા પર ઉતરી આવ્યા હતા. કોઈ પણ જાતના સંકોચ વિના, 'ખાખી'ના ઉચ્ચ અધિકારીઓએ પોતાના હાથમાં ઝાડુ પકડ્યું અને



રથયાત્રાના માર્ગ પર એકઠો થયેલો કચરો સાફ કરવાનું શરૂ કર્યું. અધિકારીઓને આ રીતે કામ કરતા જોઈને સામાન્ય પોલીસ જવાનો અને સ્થાનિક નાગરિકોનો ઉત્સાહ પણ બમણો થઈ ગયો હતો. કાયદો અને વ્યવસ્થા જાળવવાની સાથે પોલીસે સાબિત કરી દીધું કે તેઓ જનતાના સાચા સેવક છે.

ગુજરાત પોલીસના આ પ્રેરણાદાયી કાર્યની ગૂંજ છેક દિલ્હી સુધી પહોંચી છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર પોલીસ જવાનોની સફાઈ કરતી તસવીરો અને પોસ્ટ શેર કરીને તેમની કામગીરીના મુક્તકંઠે વખાણ કર્યા છે. પીએમ મોદીએ લખ્યું કે, ફરજની સાથે સાથે સામાજિક જવાબદારી અને સ્વચ્છતા પ્રત્યેની આ પ્રતિબદ્ધતા ખરેખર પ્રશંસનીય અને દેશના અન્ય વિભાગો માટે પ્રેરણારૂપ છે. વડાપ્રધાનની આ પોસ્ટ બાદ સોશિયલ મીડિયા પર ગુજરાત પોલીસ પર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે.

# કોંગ્રેસ કોર્પોરેટરના ભત્રીજાની લુખ્ખાગીરી : પેટ્રોલ છાંટી બગી સળગાવી, ઘોડાઓનું સ્થાનિકો દ્વારા રેસ્ક્યૂ કરાયું

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા ગોમતીપુરમાં અસામાજિક તત્વો બેફામ બન્યા છે. ગોમતીપુરના સલાટ નગર પાસે અંગત અદાવતમાં જાહેર રોડ પર મૂકેલી ઘોડાગાડીની બગીને પેટ્રોલ છાંટી સળગાવી દેવામાં આવી હતી, તેમજ ઘોડા રાખવાના તબેલામાં પણ આગ લગાડવાનો પ્રયાસ કરાયો હતો. સ્થાનિક મહિલાનો આક્ષેપ છે કે ગોમતીપુર વોર્ડના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરના ભત્રીજા અને તેના સાથીઓએ આ આતંક મચાવ્યો છે. આગ લગાવવાની આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે ગોમતીપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. ભોગ બનનાર સ્થાનિક મહિલા શહેનાઝ સંધિના જણાવ્યા અનુસાર, 16 જુલાઈની મોડીરાત્રે જ્યારે ઘોડાની બગી પર સૂતો નોકર જમવા ગયો હતો, ત્યારે જ તકનો લાભ લઈને ફરદિન અને અન્ય ત્રણ શખ્સોએ ત્યાં આવીને પેટ્રોલ છાંટી આગ લગાડી દીધી હતી. જોકે, સ્થાનિક લોકોએ તાત્કાલિક એકઠા થઈને પાણીનો મારો ચલાવ્યો હતો અને સમયસૂચકતા વાપરીને તબેલામાંથી ઘોડાઓને સુરક્ષિત બહાર કાઢી લીધા હતા. પીડિત મહિલાએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, તેમના પુત્રો જ્યારે મીરા દાતાર જઈ રહ્યા હતા, ત્યારે આ શખ્સોએ તેમના પર તલવાર વડે હુમલો કરવાનો પણ પ્રયાસ કર્યો હતો. આ મામલે જ્યારે પરિવાર રાત્રે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા ગયો, ત્યારે જ પાછળથી તેમના ઘર પાસે આગ લગાડવાની આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો.

# અમદાવાદ રથયાત્રામાં હાથીના પગ બાંધવાનો વિવાદ વકર્યો: મંદિર પ્રશાસન અને મહાવત જેલ ભેગા થશે?

અમદાવાદ

અષાઢી બીજના પવિત્ર દિવસે અમદાવાદમાં નીકળેલી પ્રભુ જગન્નાથજીની ભવ્ય રથયાત્રા સંપન્ન થઈ ગઈ છે, પરંતુ આ ઉત્સવ પૂરો થતાં જ એક મોટો કાનૂની અને નૈતિક વિવાદ ફાટી નીકળ્યો છે. રથયાત્રાની શોભા વધારતા ગજરાજો (હાથીઓ) પૈકી એક હાથીના પગ લોખંડની સાંકળોથી ક્રૂરતાપૂર્વક બાંધી રાખવામાં આવ્યા હોવાની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ પશુપ્રેમીઓમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને જાણીતા પશુ અધિકાર કાર્યકર્તા મેનકા ગાંધીએ આ ઘટનાને તીખા શબ્દોમાં વખોડીને તેને 'ડબલ અત્યાચાર' ગણાવ્યો છે. આજે પાક્કો ગુજરાત ન્યૂઝ ના આ સ્પેશિયલ 'ગુજરાત એક્સપ્લેનર'માં આપણે સમજીશું કે વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ અને



એનિમલ ક્રૂરતા કાયદા હેઠળ આ ગુનો કેટલો ગંભીર છે અને શું મહાવત કે મંદિરના સંચાલકોને જેલની સજા થઈ શકે છે? આ આખા મામલે પ્રતિક્રિયા આપતા મેનકા ગાંધીએ આક્રોશ વ્યક્ત કર્યો છે કે, એક તરફ અસહ્ય ગરમી અને કોંક્રિટના રોડ પર વિશાળ જનમેદની વચ્ચે પશુને ચલાવવું એ જ એક માનસિક અત્યાચાર છે. તેની ઉપર, તેના પગને સાંકળોથી જકડીને તેને મુક્ત રીતે હલનચલન પણ ન કરવા દેવું તે પશુ પ્રત્યે ક્રૂરતાની પરાકાષ્ઠા છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે ધાર્મિક પરંપરાઓના નામે પશુઓ પર થતો આવો અત્યાચાર કોઈ પણ કાળે ચલાવી લેવાય નહીં. ભારતીય કાયદા મુજબ હાથી એ 'શેડ્યૂલ-૧' (Schedule-I) નું સંરક્ષિત પ્રાણી છે. એટલે કે જે કાયદો સિંહ, વાઘ અને ચિત્તાને બચાવવા માટે લાગુ પડે છે, એ જ કાયદો હાથીના રક્ષણ માટે પણ છે. * જંગલી જાનવરનો શિકાર સમાન ગુનો: વાઈલ્ડલાઈફ પ્રોટેક્શન એક્ટ (Wildlife Protection Act, 1972) ની કલમો અનુસાર, કોઈ પણ સંરક્ષિત પ્રાણીને બંધક બનાવવું, તેને શારીરિક યાતના આપવી કે તેના કુદરતી વ્યવહારને રોકવો, તે કાનૂની ભાષામાં 'શિકાર' (Hunting/Cruelty) ની વ્યાખ્યામાં આવી શકે છે.

# બાપુનગરમાં ખૂની ખેલ ખેલનાર 'નવાબ'ની શાન ઠેકાણે લાવતી પોલીસ: જે જગ્યાએ કાળજું કંપાવ્યું, ત્યાં જ કાયદાનું ભાન કરાવ્યું!

અમદાવાદ

અમદાવાદના પૂર્વ વિસ્તારને ધ્રુજાવી દેનારા ગુનાહિત તત્વો સામે અમદાવાદ શહેર પોલીસે લાલ આંખ કરી છે. બાપુનગર વિસ્તારમાં સરાજાહેર ખૂનનો ખેલ ખેલીને કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકનારા આરોપી આકાશ ઉર્ફે નવાબ રામનિવાસ રાઠોડની હેડકી બાપુનગર પોલીસે બેસાડી દીધી છે. જે વિસ્તારમાં આરોપી પોતાને 'નવાબ' સમજીને દાદાગીરી કરતો હતો, તે જ ગુનાવાળી જગ્યાએ જાહેરમાં તેનું રિકન્સ્ટ્રક્શન કરાવીને પોલીસે ગુનેગારોમાં કાયદાનો ભય વ્યાપી દીધો છે.



બાપુનગર પોલીસ સ્ટેશનના જાંબાઝ કાફલાએ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે આરોપી આકાશ ઉર્ફે નવાબને એ જ લોકેશન પર ઊભો રાખ્યો જ્યાં તેણે આ જઘન્ય હત્યાકાંડને અંજામ આપ્યો હતો. પોલીસે ઘટનાસ્થળે જઈને ગુનાનું આખું સીન રિકન્સ્ટ્રક્શન કર્યું હતું. ઘટના સમયે આરોપી ક્યાંથી આવ્યો, કઈ રીતે હુમલો કર્યો અને કઈ દિશામાં ભાગ્યો, તે તમામ કડીઓ પોલીસે સ્થળ પર મેળવી લીધી છે. જાહેરમાં પોલીસનો આ કડક અંદાજ જોઈને પંથકના માથાભારે તત્વોના પંજા ઢીલા થઈ ગયા છે.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI